'સસ્તું' સાહિત્ય' એટલે ઓછામાં ઓછું સાહિત્ય

મહાવાક્યરત્નાવલિ

[ઈશાવાસ્ય વગેરે ૧૦૮ ઉપનિષદોનાં વાક્યોનો સંગ્રહ]

અનુવાદક :
શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

રૂ. ૫–૫૦

'સસ્તું' સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

મહાવાક્યરત્નાવલિ

[ઈશાવાસ્ય વગેરે ૧૦૮ ઉપનિષદોનાં વાક્યોનો સંગ્રહ]

અનુવાદક :

શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

રૂ. ૫–૫૦

સંવત ૨૦૩૯ : : ઈ. સ. ૧૯૮૨

આવૃત્તિ	સને	પ્રત
૧ લી	૧૯૪૫	૧૫૦૦
૨ જી	૧૯૫૯	૧૫૦૦
૩ જી	૧૯૮૨	૧૫૦૦

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય : ભદ્ર : અમદાવાદ

નિવેદન

આ પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે.

ઈશાવાસ્ય વગેરે ૧૦૮ ઉપનિષદોના સારરૂપ આ પુસ્તક છે.

શ્રી રામચન્દ્રેન્દ્ર સ્વામીએ ઉપનિષદોમાંથી કેટલાંક મૂળ મહાવાક્યોના સંગ્રહરૂપે આ ગ્રંથ તૈયાર કરેલો. તેઓ શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી વાસુદેવેન્દ્ર સરસ્વતીના શિષ્ય હતા. તેમણે આ ગ્રંથમાં કેટલાંક વાક્યો મૂળમાં ઘણો જ ફેરફાર કરીને પણ ગોઠવેલાં છે; તેથી આવાં કેટલાંક વાક્યો મૂળ સાથે અક્ષરશઃ નહીં મળે. જે જે વાક્યો અક્ષરશઃ જે જે ઉપનિષદોમાંથી લેવાયાં છે, તે જાણવા પુસ્તકની છેવટે પરિશિષ્ટ આપેલું છે. જે ફેરફારવાળાં વાક્યો છે, તે 'महावाक्यरत्नावलि'નાં વાક્યો તરીકે પરિશિષ્ટમાં બતાવેલ છે, 'उपनिषद्वाक्यमहाकोश' નામના ગ્રંથમાં પણ એવાં વાક્યોને 'महावाक्यरत्नावलि' નાં વાક્યો તરીકે ગણ્યાં છે.

આ ગ્રંથનાં મહાવાક્યોનું ભાષાંતર બને તેટલું સરળ અને ભાવવાહી થાય, એ માટે બનતી પૂરતી કાળજી લેવાઈ છે; તેમ જ છેવટે આપેલું પરિશિષ્ટ પણ ભારે શ્રમ લઈ તૈયાર કરેલું છે.

આ સંસ્થા તરફથી બૃહદારણ્યક ઉપનિષદ, ઈશ ને કેન ઉપનિષદ, મુંડકોનિષદ, કઠોપનિષદ, માંડૂક્ય ઉપનિષદ, શ્વેતાશ્વતર ઉપનિષદ, તૈત્તિરીય ઉપનિષદ, પ્રશ્નોપનિષદ, ઐતરેય ઉપનિષદ તથા ઉપનિષદ-નવનીત (શંકરાચાર્યના ભાષ્ય તથા ગૌડપાદીયકારિકાઓ સહિત)ની અનેક આવૃત્તિઓ પ્રસિદ્ધ થયેલ છે અને તે બધાં હાલ પ્રાપ્ય છે.

આશા છે કે આ પુસ્તક મુમુક્ષુઓ તથા ધર્મજિજ્ઞાસુઓને ઘણું જ ઉપયોગી થઈ પડશે.

એચ. એમ. પટેલ
તા. ૧૫-૨૧-'૮૨
પ્રમુખ : સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ

અનુક્રમણિકા

*

પાંચ શાંતિપાઠો

वाक्-पूर्ण-सहना-प्यायं-भद्रंकर्णेभिरेव च ।
पञ्च शान्तीः पठित्वादौ पठेद् वाक्यान्यनन्तरम् ॥ १ ॥

'ॐ वाङ्मे०' એ પહેલી શાંતિ; 'ॐ पूर्णमदः०' એ બીજી શાંતિ; 'ॐसहना०' એ ત્રીજી શાંતિ; 'ॐ आप्यायन्तु०' એ ચોથી શાંતિ; 'ॐ भद्रंकर्णेभिः०' એ પાંચમી શાંતિ;–આ પાંચે શાંતિઓનો પ્રથમ પાઠ કરીને પછી આ મહાવાક્યરત્નાવલિમાં આપેલાં ઉપનિષદનાં વાક્યોનો પાઠ કરવો જોઈએ.

એ પાંચ શાંતિઓ નીચે પ્રમાણે છે:

૧

ॐ वाङ्मे मनसि प्रतिष्ठिता मनो मे वाचि प्रतिष्ठितमाविरावीर्म एधि । वेदस्य म आणीस्थः श्रुतं मे मा प्रहासीरनेनाधीतेनाहोरात्रान्संदधाम्यृतं वदिष्यामि सत्यं वदिष्यामि तन्मामवतु तद्वक्तारमवतु अवतु मामवतु वक्तारमवतु वक्तारम् ॥ ॐ शांतिः शांतिः शांतिः ॥[1]

ॐ મારી વાણી મનમાં સ્થિર થાઓ; મારું મન વાણીમાં સ્થિર થાઓ. હે પરમાત્મન્! મારી સમીપ પ્રકટ થાઓ. હે વાણી અને મન! તમે બન્ને મને વેદનું જ્ઞાન પમાડો છો; મારું શાસ્ત્રીય જ્ઞાન મને ન તજો; કેમ કે એ

---
[1] ઋગ્વેદ-ઐતરેય-આરણ્યક ૨-૭-૧

શાસ્ત્રજ્ઞાન સાથે દિવસરાત હું જોડાયેલો રહું છું; હું ઋત[1] બોલીશ, સત્ય બોલીશ; તે પરબ્રહ્મ મારી રક્ષા કરો; મારા ગુરુની રક્ષા કરો; મારું પાલન કરો, મારા ગુરુનું પાલન કરો, ગુરુનું રક્ષણ કરો. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ!

૨

ॐ पूणमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥ ॐ शांतिः शांतिः शांतिः ॥[2]

ॐ એ બ્રહ્મ પૂર્ણ છે; આ જીવતત્ત્વ પૂર્ણ છે; પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ–જીવતત્ત્વ પ્રકટે છે. પૂર્ણ–બ્રહ્મના પૂર્ણ સ્વરૂપને ગ્રહણ કરીને પૂર્ણ જ–પરબ્રહ્મ બાકી રહે છે.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ!

૩

ॐ सह नाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै ।
तेजस्वि नावधीतमस्तु । मा विद्विषावहै । ॐ शांतिः शांतिः शांतिः ॥[3]

ॐ પરબ્રહ્મ અમારું બન્ને ગુરુશિષ્યનું સાથે રક્ષણ કરો; અમારું બન્ને ગુરુશિષ્યનું સાથે પાલન કરો; અમે બન્ને સાથે સામર્થ્ય કરીએ; અમારું બન્નેનું અધ્યયન તેજસ્વી

---

૧ 'ऋत'નો અર્થ સત્ય અને પ્રિય વાણી એવો થાય છે. 'सत्य'નો અર્થ બ્રહ્મવિચાર એવો થાય છે.

૨ શુક્લયજુર્વેદ–બૃહદારણ્યક–ઉપનિષદ ૫–૧–૧

૩ કૃષ્ણયજુર્વેદ–કઠોપનિષદ ૨–૩–૧૯

બનો; અમે બન્ને પરસ્પર દ્વેષ ન કરીએ. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ!

૪

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राणश्चक्षुःश्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मौपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्वनिराकरणं मे अस्तु तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि सन्तु । ॐ शांतिः शांतिः शांतिः ।[1]

ॐ મારાં અંગો, વાણી, પ્રાણ, નેત્ર, કાન, બળ અને બીજી સર્વ ઇંદ્રિયો પુષ્ટ થાઓ. આ સર્વ, ઉપનિષદોમાં કહેલું બ્રહ્મ જ છે. હું બ્રહ્મનો અનાદર ન કરું અને બ્રહ્મ મારો અનાદર ન કરો. એમ અનાદર દૂર થાઓ, અનાદર દૂર થાઓ. તે બ્રહ્મ મારામાં હો. જે ધર્મો ઉપનિષદોમાં કહ્યા છે, તે આત્મામાં આસક્ત એવા મારા વિષે હો!

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ!

૫

ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवाः । भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिः । व्यशेम देवहितं यदायुः ।[2]

ॐ હે પૂજ્ય દેવો! અમે કાન વડે કલ્યાણ સાંભળીએ; આંખથી મંગળ જોઈએ; અને મજબૂત અંગો વડે સૂક્ષ્મ

---

૧ સામવેદ–કેન–ઉપનિષદ

૨ અથર્વવેદ–નૃસિંહપૂર્વતાપનીય–ઉપનિષદ

રહસ્યવાળી શ્રુતિઓથી અમે સ્તુતિ કરીએ. અમારું જે આયુષ દેવોએ નક્કી કર્યું હોય તેને અમે સંપૂર્ણ ભોગવીએ.

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः । स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥
ॐ शांतिः शांतिः शांतिः ॥[1]

વધેલી કીર્તિવાળા ઇંદ્રદેવ અમારું કલ્યાણ કરો; બધું જાણનારા પૂષાદેવ અમારું કલ્યાણ કરો; અસ્ખલિત ગતિવાળા ગરુડ અમારું કલ્યાણ કરો; અને બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ !

॥ इति पञ्च शांतयः ॥

---

૧ મહાનારાયણોપનિષદ ૫–૩; ઋ. મં. ૧–૮૯–૬; સામવેદ ૨–૧૨–૨૫; વા. સં. ૨૫–૧૯; તૈ. આ. ૧–૧–૧

મહાવાક્યરત્નાવલિ

॥ मंगलाचरण ॥

ॐ श्रीमद्विश्वाधिष्ठानाय परमहंसाय नमः ॥

ૐ શ્રીમાન સર્વના આશ્રયરૂપ પરમાત્માને પ્રણામ હો.

પ્રકરણ ૧ લું

વિધિવાક્યો

सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्तउपासीत ॥ १ ॥

આ સર્વ જગત બ્રહ્મ જ છે; કારણ કે તે બ્રહ્મથી જ ઉત્પન્ન થાય છે, બ્રહ્મમાં જ લય પામે છે અને બ્રહ્મને લીધે જ જીવી રહ્યું છે; માટે શાંત–રાગદ્વેષાદિથી રહિત થઈ તે બ્રહ્મની જ ઉપાસના કરવી. ૧

आत्मानमेवावेदहं ब्रह्मास्मीति ॥ २ ॥

(ગુરુના ઉપદેશ પછી) પોતાના આત્માને જ ' હું બ્રહ્મ છું ' એમ શિષ્યે જાણ્યું. ૨

आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मंतव्यो निदिध्यासितव्यः ॥ ३ ॥

અથવા અરે મૈત્રેયી ! આત્મા જ સાક્ષાત્કાર કરવા યોગ્ય, સાંભળવા યોગ્ય, જાણવા યોગ્ય અને નિશ્ચયપૂર્વક ધ્યાન કરવા

યોગ્ય છે. ૩

महत्पदं ज्ञात्वा वृक्षमूले वसेत् ॥४॥

(સંન્યાસીએ) મહાન પદ–પરબ્રહ્મને જાણ્યા પછી વૃક્ષના મૂળ પાસે રહેવું. ૪

सच्चिदानन्दमात्मानमद्वितीयं ब्रह्म भावयेत् ॥५॥

સચ્ચિદાનંદસ્વરૂપ આત્માને અદ્વિતીય પરબ્રહ્મસ્વરૂપ જ જાણવો. ૫

अहं ब्रह्मास्मीत्यनुसंधानं कुर्यात् ॥६॥

'હું બ્રહ્મ છું' એમ ચિંતન કરવું. ૬

स तज्ज्ञो बालोन्मत्तपिशाचवज्जडवृत्त्या लोकमाचरेत् ॥७॥

પરબ્રહ્મને જાણનારો તે–બ્રહ્મજ્ઞાની બાળક, ઉન્મત અને પિશાચની પેઠે જડતાવાળું વર્તન દેખાડી લોકમાં ફરે. ૭

(ततो) ब्राह्मणः समाहितो भूत्वा तत्त्वंपदैक्यमेव सदाभ्यसेत् ॥८॥

(પછી) બ્રહ્મવેત્તા પુરુષે સમાધિનિષ્ઠ થઈ–ચિત્તને એકાગ્ર કરી, 'तत्त्वमसि' હે જીવ! તું તે નિરુપાધિ પરબ્રહ્મ જ છો; તેથી જુદો નથી જ, એમ પરબ્રહ્મ સાથેની એકતાનો જ સદા અભ્યાસ કરવો. ૮

सर्वत्राद्वैतब्रह्मबुद्धिं कुर्यात् ॥९॥

સર્વમાં અદ્વૈત બ્રહ્મબુદ્ધિ કરવી. ૯

आशाम्बरो न नमस्कारो न स्वाहाकारो न स्वधाकारो न निंदास्तुतिर्यादृच्छिको भवेत् ॥१०॥

દિશારૂપી વસ્ત્રવાળો, કોઈના નમસ્કારની દરકાર નહિ

કરતો, 'स्वाहा' શબ્દથી યુક્ત દેવકાર્યો નહિ કરતો, 'स्वधा' શબ્દથી યુક્ત પિતૃકાર્યો નહિ કરતો અને કોઈની નિંદા કે સ્તુતિને લક્ષ્યમાં ન લેતો સંન્યાસી દૈવેચ્છાએ જે કંઈ મળી આવે તેનાથી નિર્વાહ કરનારો હોય. ૧૦

सर्वतः स्वरूपमेव पश्यन् जीवन्मुक्तिमवाप्य प्रारब्धप्रतिभासनाशपर्यन्तं स्वरूपानुसंधानेन वसेत् ॥११॥

સર્વસ્થળે આત્મસ્વરૂપને જ જોતો સંન્યાસી જીવન્મુક્તિ મેળવીને પ્રારબ્ધકર્મના ઉદયનો નાશ થાય ત્યાં સુધી આત્મસ્વરૂપનું ચિંતન કરતો યોગ્ય સ્થળે રહે. ૧૧

स्वरूपानुसंधानं विनान्यथाचारपरो न भवेत् ॥१२॥

(સંન્યાસીએ) આત્મસ્વરૂપના ચિંતન વિના બીજા કોઈ પણ આચારમાં તત્પર ન થવું–તે સિવાય બીજું કંઈ પણ ન કરવું. ૧૨

वेदान्तश्रवणं कुर्वन्योगं समारमेत् ॥१३॥

વેદાંતશાસ્ત્રનું શ્રવણ કરતાં કરતાં યોગનો આરંભ કરવો–વેદાંત અને યોગ (એ) બન્નેનો સાથે અભ્યાસ કરવો. ૧૩

आकुञ्चनेन कुण्डलिन्याः कपाटमुद्घाट्य मोक्षारं विभेदयेत् ॥

કુંડલિનીનો સંકોચ કરી (તેની ઉપરના ભાગમાં રહેલા નાના છિદ્રરૂપી) કમાડને ઉઘાડી, મોક્ષનો દરવાજો ખુલ્લો કરવો–બ્રહ્મસાક્ષાત્કાર કરવો. ૧૪

यच्छेद्वाङ्मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि ।
ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि ॥१५॥

જ્ઞાની વાણીનો મનમાં લય કરે, મનનો જ્ઞાનરૂપ

બુદ્ધિમાં લય કરે, બુદ્ધિનો મહાન આત્મા(મહત્તત્ત્વ)માં લય કરે અને તેનો શાંત આત્મા(પરમાત્મા)માં લય કરે. ૧૫

आत्मानं चेद्विजानीयादयमस्मीति पूरुषः।
किमिच्छन्कस्य कामाय शरीरमनुसंज्वरेत् ॥१६॥

'આ પુરુષ (પરમાત્મા) હું જ છું.' એમ પોતાને જો જાણે તો કયા ફળની કામના માટે કઈ વસ્તુને ઇચ્છીને મનુષ્ય શરીરની પાછળ હેરાન થાય? અર્થાત્ પોતાને પરમાત્મસ્વરૂપ માનતો આત્મા શરીરના દુઃખથી દુઃખી ન જ થાય. ૧૬

तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः।
नानुध्यायाद्बहून्शब्दान्वाचो विग्लापनं हि तत् ॥१७॥

બ્રહ્મનિષ્ઠ બુદ્ધિમાન પુરુષ તે(આત્મા)ને જ જાણીને જ્ઞાન મેળવે, ઘણા શબ્દોનો વિચાર ન કરે; કેમ કે તે તો વાણીને થકવનાર જ છે. ૧૭

यतो निर्विषयस्यास्य मनसो मुक्तिरिष्यते।
अतो निर्विषयं नित्यं मनः कार्यं मुमुक्षुणा ॥१८॥

આ મન જો વિષયથી રહિત થાય, તો જ તેની મુક્તિ વિદ્વાનોએ માની છે; માટે મુમુક્ષુએ નિત્ય મનને વિષયરહિત કરવું. ૧૮

चित्तमेव हि संसारस्तत्प्रयत्नेन शोधयेत् ॥१९॥

ચિત્ત એ જ સંસાર છે; માટે કાળજીથી તે ચિત્તને જ શુદ્ધ કરવું. ૧૯

दृश्यं ह्यदृश्यतां नीत्वा ब्रह्माकारेण चिन्तयेत् ॥२०॥

દેખાતા આ જગતને અદૃશ્ય બનાવી, કેવળ બ્રહ્મના આકારે ચિંતવવું; અર્થાત્ દેખાતું આ જગત કેવળ બ્રહ્મનું જ સ્વરૂપ છે એવો વિચાર કરવો. ૨૦

मायाकार्यमिमं भेदमस्ति चेद्ब्रह्मभावनम्।
देहोऽहमिति दुःखं चेद्ब्रह्माहमिति निश्चयः ॥२१॥

માયાનું કાર્ય આ (સંસારરૂપ) ભેદ જો ભાસે છે, તો બ્રહ્મની ભાવના કરવી–બધું બ્રહ્મરૂપ જ છે, એમ ચિંતવવું; તેથી તે ભેદ નહિ ભાસે; અને તે જ પ્રમાણે 'દેહ તે હું છું' એમ માનવાથી જો દુઃખ અનુભવાતું હોય તો 'હું બ્રહ્મ છું' એવો નિશ્ચય કરવો; તેથી તે મિથ્યાભિમાનથી થતું દુઃખ દૂર થશે. ૨૧

हृदयग्रन्थिरस्तित्वे छेदने ब्रह्मचक्रकम्।
संशये समनुप्राप्ते ब्रह्मनिश्चयमाप्नुयात् ॥२२॥

'સંસાર છે' એવી માન્યતામાં હૃદયની અજ્ઞાનરૂપ ગાંઠ જ કારણ છે; તે ગાંઠને કાપવામાં બ્રહ્મજ્ઞાનરૂપી ચક્ર ઉપયોગી છે. કોઈ સંશય પ્રાપ્ત થાય, ત્યારે બ્રહ્મરૂપ નિશ્ચયનો આશ્રય કરવો. ૨૨

विज्ञेयोऽक्षरतन्मात्रो जीवितं चापि चञ्चलम्।
विहाय शास्त्रजालानि यत्सत्यं तदुपास्यताम् ॥२३॥

જેનું પ્રમાણ અવિનાશી–અનંત છે, તે પરમાત્મા જ ખાસ જાણવા યોગ્ય છે અને જીવન તો ચંચળ છે; માટે શાસ્ત્રોના સમૂહો છોડી દઈ, જે સત્ય વસ્તુ છે તેની જ

ઉપાસના કરો–તે જાણવાને જ પ્રયત્ન કરો. ૨૩

यस्य स्त्री तस्य भोगेच्छा निस्त्रीकस्य क भोगभूः ।
स्त्रियं त्यक्त्वा जगत्त्यक्तं जगत्त्यक्त्वा सुखी भवेत् ॥२४॥

જેની પાસે સ્ત્રી છે, તેને ભોગની ઇચ્છા થાય છે; પણ જે સ્ત્રીરહિત હોય તેને ભોગનું સ્થાન ક્યું છે? (કોઈ જ નથી;) જેણે સ્ત્રી તજી છે, તેણે જગત તજ્યું છે અને જગતને તજીને સુખી થાય છે. ૨૪

चित्तं कारणमर्थानां तस्मिन्सति जगत्त्रयम् ।
तस्मिन्क्षीणे जगत्क्षीणं तच्चिकित्स्यं प्रयत्नतः ॥२५॥

વિષયોનું અથવા સર્વ પદાર્થોનું કારણ ચિત્ત જ છે; અને તે ચિત્ત હોય તો ત્રણે ય જગત છે; માટે તેનો નાશ થાય, તો જગતનો નાશ થયો છે; તેથી પ્રયત્નપૂર્વક એ ચિત્તના જ નાશ માટે ઉપાય કરવો. ૨૫

सुप्तेरुत्थाय सुप्त्यन्तं ब्रह्मैकं प्रविचिन्त्यताम् ॥२६॥

સૂઈને ઊઠવાથી છેક સૂતા સુધી કેવળ એક બ્રહ્મનો જ વિચાર કરો. ૨૬

गच्छंस्तिष्ठन्नुपविशञ्छयानो वान्यथापि वा ।
यथेच्छया वसेद्विद्वानात्मारामः सदा मुनिः ॥२७॥

મનનશીલ વિદ્વાન મનુષ્યે જતાં, ઊભતાં, બેસતાં, સૂતાં અથવા બીજા કોઈ પણ પ્રકારે પોતાની ઇચ્છા પ્રમાણે સદા આત્મામાં જ રમણ કરતા રહેવું. ૨૭

ज्योतिर्लिङ्गं भ्रुवोर्मध्ये नित्यं ध्यायेत्सदा यतिः ॥२८॥

સંયમશીલ મનુષ્યે બે ભમરની વચ્ચે સદાકાળ રહેતું

પરમાત્માના ચિહ્નરૂપ તેજનું નિત્ય ધ્યાન કરવું. ૨૮

आत्मानमात्मनः साक्षाद्ब्रह्म बुद्ध्वा सुनिश्चलम् ।
देहजात्यादिसंबन्धान्वर्णाश्रमसमन्वितान् ॥
वेदशास्त्रपुराणानि पदपांसुमिव त्यजेत् ॥२९॥

પોતાના આત્માને અતિ નિશ્ચયપૂર્વક બ્રહ્મ જાણી, તે પછી વર્ણ તથા આશ્રમ સહિત દેહ, જાતિ, વગેરેના સંબંધોનો તથા વેદ, શાસ્ત્ર, પુરાણોનો પગ ઉપરની ધૂળની પેઠે ત્યાગ કરવો; અર્થાત્ બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી વર્ણાશ્રમોની કે વેદશાસ્ત્રો વગેરેની કંઈ જરૂર નથી. ૨૯

एकाकी निःस्पृहस्तिष्ठेन्न हि केन सहालपेत् ।
दद्यान्नारायणेत्येवं प्रतिवाक्यं सदा यतिः ॥३०॥

સંન્યાસીએ નિઃસ્પૃહ બની એકલા જ રહેવું; કોઈની સાથે બોલવું નહિ, અને દરેક વાક્યની પૂર્વે 'नारायण' એ પદ સદા મૂકવું; અર્થાત્ પ્રત્યેક વાક્ય 'नारायण' એમ પ્રથમ ઉચ્ચારીને જ બોલવું. ૩૦

मुनिः कौपीनवासाः स्यान्नग्नो वा ध्यानतत्परः ॥३१॥

સંન્યાસીએ લંગોટરૂપે (એક જ) વસ્ત્ર રાખવું અથવા નગ્ન રહેવું; અને આત્મધ્યાનમાં જ તત્પર થવું. ૩૧

अध्यात्मरतिरासीनो निरपेक्षो निराशिषः ।
आत्मनैव सहायेन सुखार्थी विचरेदिह ॥३२॥

સંન્યાસીએ આત્મામાં જ રમણ કરતા બેસી રહેવું; કોઈની દરકાર રાખવી નહિ, કોઈની પણ આશા ન રાખવી; અને કેવળ આત્માની જ સહાયથી સુખની ઇચ્છા રાખી,

આ પૃથ્વી પર ફરવું. ૩૨

संदिग्धः सर्वभूतानां वर्णाश्रमविवर्जितः ।
अन्धवज्जडवच्चापि मूकवच्च महीं चरेत् ॥ ३३ ॥

સંન્યાસીએ આંધળાની પેઠે, જડની પેઠે અને મૂગાની પેઠે પૃથ્વી પર ફરવું. ૩૩

यद्यत्पश्यति चक्षुर्भ्यां तत्तदात्मेति भावयेत् ।
यद्यच्छृणोति कर्णाभ्यां तत्तदात्मेति भावयेत् ॥
लभते नासया यद्यत्तत्तदात्मेति भावयेत् ।
जिह्वया यद्रसं ह्यत्ति तत्तदात्मेति भावयेत् ॥
त्वचा यद्यत्स्पृशेद्योगी तत्तदात्मेति भावयेत् ॥ ३४ ॥

નેત્રો વડે જે જે જુએ, કાન વડે જે જે સાંભળે, નાક વડે જે જે સૂંઘે, જીભ વડે જે જે રસનો સ્વાદ લે અને ચામડી વડે જે જે વસ્તુનો સ્પર્શ કરે; તે તે સર્વને યોગીએ આત્મારૂપ જ જાણવાં. ૩૪

दृष्टिं ज्ञानमयीं कृत्वा पश्येद्ब्रह्ममयं जगत् ॥ ३५ ॥

દૃષ્ટિને જ્ઞાનમય કરી જગતને બ્રહ્મમય જોવું. ૩૫

द्रष्टृदर्शनदृश्यानां विरामो यत्र वा भवेत् ।
दृष्टिस्तत्रैव कर्तव्या न नासाग्रावलोकिनी ॥ ३६ ॥

અથવા જ્યાં જોનાર, જોવું અને જોવાયોગ્ય એ ત્રણે બંધ પડે–ત્રણે ન દેખાય–ત્યાં જ દૃષ્ટિ કરવી; પણ નાકના ટેરવાને જોનારી દૃષ્ટિ ન કરવી; અર્થાત્ અભેદદર્શન, અથવા બધે બ્રહ્મદર્શન એ જ સાચું દર્શન છે; પણ નાકને

ટેરવે દૃષ્ટિ રાખી ધ્યાન કરવા છતાં ભેદદૃષ્ટિ દૂર ન થાય, તો તેનો કંઈ અર્થ નથી. ૩૬

देवाभ्यगारे तरुमूले गुहायां वसेदसङ्गोऽलक्षितशीलवृत्तः ।
निरिन्धनज्योतिरिवोपशान्तो न चोद्विजेदुद्विजेद्यत्र कुत्र ॥ ३७ ॥

(સંન્યાસીએ) દેવમંદિરમાં, અગ્નિશાળામાં, વૃક્ષના મૂળ પાસે અથવા ગુફામાં રહેવું; ત્યાં પણ કોઈનો સંગ ન રાખવો; પોતાનો સ્વભાવ અને વર્તન કોઈને જણાવા ન દેવાં; લાકડાં કે અગ્નિ ન રાખવાં; શાંત રહેવું અને ઉદ્વેગ ન કરવો. (આ સિવાય) હરકોઈ સ્થળે તો ઉદ્વેગ થાય જ. ૩૭

शान्तो दान्त उपरतस्तितिक्षुर्योऽनूचानो ह्यभिजज्ञौ समानः ।
त्यक्तेषणो ह्यनृणस्तं विदित्वा मौनी वसेदाश्रमे यत्र कुत्र ॥ ३८ ॥

જેણે અંગ સહિત વેદોનું સંપૂર્ણ અધ્યયન કર્યું હોય, તેણે અંદરની ઇંદ્રિયોનો જય કરી, બહારની ઇંદ્રિયો પર કાબૂ મેળવી, વિષયોથી ઉપરામ પામવું; ક્ષમાશીલ થવું; સર્વ તરફથી જે કંઈ પ્રાપ્ત થાય તેના ઉપર સમાન ભાવ રાખવો; સર્વ ઇચ્છાઓનો ત્યાગ કરવો; દેવઋણ વગેરેથી રહિત થઈ, તે પરમાત્માને જાણી, મૌનવ્રત સ્વીકારી, હરકોઈ આશ્રમમાં રહેવું. ૩૮

यमैश्च नियमैश्चैव ह्यासनैश्च सुसंयतः ।
नाडीशुद्धिं च कृत्वादौ प्राणायामं समाचरेत् ॥ ३९ ॥

યમો, નિયમો તથા આસનો વડે સારી રીતે સંયમી થયેલા મનુષ્યે પ્રથમ નાડીઓની શુદ્ધિ કરીને પ્રાણાયામ કરવો. ૩૯

सर्वचिन्तां परित्यज्य सावधानेन चेतसा ।

निर्विकल्पः प्रसन्नात्मा प्राणायामं समाचरेत् ॥ ४० ॥

સર્વ ચિંતાને ત્યજી સંકલ્પ–વિકલ્પોથી રહિત થઈને પ્રસન્ન મનવાળા પુરુષે એકાગ્ર ચિત્તે પ્રાણાયામ કરવો. ૪૦

मरुदभ्यसनं सर्वं मनोयुक्तं समभ्यसेत् ।

इतरत्र न कर्तव्या मनोवृत्तिर्मनीषिणा ॥ ४१ ॥

વાયુનો સર્વ અભ્યાસ મન સહિત જ હોવો જોઈએ; અર્થાત્ પ્રાણાયામનો સંપૂર્ણ અભ્યાસ મનની એકાગ્રતા સાથે જ થવો જોઈએ; બુદ્ધિમાન યોગીએ (પ્રાણાયામના અભ્યાસસમયે) બીજા કોઈ વિષયમાં મનની વૃત્તિ કરવી નહિ. ૪૧

પ્રકરણ ૨જું

બંધ–મોક્ષવાક્યો

देहादीनात्मत्वेनाभिमन्यते सोऽभिमान आत्मनो बन्धः ॥ १ ॥

જે મિથ્યાભિમાન દેહ વગેરે (આત્માથી જુદા પદાર્થો)ને આત્મારૂપે માને છે તે આત્માને બંધનરૂપ છે. ૧

तन्निवृत्तिर्मोक्षः ॥ २ ॥

તે મિથ્યાભિમાન દૂર થવું એ જ મોક્ષ છે. ૨

देवमनुष्याद्युपासनाकामसंकल्पो बन्धः ॥ ३ ॥

દેવ, મનુષ્ય વગેરેની સેવા કરવાના મનોરથનો જે સંકલ્પ તે બંધન છે. ૩

कर्तृत्वाद्यहंकारसंकल्पो बन्धः ॥ ४ ॥

કર્તાપણું વગેરે અહંકારનો સંકલ્પ તે બંધન છે. ૪

अणिमाद्यष्टैश्वर्याशासिद्धसंकल्पो बन्धः ॥ ५ ॥

અણિમા વગેરે આઠ ઐશ્વર્યોની આશાને સિદ્ધ કરવાનો સંકલ્પ બંધન છે. ૫

यमाद्यष्टाङ्गयोगसंकल्पो बन्धः ॥ ६ ॥

યમ–નિયમાદિ આઠ અંગોવાળા યોગને સિદ્ધ કરવાનો સંકલ્પ બંધન છે. ૬

केवलं मोक्षापेक्षाकामसंकल्पो बन्धः ॥ ७ ॥

કેવળ મોક્ષની ઇચ્છારૂપ મનોરથનો સંકલ્પ બંધન છે. ૭

संकल्पमात्रसंभवो बन्धः ॥ ८ ॥

હરકોઈ સંકલ્પ કરવાથી જ બંધન થાય છે. ૮

नित्यानित्यवस्तुविचारादनित्यसंसारसुखदुःखविषयसमस्तक्षेत्रममताबंधक्षयो मोक्षः ॥ ९ ॥

નિત્ય અને અનિત્ય વસ્તુનો વિચાર કરવાથી, અનિત્ય, સંસારમાં સુખ–દુઃખના સંબંધવાળાં બધાં ક્ષેત્રો ઉપરની મમતારૂપ બંધનનો જે નાશ થાય, તે જ મોક્ષ છે. ૯

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।

बंधाय विषयासक्तं मुक्त्यै निर्विषयं मनः ॥ १० ॥

મન જ મનુષ્યોને બંધન તથા મોક્ષનું કારણ છે. વિષયોમાં આસક્ત થયેલું મન બંધનકારક છે; અને વિષયોથી રહિત થયેલું મન મોક્ષ આપનાર છે. ૧૦

ममेति बध्यते जंतुर्न ममेति विमुच्यते ॥ ११ ॥

કોઈ પણ પદાર્થ ઉપર 'આ મારો, મારી, મારું' એમ મમતા કરવાથી જીવ બંધાય છે અને 'મારું કંઈ પણ નથી' એમ મમતા છોડવાથી મુક્ત થાય છે. ૧૧

ममत्वेन भवेज्जीवो निर्ममत्वेन केवलः ॥ १२ ॥

હરકોઈ પદાર્થ ઉપર મમતા કરવાથી આત્મા 'જીવ'-રૂપ બને છે; અને તે મમતા છોડવાથી કેવળ બ્રહ્મરૂપે જ બને છે. ૧૨

स्वसंकल्पवशाद्बद्धो निःसंकल्पाद् विमुच्यते ॥ १३ ॥

પોતાના સંકલ્પોને વશ થવાથી આત્મા બંધાય છે; અને સંકલ્પો તજવાથી મુક્ત થાય છે. ૧૩

द्रष्टा दृश्यवशाद् बद्धो दृश्याभावे विमुच्यते ॥ १४ ॥

જોનાર-(આત્મા), દેખાતી વસ્તુને વશ થવાથી બંધાય છે; પણ દેખાતી કોઈ વસ્તુ છે જ નહિ, એમ નિશ્ચય થતાં મુક્ત થાય છે. ૧૪

इच्छामात्रमविद्येयं तन्नाशो मोक्ष उच्यते ॥ १५ ॥

હરકોઈ જાતની ઇચ્છા એ જ અવિદ્યા-(અજ્ઞાન) હોઈ બંધન છે; અને તે ઇચ્છાનો નાશ તે જ મોક્ષ કહેવાય છે. ૧૫

भोगेच्छामात्रकं बंधस्तत्त्यागो मोक्ष उच्यते ॥ १६ ॥

હરકોઈ ભોગની ઇચ્છા, તે બંધન છે; અને તે ઇચ્છાનો ત્યાગ તે મોક્ષ કહેવાય છે. ૧૬

चिच्चैत्यकलना बंधस्तन्मुक्तिर्मुक्तिरुच्यते ॥ १७ ॥

જાણનાર, જાણવાયોગ્ય અને જાણવું, એ બંધન છે અને તેથી છૂટવું તે મુક્તિ કહેવાય છે. ૧૭

अनास्थैव हि निर्वाणं दुःखमास्थापरिग्रहः ॥ १८ ॥

કોઈ પણ ઇચ્છાથી રહિત થવું તે જ મોક્ષ છે; અને કોઈ પણ ઇચ્છાનો સ્વીકાર કરવો, તે જ દુઃખરૂપ બંધન છે. ૧૮

कर्मणा बध्यते जंतुर्विद्यया च विमुच्यते ॥ १९ ॥

કર્મથી જીવ બંધાય છે અને જ્ઞાનથી મુક્ત થાય છે. ૧૯

स्वरूपावस्थितिर्मुक्तिस्तद्भ्रंशोऽहंत्ववेदनम् ॥ २० ॥

આત્મસ્વરૂપમાં સ્થિતિ કરવી તે મોક્ષ છે અને અહંભાવનો અનુભવ, તે મોક્ષથી ભ્રષ્ટતા-બંધન છે. ૨૦

चित्ते चलति संसारो निश्चले मोक्ष उच्यते ॥ २१ ॥

ચિત્ત ચંચળ રહે-વિષયોમાં ભટક્યા કરે તે સંસાર છે; અને તે જ ચિત્ત નિશ્ચળ બને-વિષયોથી વળી આત્માનું જ ધ્યાન કરે, તે મોક્ષ કહેવાય છે. ૨૧

बंधो हि वासनाबद्धो मोक्षः स्याद् वासनाक्षयः ॥ २२ ॥

વાસનાઓથી બંધાવું, તે જ બંધન છે અને વાસનાઓનો નાશ થવો તે મોક્ષ છે. ૨૨

पदार्थभावनादार्ढ्यं बंध इत्यभिधीयते ॥ २३ ॥

'પદાર્થ, પદાર્થરૂપ છે પણ બ્રહ્મરૂપ નથી' આવી ભાવનાની દઢતા જ બંધન કહેવાય છે. ૨૩

वासनातानवं ब्रह्मन् मोक्ष इत्यभिधीयते ॥ २४ ॥

હે બ્રાહ્મણ! વાસનાનો સંપૂર્ણ નાશ જ મોક્ષ કહેવાય છે. ૨૪

न मोक्षो नभसः पृष्ठ न पाताले न भूतले ।
सर्वाशासंक्षये चेतःक्षयो मोक्ष इतीष्यते ॥ २५ ॥

આકાશમાં, પૃથ્વી પર કે પાતાલમાં મોક્ષ નથી; સર્વ આશાઓનો સંપૂર્ણ નાશ થતાં ચિત્તનો નાશ થાય છે, તે જ મોક્ષ કહેવાય છે. ૨૫

मोक्षो मेऽस्त्विति चिन्ताऽन्तर्जाता चेदुत्थितं मनः ।
मननोत्थे मनस्येष बंध सांसारिको मतः ॥ २६ ॥

'મારો મોક્ષ થાઓ' આવી ચિંતા અંતઃકરણમાં જો થઈ, તો મન ઊઠયું જ છે—સમાધિથી ભ્રષ્ટ થયું જ છે; અને એ રીતે મન વિચારોમાં ચઢયું, એટલે તે જ સાંસારિક બંધનરૂપે જણાય છે. મનની સમાધિ એટલે ધ્યેય વસ્તુમાં નિશ્ચળતા તે જ મોક્ષ છે; અને મનની ભટકવાની સ્થિતિ તે જ બંધન છે. ૨૬

तदमार्जनमात्रं हि महासंसारतां गतम् ।
तत्प्रमार्जनमात्रं तु मोक्ष इत्यभिधीयते ॥ २७ ॥

બુદ્ધિમાં કોઈ પદાર્થનું સ્ફુરણ થાય, તેને દૂર ન કરવું તે જ મોટા સંસારરૂપ થાય છે; પણ તેને સંપૂર્ણ દૂર કરવું તે મોક્ષ કહેવાય છે. ૨૭

પ્રકરણ ૩ જું

આત્મતત્ત્વને નહિ જાણનારની નિંદા

अथ योऽन्यां देवतामुपास्तेऽन्योऽसावन्योहऽमस्मीति न स वेद यथा पशुः ॥ १ ॥

હવે જે પોતાના ઇષ્ટદેવને 'આ દેવ જુદો છે અને હું જુદો છું' એમ જુદો માની ભેદદૃષ્ટિથી ઉપાસે છે, તે મનુષ્ય પોતાના ઇષ્ટદેવનું અને પોતાનું સત્યસ્વરૂપ પશુની પેઠે સમજતો નથી. ૧

अत्र भिदामिव मन्यमानः शतधा सहस्रधा भिन्नो मृत्योः स मृत्युमाप्नोति ॥ २ ॥

જે મનુષ્ય આ આત્મામાં કોઈ પણ જાતના ભેદ જેવું માને છે, તે સેંકડો ને હજારો પ્રકારે ભેદ પામે છે—તેને અનેક જન્મો લેવા પડે છે અને મરણ પછી મરણને તે પામ્યા કરે છે; અર્થાત્ આત્મામાં ભેદદૃષ્ટિ કરનારની મુક્તિ નથી. ૨

कर्तृत्वाद्यहंकारभावनारूढो मूढः ॥ ३ ॥

આત્મસ્વરૂપમાં કર્તાપણા વગેરેની અહંકારની ભાવના ઉપર ચઢી જાય, તે મૂઢ છે—આત્મસ્વરૂપને જાણતો નથી. ૩

मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ॥ ४ ॥

જે મનુષ્ય આ આત્મામાં ભેદ જેવું જુએ છે, તે મરણ પછી મરણને (સંસારને) પામ્યા કરે છે. ૪

अनुभूतिं विना मूढो वृथा ब्रह्मणि मोदते ।
प्रतिबिंबितशाखाग्रफलास्वादनमोदवत् ॥ ५॥

પાણીમાં પ્રતિબિંબ પડેલા ઝાડની ડાળીની ટોચ ઉપર જણાતા ફળનો સ્વાદ લઈ હર્ષ પામવું વ્યર્થ છે, તેમ બ્રહ્મના સ્વરૂપજ્ઞાનને નહિ જાણતો મૂઢ મનુષ્ય તેના અનુભવજ્ઞાન વિના બ્રહ્મ વિષે વ્યર્થ આનંદ પામે છે—અનુભવ વિનાનું બ્રહ્મજ્ઞાન વ્યર્થ છે. ૫

अष्टाङ्गं च चतुष्पादं त्रिस्थानं पञ्चदैवतम् ।
ॐकारं यो न जानाति ब्राह्मणो न भवेत्तु सः ॥ ६॥

આઠ[1] અંગોવાળા, ચાર[2] ચરણવાળા, ત્રણ[3] સ્થાનવાળા અને પાંચ[4] દેવતાઓવાળા ૐકારને જે જાણતો નથી; તે બ્રાહ્મણ (બ્રહ્મનિષ્ઠ) થઈ શકતો નથી. ૬

अतिवर्णाश्रमं रूपं सच्चिदानंदलक्षणम् ।
यो न जानाति सोऽविद्वान् कदा मुक्तो भविष्यति ॥ ७॥

વર્ણ તથા આશ્રમથી રહિત આત્મસ્વરૂપ કેવળ સચ્ચિદાનંદસ્વરૂપ છે; તેને તે જ સ્વરૂપે જે જાણતો નથી, તે મૂર્ખ ક્યારે મુક્ત થશે ? અર્થાત્ વર્ણાશ્રમના ભેદમાં ફસાયેલો

(૧) અ, ઉ, મ્, બિંદુ, નાદ, કલા, કલાતીતા અને કલાતીતાપર આ આઠ ૐકારનાં અંગો છે. (૨) વિશ્વ આત્મા, તૈજસ આત્મા, પ્રાજ્ઞ આત્મા અને તુરીય આત્મા આ ચાર ૐકારના પાદ—ચરણ છે. (૩) જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ અથવા ત્રણ લોક ૐનાં સ્થાનો છે. (૪) વિરાટ, હિરણ્યગર્ભ, ઈશ્વર, તુરીય અને તુરીયાતીત—નિરુપાધિ બ્રહ્મ આ પાંચ ૐકારના દેવ છે.

અજ્ઞાની, તે વર્ણાશ્રમથી પર એવા આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરી, મોક્ષને પામતો જ નથી. ૭

कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेऽप्यज्ञानतया नूनं पुनरायान्ति यान्ति च ॥ ८ ॥

જેઓ બ્રહ્મની વાતો કરવામાં હોશિયાર હોય પણ બ્રહ્માકાર થયેલી મનોવૃત્તિથી રહિત હોઈ (બાહ્ય વિષયોમાં) અત્યંત રાગી હોય, તેઓ અજ્ઞાનને લીધે ફરી ફરી સંસારમાં અવરજવર જ કર્યા કરે છે—સંસારથી કદી છૂટતા નથી. ૮

काष्ठदंडो धृतो येन सर्वाशी ज्ञानवर्जितः ।
स याति नरकान् घोरान् महारौरवसंज्ञितान् ॥ ९ ॥

સંન્યાસી થઈ જેણે કાષ્ઠનો દંડ ધારણ કર્યો હોય, અને સર્વનું ખાવા માંડ્યું હોય; છતાં બ્રહ્મજ્ઞાનથી જો રહિત રહે, તો તે પાપી મહારૌરવ નામના ઘોર નરકમાં જાય છે. ૯

स्वायत्तमेकान्तहितं स्वेप्सिततत्यागवेदनम् ।
यस्य दुष्करतां यातं धिक् तं पुरुषकीटकम् ॥ १० ॥

પોતાને ઇચ્છિત શું હોવું જોઈએ ? પોતે ત્યાગ કોનો કરવો ? અને પોતે કઈ વસ્તુ જાણવી જોઈએ ? આ સમજી તેને આચરણમાં મૂકવું, તે જ કેવળ હિતકારી છે; અને પોતાને જ સ્વાધીન છે, છતાં એ પ્રમાણે કરવું જેને અઘરું થઈ પડ્યું છે, તેવા કીડા જેવા પુરુષને ધિક્કાર હો ! ૧૦

अद्वितीयब्रह्मतत्त्वं न जानन्ति यदा तदा ।
भ्रान्ता एवाखिलास्तेषां क्व मुक्तिः क्वेह वा सुखम् ॥ ११ ॥

અદ્વિતીય બ્રહ્મતત્ત્વ જે સ્વરૂપમાં છે, તે જ સ્વરૂપમાં જેઓ જાણતા નથી, તેઓ બધા ભ્રાંતિમાં જ પડ્યા છે; અને તેઓને આ જગતમાં ક્યાં મુક્તિ અથવા ક્યાં સુખ છે? (પરબ્રહ્મના સત્યસ્વરૂપને નહિ જાણનારાઓનો સંસારથી છુટકારો નથી; તેમ જ તેઓને સુખ પણ મળતું નથી.)

अज्ञानोपहतो बाल्ये यौवने वनिताहतः ।
शेषे कलत्रचिन्तार्त्तः किं करोति नराधमः ॥ १२ ॥

બાળપણમાં જે અજ્ઞાનથી ઘેરાયો રહે, યૌવનમાં સ્ત્રીમાં ફસાયો હોય અને બાકીની ઉંમરમાં પણ સ્ત્રીની જ ચિંતાથી વ્યાકુળ રહે; તે અધમ પુરુષ પછી શું કરવાનો છે!

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन जन्तवः ।
धराविवरमग्नानां कीटानां समतां गताः ॥ १३ ॥

રાગ અને દ્વેષથી ઉત્પન્ન થતાં સુખ–દુઃખ આદિ દ્વંદ્વ ઉપરના મોહને લીધે પ્રાણીઓ પૃથ્વીના પોલાણમાં ભરાઈ રહેતા કીડાઓ જેવા થઈ ગયા! ૧૩

પ્રકરણ ૪ થું

જગતને મિથ્યા જણાવનારાં વાક્યો

नान्यत् किंचन मिषत् ॥ १ ॥

(સૃષ્ટિની પૂર્વે કેવળ એક પરમાત્મા સિવાય) બીજું કંઈ પણ વ્યાપારવાળું અથવા ક્રિયા કરનારું ન હતું–કેવળ એક પરમાત્મા જ હતા. ૧

वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् ॥ २ ॥

માટીના વિકાર ઘડો, કોડિયાં વગેરે માત્ર વાણીના આરંભ છે; અર્થાત્ જુદા જુદા શબ્દોથી કહેવાતાં માત્ર નામો જ છે. માટી એ જ વસ્તુ તેમાં સાચી છે, માટી વિના બીજું કંઈ નથી. ૨

अतोऽन्यदार्त्तम् ॥ ३ ॥

આ આત્મા સિવાય બીજું બધું નાશવંત છે. ૩

न तु तद्द्वितीयमस्ति ॥ ४ ॥

આત્માથી બીજું કંઈ નથી. ૪

नात्र काचन भिदाऽस्ति ॥ ५ ॥

આ આત્મામાં કોઈ જાતનો ભેદ નથી–જગતરૂપે જણાતી જુદી વસ્તુ જ નથી. ૫

नैव तत्र काचन भिदाऽस्ति ॥ ६ ॥

તે પરમાત્મામાં કોઈ ભેદ જ નથી–જગત જેવું જુદું કંઈ છે જ નહિ. ૬

सर्वं विकारजातं मायामात्रम् ॥ ७ ॥

સર્વં વિકારો કેવળ માયા જ છે. ૭

सर्वत्र नह्यस्ति द्वैतसिद्धिः ॥ ८ ॥

સર્વં પ્રમાણોમાં દ્વૈતસિદ્ધિ છે જ નહિ;–હરકોઈ પ્રમાણથી આત્મા વિના બીજી કોઈ વસ્તુ સિદ્ધ થતી નથી. ૮

नास्ति द्वैतं कुतो मर्त्यम् ॥ ९ ॥

દ્વૈત કોઈ વસ્તુ જ નથી, તો મરણધર્મી બીજું ક્યાંથી હોય ? (આત્મા સિવાય બીજું કંઈ છે જ નહિ.) ૯

प्रपंचो यदि विद्येत निवर्तेत न संशयः ॥ १० ॥

જગતરૂપ પ્રપંચ જો (સત્યસ્વરૂપે) હોય, તો જ દૂર થાય; પણ જો તે વસ્તુ જ નથી, તો તેના દૂર થવાની વાત જ ક્યાં છે ? ૧૦

मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः ॥ ११ ॥

આ દ્વૈતરૂપે ભાસતું જગત કેવળ માયા જ છે–ખરી રીતે તો અદ્વૈત–બ્રહ્મ જ છે. ૧૧

विकल्पो विनिवर्तेत कल्पितो यदि केनचित् ॥ १२ ॥

આ સંસારરૂપ ભેદ જો કોઈએ કલ્પી કાઢ્યો હોય તો દૂર થાય ને ? (પણ તે કોઈ વસ્તુ જ નથી, તો તેના દૂર થવાની વાત જ ક્યાં રહી ?) ૧૨

उपदेशादयं वादो ज्ञाते द्वैतं न विद्यते ॥ १३ ॥

દ્વૈત–અદ્વૈતનો આ વાદ છે; પરંતુ ઉપનિષદોના ઉપદેશથી અદ્વૈત વસ્તુ જણાય, ત્યારે દ્વૈત જણાતું જ નથી. ૧૩

द्वितीयकारणाभावादनुत्पन्नमिदं जगत् ॥ १४ ॥

બ્રહ્મ સિવાય બીજું કોઈ કારણ જ નથી, તેથી આ જગત ઉત્પન્ન જ થયું નથી. (સર્વં કંઈ બ્રહ્મ જ છે, અને તે ઉત્પત્તિ–નાશ વગેરે ધર્મોથી રહિત જ છે; તો ઉત્પત્તિ કોની ?)

यथैवेदं नभःशून्यं जगच्छून्यं तथैव हि ॥ १५ ॥

જેમ આ આકાશ શૂન્ય છે, તેમ જ જગત શૂન્ય જ છે.

इदं प्रपञ्चं यत्किंचिद् यद्यज्जगति वीक्ष्यते ।
दृश्यरूपं च दृग्रूपं सर्वं शशविषाणवत् ॥ १६ ॥

જે જે આ પ્રપંચરૂપ પદાર્થો દશ્યરૂપે તથા દષ્ટારૂપે જગતમાં દેખાય છે; તે બધા સસલાંનાં શિંગડાં જેવા છે અર્થાત્ નથી જ. ૧૬

इदं प्रपञ्चं नास्त्येव नोत्पन्नं नोस्थितं जगत् ॥ १७ ॥

આ જગતરૂપ પ્રપંચ છે જ નહિ, ઉત્પન્ન જ થયો નથી અને હતો પણ નહિ. (ત્રણે કાળે જગતરૂપ કોઈ વસ્તુ જ નથી.) ૧૭

चित्तं प्रपञ्चमित्याहुर्नास्ति नास्त्येव सर्वदा ॥ १८ ॥

ચિત્ત એ જ પ્રપંચ છે, એમ જ્ઞાનીઓ કહે છે તેથી તે સર્વકાળે નથી, નથી જ. ૧૮

मायाकार्यादिकं नास्ति माया नास्ति भयं नहि ॥ १९ ॥

માયાનું કાર્ય આ જગત વગેરે નથી અને માયા પણ નથી; માટે ભય જ નથી. ૧૯

परं ब्रह्माहमस्मीति स्मरणस्य मनो नहि ॥ २० ॥

'હું સર્વોત્કૃષ્ટ બ્રહ્મ છું' આવું સ્મરણ કરનારને મન જ રહેતું નથી. ૨૦

वन्ध्याकुमारवचने भीतिश्चेदस्त्विदं जगत् ॥२१॥

વાંઝણીના છોકરાના વચનમાં જો ભય થાય, તો આ જગત ભલે હોય! ૨૧

शशशृंगेण नागेन्द्रो मृतश्चेज्जगदस्ति सत् ॥२२॥

'સસલાંના શિંગડાથી મોટા હાથી મરી ગયો' એ વાત જો સાચી ઠરે, તો જગત સાચું છે. ૨૨

मृगतृष्णाजलं पीत्वा तृप्तश्चेदस्त्विदं जगत् ॥२३॥

ઝાંઝવાનું જળ પીને મનુષ્ય તૃપ્ત થયો હોય, તો આ જગત ભલે હો! ૨૩

गंधर्वनगरे सत्ये जगद् भवति सर्वदा ॥२४॥

ગંધર્વનું નગર સાચું હોય, તો સર્વ કાળે આ જગત હોઈ શકે. ૨૪

गगने नीलिमासत्ये जगत् सत्यं भविष्यति ॥२५॥

આકાશમાં જણાતો વાદળી રંગ સાચો હોય, તો જગત સાચું હશે. ૨૫

मासात् पूर्वं मृतो मर्त्यो ह्यागतश्चेज्जगद् भवेत् ॥२६॥

મહિના પહેલાં મરી ગયેલો માણસ (પાછો જીવતો) આવ્યો હોય, તો આ જગત હોઈ શકે. ૨૬

गोस्तनादुद्भवत्क्षीरपुनरारोपणे जगत् ॥२७॥

ગાયના આંચળમાંથી દોહી લીધેલું દૂધ ફરી તે જ માર્ગે આંચળમાં જો દાખલ કરી શકાય, તો જગત હોઈ શકે. ૨૭

ज्वालाग्निमंडले पद्मवृद्धिश्चेदस्त्विदं जगत् ॥२८॥

જ્વાળાયુક્ત અગ્નિના સમૂહમાં જો કમળની વૃદ્ધિ થાય, તો આ જગત ભલે હો! ૨૮

ज्ञानिनो हृदयं मूढैर्ज्ञातं चेदस्त्विदं जगत् ॥२९॥

જ્ઞાનીનું હૃદય અજ્ઞાનીઓએ જાણ્યું હોય, તો આ જગત હોઈ શકે. ૨૯

अजकुक्षौ जगन्नास्ति ह्यात्मकुक्षौ जगन्नहि ॥३०॥

બ્રહ્માના પેટમાં જગત નથી; તેમ આત્માની અંદર પણ જગત નથી જ. ૩૦

सर्वदाऽभेदकलने द्वैताद्वैतं न विद्यते ॥३१॥

સર્વદા અભેદ જ્ઞાન રહે, તો દ્વૈત–અદ્વૈત છે જ નહિ. ૩૧

नास्ति नास्ति जगत् सर्वं गुरुशिष्यादिकं न हि ॥३२॥

આખું જગત નથી, નથી; ગુરુ–શિષ્ય વગેરે (કંઈ) નથી. ૩૨

सच्चिदानंदमात्रोऽहमनुत्पन्नमिदं जगत् ॥३३॥

હું કેવળ સચ્ચિદાનંદસ્વરૂપ જ છું; આ જગત કદી ઉત્પન્ન જ થયું નથી. ૩૩

પ્રકરણ ૫ મું

ઉપદેશવાક્યો

स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत् सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो ॥१॥

જે આ અતિસૂક્ષ્મ આત્મતત્ત્વ છે, તે સ્વરૂપ જ આ સર્વ જગત છે; તે જ સત્ય છે; તે જ આત્મા છે અને હે શ્વેતકેતુ! તે તું છે. ૧

अभयं वै जनक प्राप्तोऽसि ॥२॥

હે જનક! તમે અવશ્ય અભયવસ્તુ(બ્રહ્મ)ને પામ્યા છો. ૨

ब्रह्मचर्यमहिंसां चापरिग्रहं च सत्यं च यत्नेन हेरक्षत हेरक्षतं हेरक्षय इति ॥३॥

હે લોકો! બ્રહ્મચર્યનું, અહિંસાનું, જેટલું જોઈએ તેથી વધારે વસ્તુ નહિ રાખવાના વ્રતનું તથા સત્યનું તમે કાળજીથી પાલન કરો, રક્ષણ કરો, રક્ષણ કરો. ૩

तत्त्वमसि ॥४॥

(હે જીવ!) તે (શુદ્ધ) બ્રહ્મ તું છે. ૪

त्वं तदसि ॥५॥

તું, તે શુદ્ધ પરબ્રહ્મ છે. ૫

यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥६॥

બ્રહ્મવેત્તાઓ કહે છે કે, જેને મનુષ્ય મન વડે જાણી શકતો નથી; પણ જેના વડે મનને જાણી શકે છે, તેને જ

તું બ્રહ્મ જાણ. લોકો જે આ જડ વસ્તુને ઉપાસે છે, તે બ્રહ્મ નથી. ૬

यत्परं ब्रह्म सर्वात्मा विश्वस्यायतनं महत् ।
सूक्ष्मात् सूक्ष्मतरं नित्यं तत्त्वमेव त्वमेव तत् ॥७॥

જે પરબ્રહ્મ સર્વના આત્મારૂપ, જગતનું મોટું આશ્રય-સ્થાન, સૂક્ષ્મ કરતાં પણ વધારે સૂક્ષ્મ અને નિત્ય છે; તે જ તું છે, તું તે જ છે. ૭

अंतःपूर्णो बहिःपूर्णः पूर्णकुंभ इवार्णवे ।
अंतःशून्यो बहिःशून्यः शून्यकुंभ इवाम्बरे ॥८॥

આત્મવેત્તા પુરુષ સમુદ્રમાં રહેલા પૂર્ણ કલશની પેઠે અંદર પૂર્ણ છે અને બહાર પણ પૂર્ણ છે; તે જ પ્રમાણે આકાશમાં રહેલા ખાલી ઘડાની પેઠે અંદરથી શૂન્ય છે અને બહારથી પણ શૂન્ય છે. ૮

मा भव ग्राह्यभावात्मा ग्राहकात्मा च मा भव ।
भावनामखिलां त्यक्त्वा यच्छिष्टं तन्मयो भव ॥९॥

તું ગ્રહણ કરવા યોગ્ય રૂપ ન થા, અને ગ્રહણ કરનાર રૂપ પણ ન થા; પરંતુ સર્વ ભાવના તજીને જે છેવટે બાકી રહે, તે પરમ તત્ત્વમય થા. ૯

द्रष्टृदर्शनदृश्यादि त्यक्त्वा वासनया सह ।
दर्शनप्रथमाभासमात्मानं केवलं भज ॥१०॥

જોનાર, જોવું અને જોવા યોગ્ય, એ સર્વનો વાસના સાથે ત્યાગ કરી 'જોવું' ક્રિયાના પ્રથમ આભાસરૂપ કેવળ

આત્માને જ તું ભજ. ૧૦

चित्ताकाशं चिदाकाशमाकाशं च तृतीयकम् ।

द्वाभ्यां शून्यतरं विद्धि चिदाकाशं महामुने ॥ ११ ॥

હે મહામુનિ ! ચિત્ત—આકાશ, ચૈતન્યાકાશ અને ત્રીજું (સ્થૂલ) આકાશ એમ ત્રણ આકાશ છે. તેમાંનું ચૈતન્યાકાશ બીજાં બન્ને આકાશોથી અત્યંત રહિત છે, એમ તું જાણ. ૧૧

ध्यानतो हृदयाकाशे चितिंचिच्चक्रधारया ।

मनो मारय निःशंकं त्वां प्रबध्नन्ति नारयः ॥ १२ ॥

હૃદયાકાશમાં આત્માનું ધ્યાન કરી, એ આત્મજ્ઞાનરૂપી ચક્રની ધારથી તું નિઃશંક થઈ મનને મારી નાખ; એટલે બહારના ને અંદરના કોઈ પણ શત્રુઓ તને નહિ બાંધે.૧૨

भोगैकवासनां त्यक्त्वा त्यज त्वं भेदवासनाम् ।

भावाभावौ ततस्त्यक्त्वा निर्विकल्पः स्थिरो भव ॥ १३ ॥

કેવળ ભોગની વાસના તજીને તું ભેદવાસનાનો ત્યાગ કર; પછી ભાવ અને અભાવનો ત્યાગ કરી, સર્વ સંશયો-થી રહિત થઈ, સ્થિર થા. ૧૩

त्यज धर्ममधर्मं च उभे सत्यानृते त्यज ।

उभे सत्यानृते त्यक्त्वा येन त्यजसि तत् त्यज ॥ १४ ॥

ધર્મ અને અધર્મનો ત્યાગ કર; સત્ય તથા અસત્ય બન્નેનો ત્યાગ કર; અને સત્ય તથા અસત્ય બન્નેનો ત્યાગ કરી જેના વડે તે તજે છે, તેનો પણ ત્યાગ કર. ૧૪

आत्मन्यतीते सर्वस्मात् सर्वरूपेऽथवा तते ।

को बन्धः कस्य वा मोक्षो निर्मूलं मननं कुरु ॥ १५ ॥

સર્વથી પર અથવા સર્વસ્વરૂપ આત્મા વ્યાપ્ત છે, તો બંધ શો ? અથવા મોક્ષ કોનો ? આમ આત્મારૂપ મૂળ વિના બીજું કંઈ નથી; આવું મનન કર. ૧૫

आशा यातु निराशात्वमभावं यातु भावना ।

अमनस्त्वं मनो यातु तवासङ्गेन जीवतः ॥ १६ ॥

સંગરહિત થઈને જીવતાં તારી આશા નિરાશારૂપ થાઓ, હરકોઈ વસ્તુની ભાવના અભાવરૂપ બનો અને મન મનપણાથી રહિત થાઓ. ૧૬

एकमाद्यन्तरहितं चिन्मात्रममलं ततम् ।

खादप्यतितरां सूक्ष्मं तद्ब्रह्मासि न संशयः ॥ १७ ॥

જે બ્રહ્મ એક, આદિ—અંતરહિત, માત્ર જ્ઞાન અથવા ચૈતન્યસ્વરૂપ, નિર્મળ, સર્વવ્યાપક અને આકાશથી પણ અતિ સૂક્ષ્મ છે, તે જ તું છે, એમાં સંશય નથી. ૧૭

रक्षको विष्णुरित्यादि ब्रह्मा सृष्टेस्तु कारणम् ।

संहारे रुद्र इत्येवं सर्वं मिथ्येति निश्चिनु ॥ १८ ॥

વિષ્ણુ રક્ષણ કરનારા છે, બ્રહ્મા સૃષ્ટિનું કારણ છે અને શંકર સંહારમાં હેતુ છે, ઇત્યાદિ બધું ખોટું છે; એમ તું નિશ્ચય કર. ૧૮

मत्त्यक्तं नास्ति किंचिद्वा मत्त्यक्ता पृथिवी तु वा ।

मयाऽतिरिक्तं यद् यद् वा तत् तन्नास्तीति निश्चिनु ॥ १९ ॥

મેં તજેલું કંઈ છે જ નહિ; અથવા મેં તજેલી પૃથ્વી પણ નથી, અથવા જે જે વસ્તુ મારાથી જુદી જણાય છે, તે તે છે જ નહિ; એમ નિશ્ચય કર. ૧૯

अनात्मेति प्रसंगो वा अनात्मेति मनोऽपि वा ।
अनात्मेति जगद्वापि नास्त्यनात्मेति निश्चिनु ॥२०॥

કોઈ પણ પ્રસંગ આત્મા વિનાનો નથી; મન પણ આત્મારહિત નથી; અથવા જગત પણ આત્મા વિનાનું નથી; આમ કોઈ પણ પદાર્થ આત્માથી જુદો જ નથી અથવા આત્મારહિત નથી; એવો નિશ્ચય કર. ૨૦

आदिमध्यावसानेषु दुःखं सर्वमिदं यतः ।
तस्मात् सर्वं परित्यज्य तत्त्वनिष्ठो भवानघ ॥२१॥

આ સર્વ જગત આદિ; મધ્ય ને અંતમાં દુઃખરૂપ જ છે; માટે સર્વનો ત્યાગ કરી, હે નિર્દોષ મુમુક્ષુ! (આત્મારૂપ) તત્ત્વવસ્તુમાં જ તું સ્થિર થા. ૨૧

निद्राया लोकवार्तायाः शब्दादेरात्मविस्मृतेः ।
क्वचिन्नावसरं दत्त्वा चिन्तयात्मानमात्मनि ॥२२॥

નિદ્રાને, લોકની વાતોને, શબ્દાદિ વિષયોને અને આત્માના વિસ્મરણને કદી વખત ન આપી, હૃદયમાં આત્માનું જ ચિંતન કર. ૨૨

सर्वव्यापारमुत्सृज्य अहंब्रह्मेति भावय ।
अहं ब्रह्मेति निश्चित्य त्वहंभावं परित्यज ॥२३॥

સર્વ વ્યાપારનો ત્યાગ કરી, 'હું બ્રહ્મ છું' આવો વિચાર કર; અને 'હું બ્રહ્મ છું' આવો નિશ્ચય કરી, 'હું'પણાનો પણ ત્યાગ કર—કેવળ બ્રહ્મરૂપે જ રહે. ૨૩

घटाकाशं महाकाश इवात्मानं परात्मनि ।
विलाप्याखण्डभावेन तूष्णीं भव सदा मुने ॥२४॥

જેમ ઘડામાં રહેલા આકાશનો, તે ઘડાનો નાશ થતાં મહાકાશમાં લય થઈ જાય છે; તેમ જ આત્માનો પરમાત્મામાં લય કરી, હે મનનશીલ મુમુક્ષુ! સદા અખંડભાવે તું મૌન રહે: શાંત—એકસ્વરૂપ થા. ૨૪

चिदिहास्तीति चिन्मात्रमिदं चिन्मयमेव च ।
चित्त्वं चिदहमेते च लोकाश्चिदिति भावय ॥२५॥

આ જગતમાં કેવળ એક જ ચૈતન્ય—આત્મા છે; આ બધું કેવળ ચૈતન્યરૂપ છે અને ચૈતન્યમય છે; તું ચૈતન્યરૂપ છે, હું ચૈતન્યરૂપ છું અને આ લોકો પણ ચૈતન્યરૂપ છે; આવો વિચાર કર. ૨૫

सत्यचिद्घनमखण्डमद्वयं सर्वदृश्यरहितं निरामयम् ।
यत्पदं विमलमद्वयं शिवं तत् सदाहमिति मौनमाश्रय ॥२६॥

જે પરમાત્મતત્ત્વ સત્ય, ચૈતન્ય અથવા જ્ઞાનમય, અખંડ, અદ્વૈત, સર્વ દૃશ્ય પદાર્થોથી રહિત, નિર્દોષ, નિર્મળ, ભેદરહિત અને સદા મંગળમય છે, તે જ હું છું; આમ માની મૌન રહે—શાંત થા. ૨૬

जन्ममृत्युसुखदुःखवर्जितं जातिनीतिकुलगोत्रदूरगम् ।
चिद्विवर्तजगतोऽस्य कारणं तत् सदाऽहमिति मौनमाश्रय ॥२७॥

જે પરમાત્મતત્ત્વ જન્મ, મૃત્યુ, સુખ અને દુઃખથી રહિત છે; જાતિ, નીતિ, કુળ અને વંશથી દૂર છે અને ચૈતન્યમાં ભ્રમરૂપે ભાસતા આ જગતનું કારણ છે, તે જ સદા હું છું, આમ માની મૌનનો આશ્રય કર–મુનિપણું ધર. ૨૭

पूर्णमद्वयमखण्डचेतनं विश्वभेदकलनादिवर्जितम् ।
अद्वितीयपरसंविदात्मकं तत् सदाऽहमिति मौनमाश्रय ॥२८॥

જે પરમાત્મતત્ત્વ પૂર્ણ, દ્વૈતરહિત, અખંડ ચેતનાવાળું, સમગ્ર ભેદજ્ઞાન વગેરેથી રહિત અને અદ્વિતીય હોઈ સર્વશ્રેષ્ઠ જ્ઞાનરૂપ છે, તે જ સદા હું છું; આવો નિશ્ચય કરી મૌન રહે–મુનિપણું ધારણ કર. ૨૮

स्वात्मनोऽन्यतया भातं चराचरमिदं जगत् ।
स्वात्ममात्रतया बुद्‍ध्वा तदस्मीति विभावय ॥२९॥

પોતાના આત્માથી જુદારૂપે ભાસતા આ સ્થાવર–જંગમ જગતને કેવળ પોતાના આત્મારૂપે જ જાણી, 'તે હું છું' આવો નિશ્ચય કર. ૨૯

विलाप्य विकृतिं कृत्स्नां संभवव्यत्ययक्रमात् ।
परिशिष्टं च चिन्मात्रं चिदानन्दं विचिंतय ॥३०॥

સમગ્ર વિકારરૂપ જગતનો ઉત્પત્તિથી ઊલટા જ ક્રમે લય કરી જે બાકી રહે, તે જ માત્ર સચ્ચિદાનંદરૂપ પરમતત્ત્વ છે; તેનું ચિંતન કર. ૩૦

પ્રકરણ ૬ ઠ્ઠું

જીવ અને બ્રહ્મની એકતા જણાવનારાં વાક્યો

स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एकः ॥१॥

પુરુષમાં જે આ જીવાત્મા છે અને સૂર્યમંડળમાં (તેના અધિષ્ઠાતારૂપ હિરણ્યગર્ભ નામે) જે પુરુષ છે તે એક જ છે–તે પરમાત્મા જ છે–બીજો કોઈ નથી. ૧

सत्यमात्मा ब्रह्मैव ब्रह्मात्मैवात्र ह्येव न विचिकित्स्यम् ॥२॥

ખરેખર, આત્મા બ્રહ્મ જ છે; આ શરીરમાં જે આત્મા છે, તે જ બ્રહ્મ છે; એમાં સંશય કરવો નહિ. ૨

त्वं ब्रह्माऽसि ॥३॥

તું બ્રહ્મ છે. ૩

अहं ब्रह्मास्मि ॥४॥

હું બ્રહ્મ છું. ૪

आवयोरन्तरं न विद्यते त्वमेवाहमहमेव त्वम् ॥५॥

આપણા બેમાં ભેદ નથી; તું તે જ હું છું અને હું તે જ તું છે. ૫

गताः कलाः पञ्चदश प्रतिष्ठा देवाश्च सर्वे प्रतिदेवतासु ॥
कर्माणि विज्ञानमयश्च आत्मा परेऽव्यये सर्व एकीभवन्ति ॥६॥

(મોક્ષકાળે જ્ઞાની પુરુષની–આનંદ, વિજ્ઞાન, મન, પ્રાણ અને વાણી એ પાંચ અવ્યયકલાઓ; અમૃત બ્રહ્મા, અમૃત

વિષ્ણુ, અમૃત ઇંદ્ર, અમૃત અગ્નિ અને અમૃત સોમ એ પાંચ અક્ષરકલાઓ; અને મર્ત્ય બ્રહ્મા, મર્ત્ય વિષ્ણુ, મર્ત્ય ઇંદ્ર, મર્ત્ય અગ્નિ, તથા મર્ત્ય સોમ એ પાંચ અક્ષરકલાઓ–એમ) પંદર કલાઓ પોતપોતાના કારણમાં લય પામે છે; ઇંદ્રિયો-રૂપ દેવો તેઓનાં મૂલ કારણ દેવોમાં લય પામે છે; અને કર્મો તથા વિજ્ઞાનમય આત્મા એ બધાં અવ્યય પરમાત્મા–બ્રહ્મમાં એક થઈ જાય છે. ૬

येनेक्षते शृणोतीदं जिघ्रति व्याकरोति च ॥
स्वाद्वस्वादु विजानाति तत्प्रज्ञानमुदीरितम् ॥ ७ ॥

જેને લીધે મનુષ્ય જુએ છે, સાંભળે છે, સૂંઘે છે, કામ કરે છે અને સ્વાદિષ્ટ કે નહિ સ્વાદિષ્ટને જાણે છે; તેને પ્રજ્ઞાન કહેલ છે–તે જ જીવાત્મા બ્રહ્મ છે. ૭

चतुर्मुखेन्द्रदेवेषु मनुष्याश्वगवादिषु ।
चैतन्यमेकं ब्रह्मातः प्रज्ञानं ब्रह्म मय्यपि ॥ ८ ॥

બ્રહ્મા, ઇંદ્ર, દેવો, મનુષ્યો, ઘોડા, ગાયો વગેરેમાં જે ચૈતન્ય છે, તે એક જ છે, બ્રહ્મ છે અને તેથી જ તે 'प्रज्ञानं ब्रह्म'–પ્રજ્ઞાનસ્વરૂપ બ્રહ્મ મારામાં પણ તે જ છે. ૮

परिपूर्णः परात्माऽस्मिन्देहे विद्याधिकारिणि ।
बुद्धेः साक्षितया स्थित्वा स्फुरन्नहमितीर्यते ॥ ९ ॥

વિદ્યાના અધિકારી આ દેહમાં પરિપૂર્ણ પરમાત્મા રહ્યા છે; તે જ બુદ્ધિના સાક્ષીરૂપે રહી પ્રકાશતા 'अहम्' 'હું' એમ કહેવાય છે. ૯

स्वतः पूर्णः परात्माऽत्र ब्रह्मशब्देन वर्णितः ।
अस्मीत्यैक्यपरामर्शात् तेन ब्रह्म भवाम्यहम् ॥ १० ॥

આ ઉપનિષદશાસ્ત્રમાં સ્વયં પૂર્ણ પરમાત્માને 'બ્રહ્મ' શબ્દથી વર્ણવ્યા છે; તેમની સાથે 'अहं ब्रह्मास्मि–હું બ્રહ્મ છું' એવી એકતાનું અનુસંધાન કરવાથી હું જ બ્રહ્મરૂપ થાઉં છું. આમ જીવ અને બ્રહ્મની એકતા જ છે. ૧૦

एकमेवाद्वितीयं सन्नामरूपविवर्जितम् ।
सृष्टेः पुराऽधुनाऽप्यस्य तादृक्त्वं तदितीर्यते ॥ ११ ॥

એક જ, અદ્વિતીય અને સત્યસ્વરૂપ બ્રહ્મ, નામ તથા રૂપથી રહિત છે; સૃષ્ટિની પહેલાં અને હમણાં પણ તે બ્રહ્મ તેવા જ સ્વરૂપે કહેવાય છે–તેમાં કોઈ કાળે કોઈ જાતની વિકૃતિ જ નથી.

श्रोतुर्देहेन्द्रियातीतं वस्त्वत्र त्वंपदेरितम् ।
एकता ग्राह्यतेऽसीति तदैक्यमनुभूयताम् ॥ १२ ॥

શ્રોતાના દેહ તથા ઇન્દ્રિયોથી પર જે (જીવરૂપ) વસ્તુ છે, તે જ અહીં ઉપનિષદોમાં 'त्वम्–તું' પદથી કહેલ છે; અને 'तत् असि–તે (બ્રહ્મ) તું છો' એમ કહીને તે જ વસ્તુની બ્રહ્મ સાથે એકતા ગ્રહણ કરાવાય છે; માટે 'तत् त्वमसि' એ મહાવાક્યથી બ્રહ્મ સાથેની એકતાનો અનુભવ કરો. ૧૨

स्वप्रकाशापरोक्षत्वमयमित्युक्तितो मतम् ।
अहंकारादिदेहान्तं प्रत्यगात्मेति गीयते ॥ १३ ॥

હવે 'अयमात्मा ब्रह्म' એ મહાવાક્યમાં 'अयम्–' 'આ' એ પદથી આત્મા સ્વયંપ્રકાશ અને અપરોક્ષ–પ્રત્યક્ષ છે, એમ જણાવ્યું છે; અને 'आत्मा' એ પદથી અહંકારથી માંડી

દેહ સુધીનું પ્રત્યગાત્મા—બ્રહ્મ છે; એમ કહ્યું છે. ૧૩

दृश्यमानस्य सर्वस्य जगतस्तत्त्वमीर्यते ।

ब्रह्मशब्देन तद्ब्रह्म स्वप्रकाशात्मरूपकम् ॥ १४ ॥

જોવામાં આવતા સર્વ જગતનું તત્ત્વ 'ब्रह्म' શબ્દથી કહેવાય છે; આ રીતે તે બ્રહ્મ સ્વયંપ્રકાશ આત્મારૂપ જ છે—આત્મા એ જ બ્રહ્મ છે. ૧૪

मायाऽविद्ये विहायैव उपाधि परजीवयोः ।

अखण्डं सच्चिदानंदं परं ब्रह्म विलक्ष्यते ॥ १५ ॥

ઈશ્વર અને જીવને ઉપાધિરૂપ માયા તથા અવિદ્યાનો ત્યાગ કરીને જ અખંડ સચ્ચિદાનંદ પરબ્રહ્મનો પૂર્ણ સાક્ષાત્કાર કરાય છે. ૧૫

हकारः खेचरी प्रोक्तस्त्वंपदं चेति निश्चितम् ।

सकारः परमेशः स्यात् तत्पदं चेति निश्चितम् ॥

सकारो ध्यायते जंतुर्हकारो हि भवेद् ध्रुवम् ॥ १६ ॥

'હંસઃ' એ પદમાં 'ह'કાર અને 'त्वम्' એ બન્નેનો અર્થ હૃદયાકાશમાં રહેનારો 'જીવ' થાય છે; અને 'स' એ પદનો તથા 'तत्' એ પદનો અર્થ 'પરમેશ્વર—બ્રહ્મ' થાય છે, આવો નિશ્ચય કર્યો છે; માટે 'ह'કારરૂપ જીવ જો ધ્યાન કરે છે, તો અવશ્ય 'स'કારરૂપ બ્રહ્મ જ થાય છે—બ્રહ્મ સાથેની એકતા સાધે છે. ૧૬

आद्यो 'रा' तत्पदार्थः स्यान्'म'कारस्त्वंपदार्थवान् ।

तयोः संयोजनमसीत्यर्थे तत्त्वविदो विदुः ॥ १७ ॥

'राम' એ પદમાં 'रा' એ પહેલો અક્ષર એ જ 'तत्' પદનો અર્થ 'બ્રહ્મ' છે; અને 'म' એ જ 'त्वम्' પદનો અર્થ 'જીવ' છે. એ બન્નેની 'असि' એ પદના અર્થમાં એકતા કરતાં જે પરમતત્ત્વ અનુભવાય છે, તેને જ તત્ત્વવેત્તાઓ પરબ્રહ્મ કહે છે. ૧૭

नमस्त्वमर्थो विज्ञेयो रामस्तत्पदमुच्यते ।

असीत्यर्थे चतुर्थी स्यादेवं मंत्रेषु योजयेत् ॥ १८ ॥

'रामाय नमः' એ મંત્રમાં 'नमः' પદનો અર્થ त्वम्—તું જીવ છો, અને 'राम' એ શબ્દનો અર્થ 'तत्'—તે (બ્રહ્મ) એ છે;' એ બન્નેની 'असि' પદના અર્થમાં એકતા કરી 'राम' શબ્દને ચોથી વિભક્તિ લગાડીને એ રીતે તેની મંત્રોમાં યોજના કરવી. ૧૮

क्षीरं क्षीरे यथा क्षिप्तं तैलं तैले जलं जले ।

संयुक्तमेकतां याति तथाऽऽत्मन्यात्मविन्मुनिः ॥ १९ ॥

જેમ દૂધમાં નાખેલું દૂધ, તેલમાં ભેળવેલું તેલ અને પાણીમાં મેળવેલું પાણી એક થઈ જાય છે; તેમ આત્માને જાણનાર મનનશીલ પુરુષ પરમાત્મામાં એકતા પામે છે. ૧૯

घटे नष्टे यथा व्योम व्योमैव भवति स्वयम् ।

तथैवोपाधिविलये ब्रह्मैव ब्रह्मवित् स्वयम् ॥ २० ॥

જેમ ઘડો નાશ પામતાં તેની અંદરનું આકાશ મૂળ આકાશરૂપ જ થાય છે, તેમ જ જીવપણારૂપ ઉપાધિનો નાશ થતાં, બ્રહ્મવેત્તા પુરુષ પોતે જ બ્રહ્મરૂપ થાય છે. ૨૦

પ્રકરણ ૭ મું

મનન-વાકયો

अहमन्नमहमन्नमहमन्नम् ॥ १ ॥

હું અન્ન છું, હું અન્ન છું, હું અન્ન છું. ૧

अहमन्नादो३ऽहमन्नादो३ऽहमन्नादः ॥ २ ॥

હું અન્ન ખાનારો છું, હું અન્ન ખાનારો છું, હું અન્ન ખાનારો છું. ૨

अहं मनुरभवं सूर्यश्च ॥ ३ ॥

હું મનુ થયો હતો અને હું જ સૂર્ય છું. ૩

अहमेवेदं सर्वमसानि ॥ ४ ॥

હું જ આ સર્વ જગતરૂપ થાઉં. ૪

यथा फेनतरंगादि समुद्रादुत्थितं पुनः ।
समुद्रे लीयते तद्वज्जगन्मय्यनुलीयते ॥ ५ ॥

જેમ ફીણુ, તરંગ વગેરે સમુદ્રમાંથી ઉત્પન્ન થઈ પાછાં સમુદ્રમાં જ લય પામે છે, તેમ જગત મારામાંથી જ ઉત્પન્ન થઈ પાછું મારામાં જ લય પામે છે. ૫

अनात्मदृष्टेरविवेकनिद्रामहंममस्वप्नगतिं गतोऽहम् ।
स्वरूपसूर्येऽभ्युदिते स्फुटोक्तैर्गुरोर्महावाक्यपदैः प्रबुद्धः ॥ ६ ॥

જ્યાં સુધી મારી આત્મદષ્ટિ ન હતી, 'સર્વ જગત કેવળ આત્મારૂપ જ છે' એવું જ્ઞાન મને ન હતુ, ત્યાં સુધી હું આત્માના અજ્ઞાનરૂપી અવિવેકની નિદ્રામાં પડ્યો હતો

અને 'હું', 'મારું' એવાં સ્વપ્નમાં અનુભવતો હતો; પણ હવે મારા ગુરુદેવે સ્પષ્ટ સમજાવેલાં 'अहं ब्रह्मास्मि' ઇત્યાદિ મહાવાક્યોનાં પદોથી મારામાં સ્વરૂપજ્ઞાનરૂપી સૂર્ય ઊગ્યો છે-(મને આત્માનું જ્ઞાન થયું છે;) અને તેથી હું જાગ્યો છું-આત્માનો જ બધે અનુભવ કરું છું. ૬

प्राणाश्चलन्तु तद्धर्मैः कामैर्वा हन्यतां मनः ।
आनंदबुद्धिपूर्णस्य मम दुःखं कथं भवेत् ॥ ७ ॥

પ્રાણો ભલે ચાલ્યા જાઓ; અથવા તેઓનાં ધર્મરૂપ કામોથી મન ભલે હણાઈ જાઓ; પણ આનંદબુદ્ધિ-સચ્ચિદાનંદ સ્વરૂપજ્ઞાનથી પરિપૂર્ણ એવા મને દુઃખ કેમ થાય ? ૭

न ते बंधो न मे मुक्तिर्न मे शास्त्रं न मे गुरुः ।
मायामात्रविकासत्वान्मायातीतोऽहमद्वयः ॥ ८ ॥

મને બંધન નથી; મારો મોક્ષ નથી; મારા માટે શાસ્ત્ર નથી અને મારો કોઈ ગુરુ નથી; કેમ કે તે બધું તો માત્ર માયાનો જ વિકાસ છે; અને હું તો માયાથી પર છું; અદ્વૈતસ્વરૂપ (પરમાત્મા) છું. ૮

आत्मानमञ्जसा वेद्मि क्वाप्यज्ञानं पलायितम् ।
कर्तृत्वमपि मे नष्टं कर्तव्यं वापि न क्वचित् ॥ ९ ॥

હું અનાયાસે આત્માને અનુભવી રહ્યો છું; મારું અજ્ઞાન ક્યાંય નાસી ગયું છે; મારું કર્તાપણું નાશ પામ્યું છે અને મારે કંઈ કરવાનું પણ રહ્યું નથી. ૯

ब्राह्मण्यं कुलगोत्रे च नामसौंदर्यजातयः ।
सर्वे स्थूलगता ह्येते स्थूलाद् भिन्नस्य मे नहि ॥ १० ॥

બ્રાહ્મણપણું, કુલ, ગોત્ર, નામ, સૌંદર્ય અને જાતિ–આ બધા સ્થૂલશરીરના જ ધર્મો છે; અને હું તો સ્થૂલ શરીરથી જુદો જ છું; તેથી તેઓને અને મારે કંઈ સંબંધ નથી. ૧૦

क्षुत्पिपासान्ध्यबाधिर्यकामक्रोधादयोऽखिलाः ।
लिङ्गदेहगता ह्येते ह्यलिङ्गस्य न विद्यते ॥ ११ ॥

ભૂખ, તરસ, અંધાપો, બહેરાશ, કામ, ક્રોધ વગેરે–આ બધા ધર્મો લિંગ(સૂક્ષ્મ)શરીરના છે; અને હું તો લિંગશરીરથી રહિત છું; તેથી તેઓને અને મારે કંઈ સંબંધ નથી. ૧૧

जडत्वप्रियमोदत्वधर्माः कारणदेहगाः ।
न सन्ति मम नित्यस्य निर्विकारस्वरूपिणः ॥ १२ ॥

જડપણું, પ્રિયપણું, હર્ષપણું વગેરે ધર્મો કારણશરીરના છે; અને હું તો નિત્ય તથા નિર્વિકાર સ્વરૂપવાળો હોઈ તે કારણશરીરથી રહિત છું; તેથી તે ધર્મો મારા નથી. (મારે ને તેઓને કંઈ સંબંધ નથી.) ૧૨

चिद्रूपत्वान्न मे जाड्यं सत्यत्वान्नानृतं मम ।
आनंदत्वान्न मे दुःखमज्ञानाद् भाति सत्यवत् ॥ १३ ॥

હું જ્ઞાનસ્વરૂપ છું; તેથી મારામાં જડતા નથી; સત્યસ્વરૂપ છું, તેથી મારામાં જૂઠ નથી; અને આનંદરૂપ છું, તેથી મને દુઃખ નથી; ખરી રીતે તો તે જડતા, જૂઠ, દુઃખ વગેરે અજ્ઞાનથી જ સાચાં જેવાં જણાય છે. ૧૩

नाहं देहो जन्ममृत्यू कुतो मे नाहं प्राणः क्षुत्पिपासे कुतो मे ।
नाहं चेतः शोकमोहौ कुतो मे नाहं कर्ता बंधमोक्षौ कुतो मे ॥१४॥

હું શરીર નથી, તો મારાં જન્મમરણ ક્યાંથી હોય? હું પ્રાણ નથી, તો મને ભૂખતરસ ક્યાંથી હોય? હું ચિત્ત નથી, તો મને શોક તથા મોહ ક્યાંથી હોય અને હું કર્તા નથી, તો મને બંધ કે મોક્ષ શાથી હોય? ૧૪

आनन्दमन्तर्निजमाश्रयन्तमाशापिशाचीमवमानयन्तम् ।
आलोकयन्तं जगदिन्द्रजालमापत्कथं मां प्रविशेदसङ्गम् ॥ १५ ॥

હું આનંદસ્વરૂપ(આત્મા)ને હૃદયમાં અનુભવી રહ્યો છું, આશારૂપી પિશાચણીની અવગણના કરું છું અને જગતને ઇંદ્રજાળ જેવું જોઈ રહ્યો છું; આમ સર્વ સંગથી રહિત મારામાં આપત્તિ કેવી રીતે પ્રવેશ કરે? (મને દુઃખ કેવી રીતે થાય?) ૧૫

देवार्चनस्नानशौचभिक्षादौ वर्ततां वपुः ।
तारं जपतु वाक् तद्वत् पठत्वाम्नायमस्तकम् ॥
विष्णुं ध्यायेत धीर्यद्वा ब्रह्मानन्दे विलीयताम् ।
साक्ष्यहं किंचिदप्यत्र न कुर्वे नापि कारये ॥ १६ ॥

દેવપૂજા, સ્નાન, બહારની ને અંદરની પવિત્રતા અને ભિક્ષા વગેરે ક્રિયાઓ કરવામાં શરીર ભલે પ્રવૃત્તિ કરે; વાણી ૐકારનો જાપ કરે, તેમ જ ઉપનિષદોનો પાઠ ભલે કરે; અને બુદ્ધિ અથવા મન વિષ્ણુ(પરમાત્મા)નું ધ્યાન કરે અથવા બ્રહ્માનંદમાં ભલે લીન બને, પણ હું તો સાક્ષીરૂપ જ છું; તેથી તેમાંનું હું કંઈ કરતો કે કરાવતો નથી. ૧૬

ज्ञातं ज्ञातव्यमधुना दृष्टं दृष्टव्यमद्भुतम् ।

विश्रान्तोऽस्मि चिरं श्रान्तश्चिन्मात्रान्नास्ति किंचन ॥ १७ ॥

હવે મેં જાણવાનું જાણ્યું છે અને અદ્ભુત જોવાનું જોયું છે. લાંબા કાળથી થાકેલો હું હવે વિશ્રાંતિ પામ્યો છું (મારો થાક ઊતરી ગયો છે); કેવળ ચૈતન્યસ્વરૂપ આત્મા વિના બીજું કંઈ પણ છે જ નહિ. (એ હવે મને સ્પષ્ટ જણાયું છે.) ૧૭

न भूतं न भविष्यं च चिन्तयामि कदाचन ।

न स्तौमि न च निन्दामि ह्यात्मनोऽन्यन्नहि क्वचित् ॥ १८ ॥

થઈ ગયેલું કે થવાનું હું કદી ચિંતવતો નથી–તેનો મને વિચાર જ નથી આવતો; તેમ જ હું કોઈની સ્તુતિ કે નિંદા કરતો નથી; કેમ કે આત્મા વિના બીજું ક્યાંય છે જ નહિ. ૧૮

अलेपकोऽहमजरो नीरागः शांतवासनः ॥ १९ ॥

હું નિર્લેપ છું, ઘડપણ વિનાનો છું, રાગરહિત છું અને મારી વાસનાઓ (હવે) શાંત થઈ છે. ૧૯

स्वपूर्णात्मातिरेकेण जगज्जीवेश्वरादयः ।

न सन्ति नास्ति माया च तेभ्यश्चाहं विलक्षणः ॥ २० ॥

સ્વતઃપૂર્ણ આત્મા સિવાય જગત, જીવ અને ઈશ્વર વગેરે છે જ નહિ; તેમ જ માયા પણ નથી, હું (આત્મા) તેઓ સર્વથી જુદા જ લક્ષણવાળો છું. ૨૦

किं करोमि क्व गच्छामि किं गृह्णामि त्यजामि किम् ।

यन्मया पूरितं विश्वं महाकल्पाम्बुनो यथा ॥ २१ ॥

હું શું કરું? ક્યાં જઉં? શું લઉં અને શું તજું? કારણ કે જેમ મહાપ્રલયસમયે બધું જળથી ભરાઈ જાય છે, તેમ મારા વડે બધું ભરાયેલું છે–વ્યાપેલું છે. (જ્યાં ત્યાં હું જ છું.) ૨૧

પ્રકરણ ૮ મું

જીવન્મુક્તિ–વાક્યો

स तत्र पर्येति जक्षत् क्रीडन् रममाणः स्त्रीभिर्वा यानैर्वा ज्ञातिभिर्वा वयस्यैर्वा नोपजनं स्मरन्निदं शरीरम् ॥ १ ॥

તે (જીવન્મુક્ત) પુરુષ ત્યાં (આત્મસ્વરૂપ જગતમાં) સર્વત્ર વિચરે છે, ગમે તે ખાતો ક્રીડા કરે છે; અથવા સ્ત્રીઓ સાથે, વાહનો સાથે, જ્ઞાતિઓ સાથે કે મિત્રો સાથે રમતો, ઉત્પત્તિ પામવાના સ્વભાવવાળા આ શરીરનું સ્મરણ કરતો નથી–શરીરનું તેને લક્ષ્ય જ રહેતું નથી. (કેવળ આત્માનું જ અનુસંધાન તેને રહે છે.) ૧

स वा एष एवं पश्यन्नेवं मन्वान एवं विजानन्नात्मरतिरात्मक्रीड आत्ममिथुन आत्मानंदः स स्वराड् भवति ॥ २ ॥

તેવો આ જીવન્મુક્ત જ્ઞાની, એમ આત્મસ્વરૂપને જોતો, તેનું જ મનન કરતો, તેને જ વિશેષે કરી જાણતો, આત્મામાં જ રમણ કરતો, આત્મા સાથે જ ક્રીડા કરતો, આત્મારૂપ યુગલવાળો અને આત્મારૂપ જ આનંદને અનુભવતો પોતે જ રાજા બની રહે છે–સ્વસ્વરૂપે જ પ્રકાશે છે. ૨

ते देवाः पुत्रैषणायाश्च वित्तैषणायाश्च लोकैषणायाश्च स-साधनेभ्यो व्युत्थाय निरागारा निष्परिग्रहा अशिखा अयज्ञोपवीता अन्धा बधिरा मुग्धाः क्लीवा मूका उन्मत्ता इव परिवर्तमानाः शान्ता दान्ता उपरतास्तितिक्षवः समाहिता आत्मरतय आत्मक्रीडा आत्ममिथुना आत्मानंदाः प्रणवमेव परं ब्रह्मात्मप्रकाशं शून्यं जानन्तस्तत्रैव परिसमाप्ताः ॥ ३ ॥

તે દિવ્ય સ્વરૂપે પ્રકાશતા જીવન્મુક્ત જ્ઞાનીઓ પુત્રની ઇચ્છાથી, ધનની ઇચ્છાથી, લોકની ઇચ્છાથી અને સાધનો સહિત સર્વ વિષયોથી મુક્ત થઈ, તે તે સર્વનો ત્યાગ કરી ઘર વિનાના, પરિગ્રહરહિત, ચોટલી વિનાના અને જનોઈનો પણ ત્યાગ કરનારા થઈ જાણે આંધળા, બહેરા, મૂઢ, નપુંસક, મૂગા અને ગાંડા હોય તેમ વર્તે છે; અંદરની તથા બહારની ઇંદ્રિયોનો જય કરે છે; સાંસારિક સર્વ વિષયોથી અટકે છે અને ક્ષમાશીલ થાય છે. ચિત્તને એકાગ્ર કરી આત્મામાં જ રમણ કરતા, આત્મા સાથે જ ક્રીડા કરતા, આત્મારૂપ યુગલવાળા અને આત્મારૂપ આનંદનો અનુભવ કરતા તેઓ પ્રણવમંત્ર–ૐકારને જ આત્મપ્રકાશ પરબ્રહ્મ જાણે છે; અને તેને જ સર્વ ઉપાધિથી રહિત માનતા તેમાં જ લીન થાય છે. ૩

कुचेलोऽसहाय एकाकी समाधिस्थ आत्मकाम आप्तकामो निष्कामो जीर्णकामो हस्तिनि सिंहे दंशे मशके नकुले सर्पराक्षस-गंधर्वेषु मृत्यो रूपाणि विदित्वा न बिभेति कुतश्चनेति ॥ ४ ॥

જીવન્મુક્ત પુરુષ જેવાંતેવાં વસ્ત્રો પહેરતો એકલો જ

રહે છે, આત્મધ્યાનમાં એકાગ્ર હોય છે; આત્માની જ ઇચ્છાવાળો હોઈ, પૂર્ણકામ બને છે; બહારની સર્વ ઇચ્છાઓથી રહિત થઈ, સર્વ કામનાઓનો નાશ કરે છે; અને હાથી, સિંહ, ડાંસ, મચ્છર, નોળિયા, સર્પ, રાક્ષસ તથા ગંધર્વોમાં કેવળ એક આત્માના જ સ્વરૂપનો સાક્ષાત્કાર કરતો કોઈથી ડરતો નથી. ૪

सर्वधर्मान् परित्यज्य निर्ममो निरहंकारो भूत्वा ब्रह्मिष्ठं शरण-मुपगम्य तत्त्वमसि सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किंचनेत्यादि महावाक्यार्थानुभवज्ञानाद् ब्रह्मैवाहमस्मीति निश्चित्य निर्विकल्पक-समाधिना स्वतंत्रो यतिश्चरति स संन्यासी स मुक्तः स पूज्यः स योगी स परमहंसः सोऽवधूतः स ब्राह्मण इति ॥ ५ ॥

સર્વ ધર્મોનો ત્યાગ કરી, મમતારહિત થઈ, અહંભાવ તજી, બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જઈ 'सर्वं खल्विदं ब्रह्म–આ સર્વ જગત બ્રહ્મરૂપ છે,' 'नेह नानास्ति किंचन–આ જગતમાં અનેકરૂપે દેખાતું કંઈ બ્રહ્મ વિનાનું નથી' ઇત્યાદિ મહાવાક્યોના અર્થોનું અનુભવજ્ઞાન થવાથી 'ब्रह्मैवाहमस्मि–હું બ્રહ્મ જ છું' એવો નિર્વિકલ્પ સમાધિથી નિશ્ચય કરી સ્વતંત્ર અને જિતેંદ્રિય થઈ જે વિચરે છે, તે સંન્યાસી છે, તે મુક્ત છે, તે પૂજ્ય છે, તે યોગી છે, તે પરમહંસ છે, તે અવધૂત છે અને તે જ બ્રહ્મવેત્તા છે. ૫

जीवः पञ्चविंशकः स्वकल्पितचतुर्विंशतितत्त्वं परित्यज्य षड्विंशकः परमात्माहमिति निश्चयाज्जीवन्मुक्तो भवति ॥ ६ ॥

જીવ, જે પચીસમા તત્ત્વરૂપ છે તે પોતે કલ્પેલાં ચોવીસ

તત્ત્વોનો ત્યાગ કરી, 'છવીસમું તત્ત્વ પરમાત્મા હું જ છું' આવો નિશ્ચય કરવાથી જીવન્મુક્ત થાય છે. ૬

तुरीयमक्षरमिति ज्ञात्वा जागरिते सुषुप्त्यवस्थापन्न इव यद्यच्छ्रुतं यद्यद्दृष्टं तत्सर्वमविज्ञातमिव यो वसेत् तस्य स्वप्नावस्थायामपि तादृगवस्था भवति स जीवन्मुक्तो भवति ॥ ७ ॥

'तुरीयमक्षरमिति श्रुतेः–ચોથી અવસ્થાવાળા અક્ષર (પરબ્રહ્મ) છે' એમ જાણી, જાગ્રત અવસ્થામાં પણ સુષુપ્તિ અવસ્થાને જાણે પામ્યો હોય, તેમ જે જે સાંભળ્યું હોય અને જે જે જોયું હોય તે તે સર્વને જાણે ન જાણ્યું હોય અથવા ન સાંભળ્યું હોય એમ માનીને જે રહે છે, તેની સ્વપ્નાવસ્થામાં પણ તેવી જ અવસ્થા થાય છે; અને તે જીવન્મુક્ત થાય છે. ૭

सकृद्विभातसदानन्दानुभवैकगोचरो ब्रह्मविद् विद्वाँश्चक्षुरादिबाह्यप्रपञ्चोपरतः सर्वं जगदात्मत्वेन पश्यन्नात्मेति भावयन् कृतकृत्यो भवति ॥ ८ ॥

એક વાર પણ પ્રકાશેલો નિત્યાનંદનો જે અનુભવ તે જ જેનો વિષય હોય છે એવો બ્રહ્મવેત્તા તત્ત્વજ્ઞાની, નેત્ર આદિ ઇંદ્રિયોના વિષયરૂપ બાહ્યપ્રપંચ(જગત)થી વિરામ પામે છે; અને સર્વ જગતને આત્મારૂપ જોઈ, 'આ બધું આત્મા છે' આમ અનુભવતો કૃતાર્થ થાય છે. ૮

निर्द्वन्द्वः सदाऽचञ्चलगात्रः परमशान्तिं स्वीकृत्य नित्यशुद्धः परमात्माऽहमेवेत्यखंडानन्दः पूर्णः कृतार्थः परिपूर्णपरमाकाशमग्नमनाः

प्राप्तोन्मन्यवस्थः संन्यस्तसर्वेन्द्रियवर्गोऽनेकजन्मार्जितपुण्यपुञ्जपरिपक्वकैवल्यफलोऽखण्डानन्दनिरस्तसर्वक्लेशकश्मलो ब्रह्माहमस्मीति कृतकृत्यो भवति ॥ ९ ॥

રાગદ્વેષાદિ દ્વંદ્વોથી રહિત થયેલો જીવન્મુક્ત, સદા સ્થિર અવયવોવાળો રહી, પરમ શાંતિ સ્વીકારીને નિત્ય શુદ્ધ બની રહે છે; 'હું જ પરમાત્મા છું' આવો અખંડ આનંદ અનુભવે છે; પૂર્ણ અને કૃતાર્થ થઈ, પરિપૂર્ણ પરમાત્મામાં મગ્ન મનવાળો રહે છે; મનની સમાધિનિષ્ઠ અવસ્થા પામ્યો હોઈ, સર્વ ઇંદ્રિયવર્ગને વિષયોથી આકર્ષી લે છે; અનેક જન્મોથી મેળવેલા પુણ્યના સમૂહથી મોક્ષરૂપ ફળ, પરિપક્વ સ્થિતિમાં તેને મળ્યું હોય છે; અખંડ આનંદના અનુભવથી તેનાં સર્વ દુઃખો તથા પાપો નાશ પામ્યાં હોય છે; અને 'अहं ब्रह्मास्मि–હું બ્રહ્મ છું' એવા સાક્ષાત્કારથી તે કૃતાર્થ થાય છે. ૯

ब्रह्मैवाहमस्मीत्यनवरतं ब्रह्मप्रणवानुसंधानेन यः कृतकृत्यो भवति स परमहंसपरिव्राट् ॥ १० ॥

'હું જ બ્રહ્મ છું' આવા સાક્ષાત્કારપૂર્વક નિત્ય બ્રહ્મ-પ્રણવ* ૐકારમંત્રનો જાપ કરી જે કૃતાર્થ બને છે, તે જ પરમહંસ સંન્યાસી છે. ૧૦

भावाभावकलाविनिर्मुक्तः सर्वसंशयध्वस्तः पूर्णाहंभावः कृतकृत्यो भवति ॥ ११ ॥

---

* ब्रह्मप्रणव—તે સોળ માત્રાવાળો ૐકાર જ માન્યો છે.

આનું સ્પષ્ટ સ્વરૂપ 'परमहंसपरिव्राजक' નામના ૬૯મા ઉપનિષદ્માં દર્શાવેલ છે. જિજ્ઞાસુએ તે ત્યાં જોઈ લેવું.

ભાવ અને અભાવના અંશોથી મુક્ત થયેલો, સર્વ-સંશયો જેના નાશ પામ્યા હોય અને 'હું બ્રહ્મ છું' આવો ભાવ જેને પૂર્ણ સ્થિતિએ પ્રાપ્ત થયો હોય, તે કૃતાર્થ થાય છે. ૧૧

प्राणो ह्येष यः सर्वभूतैर्विभाति विजानन् विद्वान् भवते नातिवादी ॥
आत्मक्रीड आत्मरतिः क्रियावानेष ब्रह्मविदां वरिष्ठः ॥ १२ ॥

આ પ્રાણરૂપ (આત્મા) જ સર્વ પ્રાણીઓરૂપે જણાય છે, એમ જાણતો વિદ્વાન પુરુષ અત્યંત વાદવિવાદ કરતો નથી. આત્મામાં જ રમતો, આત્મા ઉપર જ પ્રીતિવાળો અને જ્ઞાન–ધ્યાનાદિ ક્રિયા કરતો એ બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ છે. ૧૨

निमिषार्धं न तिष्ठन्ति वृत्तिं ब्रह्ममयीं विना ॥
यथा तिष्ठन्ति ब्रह्माद्याः सनकाद्याः शुकादयः ॥ १३ ॥

જેમ બ્રહ્મા વગેરે, સનક વગેરે અને શુક વગેરે જ્ઞાનીઓ સદા બ્રહ્માકારવૃત્તિમાં જ રહે છે, તેમ આંખના અરધા પલકારા જેટલો સમય પણ બ્રહ્મનિષ્ઠ પુરુષો બ્રહ્મમય વૃત્તિ વિના રહેતા નથી. ૧૩

अध्यात्मरतिरासीनो निरपेक्षो निराशिषः ।
सर्वद्वन्द्वैर्विनिर्मुक्तो ब्रह्मण्येवावतिष्ठते ॥ १४ ॥

આત્મા ઉપર પ્રીતિવાળો જ્ઞાની કોઈ વસ્તુની દરકાર કરતો નથી; સર્વ આશાઓ તજીને બેસી રહે છે; અને રાગદ્વેષાદિ સર્વ દ્વંદ્વોથી રહિત થઈ, કેવળ બ્રહ્મસ્વરૂપમાં જ એકાગ્ર રહે છે. ૧૪

कपालं वृक्षमूलानि कुचेलान्यसहायता ।
समता चैव सर्वस्मिन् एतन्मुक्तस्य लक्षणम् ॥ १५ ॥

એક ભિક્ષાપાત્ર, રહેવા માટે ઝાડનું મૂળ, જેવાંતેવાં વસ્ત્રો, એકલાપણું અને સર્વ પ્રાણીઓ પર સમાન ભાવ–આ મુક્ત પુરુષનાં ચિહ્ન છે. ૧૫

स्वप्नेऽपि यो हि युक्तः स्याज्जाग्रतीव विशेषतः ।
ईदृक्चेष्टः स्मृतः श्रेष्ठो वरिष्ठो ब्रह्मवादिनाम् ॥ १६ ॥

જેમ જાગ્રત અવસ્થામાં આત્મા સાથે જોડાયેલો હોય, તેમ સ્વપ્નમાં પણ વિશેષે કરીને તે જ સ્થિતિવાળો હોય; આવી ચેષ્ટાવાળો પુરુષ બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ અને ઉત્તમ છે. ૧૬

निर्मानश्चानहंकारो निर्द्वन्द्वश्छिन्नसंशयः ।
आत्मक्रीड आत्मरतिरात्मवान् समदर्शनः ॥ १७ ॥

જીવન્મુક્ત જ્ઞાની માન, અહંકાર અને દ્વંદ્વોથી રહિત હોય; તેના સંશયો તૂટ્યા હોય; આત્મામાં જ રમતો, આત્મા ઉપર જ પ્રીતિવાળો અને આત્માનો સાક્ષાત્કાર કરતો તે, સર્વ ઉપર સમાન દૃષ્ટિવાળો હોય છે. ૧૭

स्मृत्वा स्पृष्ट्वा च भुक्त्वा च दृष्ट्वा ज्ञात्वा शुभाशुभम् ।
न हृष्यति ग्लायति यः स शान्त इति कथ्यते ॥ १८ ॥

કોઈ શુભ કે અશુભને યાદ કરીને, અડકીને, ખાઈને, જોઈને કે જાણીને જે હર્ષ કે શોકને પામતો નથી, તે શાંત (જીવન્મુક્ત) કહેવાય છે. ૧૮

अप्राप्तं हि परित्यज्य संप्राप्ते समतां गतः ।
अदृष्टखेदाखेदो यः संतुष्ट इति कथ्यते ॥ १९ ॥

ઇષ્ટ વસ્તુ મળી ન હોય તેને મેળવવા ન ઇચ્છે, પણ ત્યાગ કરવા જ ઇચ્છે; અને ઇષ્ટ કે અનિષ્ટ આવી મળે તો તેના પર રાગ કે દ્વેષ ન કરતાં સમાન ભાવે વર્તે; તેમ જ હર્ષ કે શોકને જેણે અનુભવ્યો જ ન હોય; તે સંતુષ્ટ (જીવન્મુક્ત) કહેવાય છે. ૧૯

नाकृतेन कृतेनार्थो न श्रुतिस्मृतिविभ्रमैः ।
निर्मन्थन इवाम्भोधिः स तिष्ठति यथास्थितः ॥ २० ॥

જેને કર્તવ્ય નહિ કર્યાથી કે કર્યાથી કંઈ ફળ નથી, તેમ જ વેદના તથા ધર્મશાસ્ત્રના વિધિનિષેધોની જેને જરૂર નથી, તે જીવન્મુક્ત પુરુષ મંથન કર્યા વિનાના સમુદ્રની પેઠે પોતાની મૂળ સ્થિતિમાં જ રહે છે. (આત્માના અનુભવમાં જ મગ્ન રહે છે.) ૨૦

सम्यग्ज्ञानावरोधेन नित्यमेकसमाधिना ।
सांख्य एवावबुद्धा ये ते सांख्या योगिनः स्मृताः ॥ २१ ॥

જેઓ આત્માના ઉત્તમ જ્ઞાનને અનુસરી નિત્ય કેવળ આત્મામાં જ ચિત્તની એકાગ્રતા કરીને આત્મજ્ઞાનમાં જ બોધ પામેલા હોય, તેઓ 'સાંખ્યયોગી' કહેવાય છે. ૨૧

प्राणाद्यनिलसंशांतौ युक्त्या ये पदमागताः ।
अनामयमनाद्यन्तं ते स्मृता योगयोगिनः ॥ २२ ॥

યોગરૂપી યુક્તિથી પ્રાણ વગેરે વાયુઓની પૂર્ણ શાંતિ

થઈ જતાં, જેઓ સર્વ દોષોથી રહિત અને આદિ તથા અંત વિનાના મોક્ષપદને (જીવતાં જ) પામી ચૂક્યા હોય, તેઓ 'યોગયોગી' કહેવાય છે. ૨૨

सुखदुःखदशाधीरं साम्यान्न प्रोद्धरन्ति यम् ।
निःश्वासा इव शैलेन्द्रं चित्तं तस्य मृतं विदुः ॥ २३ ॥

મુખના શ્વાસો જેમ મોટા પર્વતને ડગાવી શકતા નથી, તેમ સુખની કે દુઃખની અવસ્થાઓ જે ધીર પુરુષને સમાન ભાવથી ડગાવી શકતી નથી, તેનું ચિત્ત મરી ગયું છે; એમ જ્ઞાનીઓ કહે છે. ૨૩

वाचामतीतविषयो विषयाशादशोज्झितः ।
परानंदरसाक्षुब्धो रमते स्वात्मनात्मनि ॥ २४ ॥

જેના વિષયો વાણીમાંથી પણ જતા રહ્યા હોય અને તેથી જ વિષયો તરફની આશારૂપ દશાથી જે રહિત હોય અને પરમાનંદના રસથી પણ ક્ષોભ પામ્યો ન હોય, તે પોતાના આત્મા વડે આત્મામાં જ રમે છે. ૨૪

निर्ग्रंथिः शांतसंदेहो जीवन्मुक्तोऽविभावनः ।
अनिर्वाणोऽपि निर्वाणश्चित्रदीप इव स्थितः ॥ २५ ॥

હૃદયની રાગદ્વેષાદિ ગાંઠ જેની છૂટી ગઈ હોય, અથવા કોઈ પણ વસ્તુના પરિગ્રહથી જે રહિત હોય; જેના સંદેહો શમી ગયા હોય અને જેને આત્મા સિવાય બીજા કોઈ વિચારો થતા નથી, તેવો જીવન્મુક્ત પુરુષ ચિત્રમાંના દીપક જેવો હોઈ મોક્ષને પામ્યો ન હોવા છતાં મોક્ષને પામ્યો છે. ૨૫

निर्धनोऽपि सदा तुष्टोऽप्यसहायो महाबलः ॥ २६॥

આત્મજ્ઞાની પુરુષ નિર્ધન હોય તોપણ સદા સંતુષ્ટ જ રહે છે; અને સહાય વિનાનો હોય છતાં મહા બળવાન છે. ૨૬

नित्यतृप्तोऽप्यभुञ्जानोऽप्यसमः समदर्शनः ।

कुर्वन्नपि न कुर्वाणश्चाभोक्ता फलभोग्यपि ॥ २७॥

એવો જ્ઞાની (આસક્તિપૂર્વક) જમતો નથી, છતાં નિત્ય તૃપ્ત હોય છે; પોતે અનુપમ અથવા અતુલ્ય હોય, છતાં, સર્વના પર સમદૃષ્ટિવાળો હોય છે; પોતે કંઈ કરે છે, છતાં કરતો નથી અને કોઈ ફળને ભોગવે છે, છતાં ભોગવતો નથી. (કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ ધર્મોથી સદા રહિત રહે છે.) ૨૭

शरीर्यप्यशरीरोऽसौ परिच्छिन्नोऽपि सर्वगः ॥ २८॥

(એ જીવન્મુક્ત જ્ઞાની) શરીરવાળો હોય છતાં શરીર-રહિત છે; અને અમુક પ્રમાણથી મપાયેલો હોય, છતાં સર્વવ્યાપક છે. ૨૮

अध्यात्मरतिरासीनः पूर्णः पावनमानसः ॥ २९॥

તે આત્મા ઉપર જ પ્રીતિવાળો હોઈ, આત્મામાં જ સ્થિતિ કરે છે, પૂર્ણ બને છે અને તેનું મન પવિત્ર હોય છે. ૨૯

नैष्कर्म्येण न तस्यार्थस्तस्यार्थोऽस्ति न कर्मभिः ।

न समाधानजाप्याभ्यां यस्य निर्वासनं मनः ॥ ३०॥

જેનું મન વાસનારહિત થયું હોય, તેવા જ્ઞાનીને કર્મ-રહિત રહેવામાં અથવા કર્મો કરવામાં પણ કંઈ પ્રયોજન નથી; અને સમાધિ કે જપ કરવાની પણ તેને કંઈ જરૂર નથી. ૩૦

जगज्जीवादिरूपेण पश्यन्नपि परात्मवित् ।

न तत् पश्यति चिद्रूपं ब्रह्म वस्त्वेव पश्यति ॥ ३१॥

પરમાત્માને જાણનારો પુરુષ જગતને જીવ આદિરૂપે જુએ છે, તોપણ તેને તે રૂપે જોતો નથી; પણ ચૈતન્ય-સ્વરૂપ બ્રહ્મવસ્તુને જ બધે જુએ છે. ૩૧

अहमन्नं सदान्नाद इति हि ब्रह्मवेदनम् ॥ ३२॥

'હું અન્ન છું અને હું જ સદા અન્ન ખાનારો છું' આમ જાણવું તે બ્રહ્મનું જ્ઞાન છે. ૩૨

ब्रह्मविद् ग्रसति ज्ञानात् सर्वं ब्रह्मात्मनैव तु ॥ ३३॥

બ્રહ્મવેત્તા પુરુષ સર્વ વસ્તુને બ્રહ્મસ્વરૂપે જ જાણી, તે જ્ઞાનપૂર્વક જ ખાય છે. ૩૩

समाधिमथ कर्माणि मा करोतु करोतु वा ।

हृदयेनात्तसर्वेहो मुक्त एवोत्तमाशयः ॥ ३४॥

જેણે હૃદયથી સર્વ ઇચ્છાઓ સ્વાધીન કરી હોય; અથવા સર્વ ઇચ્છાઓને જેણે હૃદયથી દાબી દીધી હોય એવો ઉત્તમ આશયવાળો જ્ઞાની સમાધિને અથવા નિત્ય નૈમિત્તિક આદિ કર્મોને કરે કે ન કરે; પણ તે તો (જીવતાં જ) મુક્ત છે. ૩૪

'अ'क्षरत्वाद् 'व'रेण्यत्वाद् व्यस्तसंसारबन्धनात् (धू) ।

'त'त्त्वमस्यादिलक्ष्यत्वादवधूत इतीर्यते ॥ ३५॥

તત્ત્વવેત્તા જીવન્મુક્ત, અક્ષરસ્વરૂપથી (આત્માના સ્વરૂપથી) કદી ભ્રષ્ટ થતો નથી; વરેણ્ય (સર્વશ્રેષ્ઠ) હોવાથી, સંસારરૂપ બંધનને છોડી દે છે; અને 'तत्त्वमसि–તે તું છો' ઇત્યાદિ મહાવાક્યોના લક્ષ્યાર્થરૂપ (બ્રહ્મ) થયો હોય છે; તેથી 'अवधूत' એમ કહેવાય છે. ૩૫

यो विलङ्घ्याश्रमान् वर्णानात्मन्येव स्थितः पुमान् ।
अतिवर्णाश्रमी योगी ह्यवधूतः स कथ्यते ॥ ३६ ॥

જે પુરુષ વર્ણોને તથા આશ્રમોને તજી, આત્મામાં જ સ્થિતિ કરી રહ્યો હોય, અને યોગારૂઢ થઈ વર્ણાશ્રમથી રહિત થયો હોય, તે 'अवधूत' કહેવાય છે. ૩૬

यथा रविः सर्वरसान् प्रभुङ्क्ते हुताशनश्चापि हि सर्वभक्षः ।
तथैव योगी विषयान् प्रभुङ्क्ते न लिप्यते पुण्यपापैश्च शुद्धः ॥ ३७ ॥

જેમ સૂર્ય સર્વ રસોને ગ્રહણ કરે છે અને અગ્નિ પણ સર્વ પદાર્થોને ખાય છે છતાં તેઓનો તેમને કંઈ સંબંધ જ થતો નથી, તેમ યોગી વિષયો ભોગવતો હોય છતાં પોતે શુદ્ધ હોવાથી, પુણ્ય કે પાપ વડે લેપાતો નથી. ૩૭

केवलं सुसमः स्वच्छो मौनी मुदितमानसः ॥ ३८ ॥

જીવન્મુક્ત પુરુષ કેવળ સ્વચ્છ હોઈ, સર્વ ઉપર અત્યંત સમાન ભાવવાળો, મૌનવ્રતવાળો અને સદા પ્રસન્ન મનવાળો હોય છે. ૩૮

संतोषामृतपानेन ये शान्तास्तृप्तिमागताः ।
आत्मारामा महात्मानस्ते महापदमागताः ॥ ३९ ॥

જેઓ સંતોષરૂપી અમૃત પીવાથી તૃપ્તિ પામ્યા હોય, શાંત હોય અને આત્મામાં જ આનંદ પામતા હોય, તે મહાત્માઓ (જીવતાં જ) મહાપદ(મોક્ષ)ને પામી ચૂક્યા છે. ૩૯

हर्षामर्षभयक्रोधकामकार्पण्यदृष्टिभिः ।
न हृष्यति ग्लायति यः स जीवन्मुक्त उच्यते ॥ ४० ॥

હર્ષ, અસહનશીલતા, ભય, ક્રોધ, કામ અને કૃપણતાવાળી દૃષ્ટિથી જે હર્ષ કે શોકને પામતો નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૦

अहंकारमयीं त्यक्त्वा वासनां लीलयैव यः ।
तिष्ठति ध्येयसंत्यागी स जीवन्मुक्त उच्यते ॥ ४१ ॥

જે પુરુષ અહંકારમય વાસનાનો રમતમાત્રમાં ત્યાગ કરી, ધ્યેય વસ્તુને પણ તજી, કેવળ આત્મારૂપ સ્થિતિ કરે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૧

मौनवान् निरहंभावो निर्मानो मुक्तमत्सरः ।
यः करोति गतोद्वेगः स जीवन्मुक्त उच्यते ॥ ४२ ॥

જે મૌન વ્રતવાળો, અહંભાવરહિત, માનરહિત, દ્વેષ તથા ક્રોધને છોડનારો અને ઉદ્વેગ વિનાનો થઈ સર્વ ક્રિયાઓ કરે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૨

यावती दृश्यकलना सकलेयं विलोक्यते ।
सा येन सुष्ठु संत्यक्ता स जीवन्मुक्त उच्यते ॥ ४३ ॥

દેખાતા પદાર્થોની જેટલી આ સંખ્યા દેખાય છે, તે સર્વને જેણે (અનાત્મભાવે) સારી રીતે તજી હોય (અર્થાત્ સર્વ

વસ્તુને આત્મારૂપ જોઈ આત્મા સિવાય કોઈ વસ્તુ જ જેની દૃષ્ટિએ રહી ન હોય) તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૩

उद्वेगानंदरहितः समया स्वच्छया धिया ।
न शोचते न चोदेति स जीवन्मुक्त उच्यते ॥ ४४॥

સમાન ભાવવાળી સ્વચ્છ બુદ્ધિને લીધે જે શોક કે આનંદથી રહિત હોઈ કોઈ વસ્તુનો શોક કરતો નથી, અથવા કોઈ વસ્તુથી આનંદ પામતો નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૪

सर्वेच्छाः सकलाः शंकाः सर्वेहाः सर्वनिश्चयाः ।
धिया येन परित्यक्ताः स जीवन्मुक्त उच्यते ॥ ४५॥

જેણે સર્વ ઇચ્છાઓ, બધી શંકાઓ, સઘળા ઉદ્યમો અને સર્વ નિશ્ચયોનો બુદ્ધિપૂર્વક ત્યાગ કર્યો હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૫

जन्मस्थितिविनाशेषु सोदयास्तमयेषु च ।
सममेव मनो यस्य स जीवन्मुक्त उच्यते ॥ ४६॥

કોઈ પણ વસ્તુની ઉત્પત્તિ, સ્થિતિ કે નાશ થતાં અને કોઈ પણ પદાર્થનો ઉદય કે અસ્ત થતાં જેનું મન સમભાવે જ રહે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૬

सर्वाधिष्ठानचिन्मात्रे निर्विकल्पे चिदात्मनि ।
यो जीवति गतस्नेहः स जीवन्मुक्त उच्यते ॥ ४७॥

સર્વના આશ્રયરૂપ, કેવળ ચૈતન્યમય, સર્વ સંશયોથી રહિત અને શુદ્ધ જ્ઞાનસ્વરૂપ એવા આત્મસ્વરૂપમાં જ માત્ર સ્નેહ કરીને જે જીવે છે; તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૭

क्रियानाशाद् भवेच्चिन्तानाशोऽस्माद्वासनाक्षयः ।
वासनाप्रक्षयो मोक्षः सा जीवन्मुक्तिरुच्यते ॥ ४८ ॥

સર્વ સાંસારિક ક્રિયાનો નાશ થવાથી ચિંતાનો નાશ થાય છે, ચિંતાનો નાશ થવાથી વાસનાઓનો નાશ થાય છે અને વાસનાઓનો જે નાશ થાય તે જ મોક્ષ કહેવાય છે. આવો મોક્ષ તે જ જીવન્મુક્તિ કહેવાય છે. ૪૮

निर्विकल्पा च चिन्मात्रा वृत्तिः प्रज्ञेति कथ्यते ।
सा सर्वदा भवेद् यस्य स जीवन्मुक्त उच्यते ॥ ४९ ॥

સર્વ સંશયો અથવા ભ્રમણાઓથી રહિત અને કેવળ ચૈતન્ય (આત્મા)રૂપ થયેલી જે વૃત્તિ તે જ પ્રજ્ઞા કહેવાય છે. જેને એ વૃત્તિ સદાકાળ રહે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૯

देहेन्द्रियेष्वहंभाव इदंभावस्तदन्यके ।
यस्य नो भवतः क्वापि स जीवन्मुक्त उच्यते ॥ ५० ॥

દેહ અને ઇંદ્રિયો પર અહંભાવ (એટલે આત્મબુદ્ધિ) અને તે સિવાયના બીજા પદાર્થ પર ઇદંભાવ (એટલે 'આ'પણું)—આ બંને જેને કદી થતાં નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૦

न प्रत्यग्ब्रह्मणोर्भेदं कदापि ब्रह्मसर्गयोः ।
प्रज्ञया यो विजानाति स जीवन्मुक्त उच्यते ॥ ५१ ॥

જે જીવાત્મા અને બ્રહ્મનું જુદાપણું તેમ જ બ્રહ્મ અને સૃષ્ટિનું જુદાપણું બુદ્ધિથી જાણતો નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૧

साधुभिः पूज्यमानोऽपि पीड्यमानोऽपि दुर्जनैः ।
सममेव भवेद् यस्य स जीवन्मुक्त उच्यते ॥५२॥

સજ્જનો પૂજા કરે અને દુર્જનો દુઃખ દે, તોપણ જેને તે બંને તરફ સમાનભાવ રહે છે; તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૨

यथास्थितमिदं यस्य व्यवहारवतोऽपि च ।
अस्तं गतं स्थितं व्योम सजीवन्मुक्त उच्यते ॥५३॥

જગતના વ્યવહારોમાં જે રહ્યો હોય, પોતે વ્યવહાર કરતો હોય અને આ જગત જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં રહ્યા છતાં જેની દૃષ્ટિએ અસ્ત પામ્યું હોય અર્થાત્ રહ્યું જ ન હોય, પણ કેવળ બ્રહ્મરૂપે જ થયું હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૩

नोदेति नास्तमायाति सुखे दुःखे मनःप्रभा ।
यथाप्राप्तस्थितिर्यस्य स जीवन्मुक्त उच्यते ॥५४॥

જેની માનસિક પ્રભા સુખમાં ઉદય પામતી નથી અને દુઃખમાં અસ્ત પામતી નથી; પણ જે સ્થિતિમાં હોય તે જ સ્થિતિમાં રહે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૪

यो जागर्ति सुषुप्तिस्थो यस्य जाग्रन्न विद्यते ।
यस्य निर्वासनो बोधः स जीवन्मुक्त उच्यते ॥५५॥

જે સુષુપ્તિમાં હોય છતાં જાગે છે, જેને (અજ્ઞાનીના જેવી) જાગ્રત અવસ્થા હોતી નથી અને જેનું જ્ઞાન વાસનાઓથી રહિત હોય છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૫

रागद्वेषभयादीनामनुरूपं चरन्नपि ।
योऽन्तर्व्योमवदत्यच्छः स जीवन्मुक्त उच्यते ॥५६॥

જે પુરુષ રાગ, દ્વેષ, ભય વગેરેને અનુસરતી ચેષ્ટા કરતો હોય, છતાં અંદરથી તો આકાશ જેવો અત્યંત નિર્મળ હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૬

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
कुर्वतोऽकुर्वतो वापि स जीवन्मुक्त उच्यते ॥५७॥

જે પુરુષ કોઈ કર્મ કરે અથવા ન કરે છતાં જેને અહંકારયુક્ત ભાવ થતો નથી, અને જેની બુદ્ધિ (તે તે ધર્મોથી) લેપાતી નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૭

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयान्मुक्तः स जीवन्मुक्त उच्यते ॥५८॥

જેનાથી લોક ઉદ્વેગ પામતા નથી, અને જે લોકથી ઉદ્વેગ પામતો નથી, તે હર્ષ, દ્વેષ તથા ભયથી રહિત પુરુષ જીવન્મુક્ત કહેવાય છે. ૫૮

यः समस्तार्थजालेषु व्यवहार्यपि शीतलः ।
परार्थेष्विव पूर्णात्मा स जीवन्मुक्त उच्यते ॥५९॥

જે સમગ્ર પદાર્થોના સમૂહોમાં, તે પદાર્થો પોતાથી જાણે જુદા જ હોય તેમ વ્યવહાર કરે તોપણ પોતે પૂર્ણ સ્વરૂપ હોઈ, શીતલ સ્વભાવે રહે છે (તે તે પદાર્થોને પોતાનાથી જે જુદા માનતો જ નથી), તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૯

प्रजहाति यदा कामान् सर्वांश्चित्तगतान् मुने ।
मयि सर्वात्मके तुष्टः स जीवन्मुक्त उच्यते ॥६०॥

હે મુનિ ! જ્યારે મનુષ્ય ચિત્તમાં રહેલી સર્વ કામનાઓનો ત્યાગ કરે છે અને સર્વના આત્મસ્વરૂપ મારામાં જ

સંતુષ્ટ રહે છે, ત્યારે તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૦

चैत्यवर्जितचिन्मात्रे पदे परमपावने ।

अक्षुब्धचित्तो विश्रान्तः स जीवन्मुक्त उच्यते ॥ ६१ ॥

જ્ઞાતવ્ય ધર્મરહિત અને કેવળ જ્ઞાતાસ્વરૂપ એવા પરમ પવિત્ર આત્મસ્વરૂપ મોક્ષસ્થાનમાં જે વિશ્રાંતિ પામ્યો હોય, અને જેનું ચિત્ત કદી ક્ષોભ (વિકાર) પામતું ન હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૧

इदं जगदयं सोऽयं दृश्यजातमवास्तवम् ।

यस्य चित्ते न स्फुरति स जीवन्मुक्त उच्यते ॥ ६२ ॥

આ જગત, આ જીવ અને દશ્ય વસ્તુઓનો આ જૂઠો સમુદાય જેના ચિત્તમાં (આત્માથી અલગરૂપે) જણાય નહિ, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૨

शांतसंसारकलनः कलावानपि निष्कल ।

यः सचित्तोऽपि निश्चित्तः स जीवन्मुक्त उच्यते ॥ ६३ ॥

જેની સંસારદૃષ્ટિ નાશ પામી હોય, જે કલાવાન હોય છતાં કલારહિત હોય અને જે ચિત્તથી યુક્ત હોવા છતાં ચિત્તથી રહિત હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૩

चिदात्माहं परात्माहं निर्गुणोऽहं परात्परः ।

आत्ममात्रेण यस्तिष्ठेत् स जीवन्मुक्त उच्यते ॥ ६४ ॥

'હું ચૈતન્યરૂપ આત્મા છું, હું જ પરમાત્મા છું, હું ગુણોથી રહિત છું અને પરથી પણ પર છું' આમ કેવળ આત્મારૂપે જ જે સ્થિતિ કરે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૪

देहत्रयातिरिक्तोऽहं शुद्धचैतन्यमस्म्यहम् ।

ब्रह्माहमिति यस्यान्तः स जीवन्मुक्त उच्यते ॥ ६५ ॥

'હું ત્રણે દેહથી રહિત છું, હું શુદ્ધ ચૈતન્ય છું અને હું જ બ્રહ્મ છું' આમ જેના અંતઃકરણમાં રહ્યા કરે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૫

यस्य देहादिकं नास्ति यस्य ब्रह्मेति निश्चयः ।

परमानन्दपूर्णो यः स जीवन्मुक्त उच्यते ॥ ६६ ॥

જેને દેહ વગેરે (હોવા છતાં) નથી—દેહાદિ સાથેનો 'હું-મારું' વગેરે ભાવ રહ્યો નથી, 'હું બ્રહ્મ છું' અથવા 'સર્વ કંઈ બ્રહ્મ જ છે' એવો જેને નિશ્ચય થયો હોય, અને જે પરમ આનંદથી પૂર્ણ થયો હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૬

नित्यानंदः प्रसन्नात्मा ह्यन्यचिन्ताविवर्जितः ।

किंचिदस्तित्वहीनो यः स जीवन्मुक्त उच्यते ॥ ६७ ॥

જે નિત્ય આનંદમય અને પ્રસન્ન ચિત્તવાળો હોઈ દ્વૈતની ચિંતાથી રહિત હોય, અને કોઈ પણ વસ્તુના સંગ્રહ વિનાનો હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૭

अहं ब्रह्मास्म्यहं ब्रह्मास्म्यहं ब्रह्मेति निश्चयः ।

चिदहं चिदहं चेति स जीवन्मुक्त उच्यते ॥ ६८ ॥

'હું બ્રહ્મ છું, હું બ્રહ્મ છું, હું બ્રહ્મ છું' આવો જેને નિશ્ચય થયો હોય, અને 'હું ચૈતન્યરૂપ જ્ઞાતા છું, હું જ ચૈતન્ય છું' આવો જેને અનુભવ હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૮

પ્રકરણ ૯ મું

સ્વાનુભવવાક્યો

योऽसावसौ पुरुषः सोऽहमस्मि ॥ १ ॥

જે આ સૂર્યમાં રહેલો પુરુષ છે, તે હું છું. ૧

तद्योऽहं सोऽसौ योऽसौ सोऽहम् ॥ २ ॥

જે હું આ (જીવાત્મા) છું, તે જ એ પરબ્રહ્મ છે; અને જે (પરબ્રહ્મ) છે, તે જ હું છું. ૨

तं शान्तमचलमद्वयानन्दचिद्घन एवास्मि ॥ ३ ॥

શાંત અને અચળ સ્થિતિવાળા તે પરમાત્મારૂપ હું અદ્વૈત આનંદમય ચૈતન્યરૂપ જ છું. ૩

तत्पूर्णानन्दैकबोधस्तद्ब्रह्मैवाहमस्मि ॥ ४ ॥

જે પૂર્ણ આનંદમય અને કેવળ જ્ઞાનસ્વરૂપ છે, તે જ બ્રહ્મ હું છું. ૪

त्वं वाहमस्मि भगवो देव तेऽहं वै त्वमसि ॥५॥

હે ભગવન્! હે દેવ! તું તે જ હું છું; અને હું તે જ તું છે. ૫

सच्चिदानन्दात्मकोऽहमजोऽहं परिपूर्णोऽहमस्मि ॥ ६ ॥

હું સત્–ચિત્–આનંદમય છું, હું અજન્મા છું અને પરિપૂર્ણ છું. ૬

शुद्धाद्वैतब्रह्माहम् ॥ ७ ॥

હું શુદ્ધ અદ્વૈત બ્રહ્મ છું. ૭

वाचामगोचरनिराकारपरब्रह्मस्वरूपोऽहमेव ॥ ८ ॥

જે પરબ્રહ્મ વાણીના અવિષય અને નિરાકાર છે, તે સ્વરૂપ જ હું છું. (અર્થાત્ હું ને પરબ્રહ્મ જુદા નથી.) ૮

सदोज्वलोऽविद्यासत्कार्यहीनः स्वात्मा बन्धहरः सर्वदा द्वैतरहित आनन्दरूपः सर्वाधिष्ठानसन्मात्रो निरस्ताविद्यातमोमोहोऽहमेवाहमों तद्यत्परं ब्रह्म रामचन्द्रश्चिदात्मकः सोऽहमों तद्रामभद्रः परं ज्योती रसोऽहमोम् ॥ ९ ॥

સદા અતિશય પ્રકાશમાન અને અવિદ્યા તથા તેનાં કાર્યોથી રહિત એવો પોતાનો આત્મા જ સંસારરૂપ બંધનને દૂર કરનાર, સર્વદા દ્વૈતરહિત, આનંદસ્વરૂપ, સર્વના આશ્રયરૂપ અને માત્ર સત્સ્વરૂપ છે; અવિદ્યારૂપ અંધકારની મૂંઝવણને દૂર કરનાર તે જ હું છું; ૐકાર હું છું; જે પરબ્રહ્મ છે, તે જ શ્રીરામચંદ્ર છે; તે જ જ્ઞાતારૂપ અથવા ચૈતન્ય-સ્વરૂપ છે; તે જ હું છું; ૐ શ્રીરામચંદ્ર પરમજ્યોતિ છે અને રસ છે; અને તે જ હું છું. ૐ ૯

तत्परः परमपुरुषः पुराणपुरुषोत्तमो नित्यशुद्धबुद्धमुक्तसत्य-परमानन्दानन्ताद्वयपरिपूर्णः परमात्मा ब्रह्मैवाहं रामोऽस्मि ॥ १० ॥

તે બ્રહ્મ સર્વથી પર પરમ પુરુષ છે; ઉત્તમ પુરાણ-પુરુષ છે; નિત્ય, શુદ્ધ, જ્ઞાની, મુક્ત, સત્યસ્વરૂપ, પરમ આનંદસ્વરૂપ, અનંત, અદ્વૈત અને પરિપૂર્ણ છે; પરમાત્મા શ્રીરામચન્દ્ર બ્રહ્મ જ છે અને હું જ તે બ્રહ્મ છું, શ્રીરામ છું. ૧૦

त्रिषु धामसु यद् भोज्यं भोक्ता भोगश्च यद् भवेत् ।
तेभ्यो विलक्षणः साक्षी चिन्मात्रोऽहं सदाशिवः ॥ ११ ॥

ત્રણે લોકમાં જે ભોગવવા યોગ્ય, ભોગવનાર અને ભોગવવારૂપ ક્રિયા છે, તેઓથી હું જુદો છું, કેવળ સાક્ષી છું અને માત્ર ચૈતન્યસ્વરૂપ સદાશિવ છું. ૧૧

मय्येव सकलं जातं मयि सर्वं प्रतिष्ठितम् ।
मयि सर्वं लयं याति तद्ब्रह्माद्वयमस्म्यहम् ॥ १२ ॥

મારામાં જ બધું જન્મ્યું છે, મારામાં જ બધું રહ્યું છે અને મારામાં જ બધું લય પામે છે. હું તે અદ્વૈત બ્રહ્મ છું. ૧૨

निर्वाणोऽस्मि निरीहोऽस्मि निरंशोऽस्मि निरीप्सितः ॥ १३ ॥

હું શાંત-મુક્ત છું; ચેષ્ટાઓરહિત છું; અવયવોરહિત અને ઇચ્છાઓથી રહિત છું. ૧૩

चिदात्माऽस्मि निरंशोऽस्मि परापरविवर्जितः ॥ १४ ॥

હું ચૈતન્યસ્વરૂપ આત્મા છું, અંશરહિત છું અને પારકો કે પોતાનો એવા વિભાગોથી પણ રહિત છું. ૧૪

ब्रह्मैवाहं सर्ववेदान्तवेद्यं नाहं वेद्यं व्योमवातादिरूपम् ।
रूपं नाहं नाम नाहं न कर्म ब्रह्मैवाहं सच्चिदानन्दरूपम् ॥ १५ ॥

સર્વ વેદાંતથી જાણવા યોગ્ય બ્રહ્મ હું જ છું; આકાશ અને વાયુ વગેરેના રૂપવાળી જાણવા યોગ્ય વસ્તુ હું નથી; હું રૂપ નથી; હું નામ નથી અને કર્મ પણ નથી; હું જ સચ્ચિદાનંદસ્વરૂપ બ્રહ્મ છું. ૧૫

नित्यः शुद्धो ब्रह्ममुक्तस्वभावः सत्यः सूक्ष्मः सन्विभुश्चाद्वितीयः ।
आनंदाब्धिर्यः परः सोऽहमस्मि प्रत्यग्धातुर्नात्र संशीतिरस्ति ॥ १६ ॥

સર્વના મૂળરૂપ જે પરમાત્મા નિત્ય, શુદ્ધ, બંધાયા હોય તેવા છતાં મુક્ત, સત્ય, સૂક્ષ્મ, સત્તારૂપ, વ્યાપક, અદ્વિતીય અને આનંદના સમુદ્ર છે, તે જ હું છું; એમાં સંશય નથી. ૧૬

सोऽहमर्कः परं ज्योतिरर्कज्योतिरहं शिवः ।
आत्मज्योतिरहं शुक्रः सर्वज्योतिरसावहोम् ॥ १७ ॥

હું તે સૂર્ય છું, પરમજ્યોતિ છું, સૂર્યનું તેજ છું, હું શિવ છું, આત્મપ્રકાશ છું, હું અગ્નિ છું અને એ જ હું સર્વ તેજરૂપ છું. ૧૭

द्वैतभावविमुक्तोऽस्मि सच्चिदानंदलक्षणः ॥ १८ ॥

હું દ્વૈતભાવથી રહિત એક જ છું અને સત્-ચિત્-આનંદ-એ જ મારું લક્ષણ છે. ૧૮

शुद्धबोधस्वरूपोऽहं केवलोऽहं सदाशिवः ॥ १९ ॥

હું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છું; હું કેવળ સદાશિવ છું-સર્વદા મંગળસ્વરૂપ છું. ૧૯

निष्क्रियोऽस्म्यविकारोऽस्मि निर्गुणोऽस्मि निराकृतिः ॥ २० ॥

હું ક્રિયારહિત, નિર્વિકાર, નિર્ગુણ અને નિરાકાર છું. ૨૦

निर्विकल्पोऽस्मि नित्योऽस्मि निरालंबोऽस्मि निर्द्वयः ॥ २१ ॥

હું સર્વ સંશયોથી રહિત, નિત્ય, કોઈના આશ્રય વિનાનો અને અદ્વૈત (એક) જ છું. ૨૧

केवलाखण्डबोधोऽहं स्वानंदोऽहं निरन्तरः ॥ २२ ॥

હું કેવળ અખંડ જ્ઞાનરૂપ છું, પોતાના જ આનંદરૂપ છું અને કોઈ પણ જાતના અંતર વિનાનો (પ્રત્યક્ષ) છું. ૨૨

सत्यं ज्ञानमनन्तं यत् परं ब्रह्माहमेव तत् ॥ २३ ॥

જે બ્રહ્મ સત્ય, જ્ઞાનરૂપ, અનંત અને સર્વથી પર છે, તે જ હું છું. ૨૩

केवलं चित्सदानन्दं ब्रह्मैवाहं जनार्दनः ॥ २४ ॥

એક જ, જ્ઞાતારૂપ, સત્સ્વરૂપ અને આનંદમય જે બ્રહ્મ છે, તે જ હું વિષ્ણુ છું. ૨૪

अशुभाशुभसंकल्पैः संशान्तोऽस्मि निरामयः ।
नष्टेष्टानिष्टकलनः संविन्मात्रपरोऽस्म्यहम् ॥ २५ ॥

હું અશુભ તથા શુભ સંકલ્પોથી અત્યંત શાંત થયો છું (અર્થાત્ મારા સર્વ સંકલ્પો શમી ગયા છે); અને સર્વ દોષોથી હું રહિત થયો છું; મારું ઇષ્ટ–અનિષ્ટનું ભાન નાશ પામ્યું છે અને કેવળ જ્ઞાનપરાયણ જ હું થયો છું. ૨૫

अन्तर्याम्यहमग्राह्योऽनिर्देश्योऽहमलक्षणः ॥ २६ ॥

હું અંતર્યામી છું; હું ગ્રહણ કરી શકાઉં તેવો કે બતાવી શકાઉં તેવો નથી; અને કોઈ પણ લક્ષણથી રહિત છું. ૨૬

अद्वैतोऽहमपूर्णोऽहमबाह्योऽहमनन्तरः ॥ २७ ॥

હું અદ્વૈત અર્થાત્ એક જ છું; હું પૂર્ણ કરી શકાઉં તેવો નથી; હું બહારના ભાગમાં કે અંદર નથી. ૨૭

अद्वयानन्द विज्ञानघनोऽस्म्यहमविक्रियः ॥ २८ ॥

હું અદ્વૈત, આનંદ તથા વિજ્ઞાનથી વ્યાપ્ત છું અને સર્વ વિકારોથી રહિત છું. ૨૮

अविद्याकार्यहीनोऽहमवाङ्मनसगोचरः ॥ २९ ॥

હું અવિદ્યાનાં કાર્યોથી રહિત છું અને વાણી કે મનનો વિષય નથી. ૨૯

आत्मचैतन्यरूपोऽहमहमानन्दचिद्घनः ॥ ३० ॥

આત્મારૂપ ચૈતન્ય તે હું જ છું; અને હું જ આનંદમય તથા પૂર્ણ જ્ઞાતા છું. ૩૦

आप्तकामोऽहमाकाशात् परमात्मेश्वरोऽस्म्यहम् ॥ ३१ ॥

મેં હૃદયાકાશમાંથી જ સર્વ કામનાઓ પૂર્ણ કરી છે; હું પરમાત્મા છું અને ઈશ્વર છું. ૩૧

चिदानन्दोऽस्म्यहं चेता चिद्घनश्चिन्मयोऽस्म्यहम् ॥ ३२ ॥

હું જ્ઞાન અને આનંદરૂપ છું; હું જ્ઞાતા છું; ચૈતન્યથી પૂર્ણ છું અને ચૈતન્યમય છું. ૩૨

ज्योतिर्मयोऽस्म्यहं ज्यायाञ्ज्योतिषां ज्योतिरस्म्यहम् ॥ ३३ ॥

હું તેજોમય છું, (સર્વથી) અતિશય મોટો છું અને પ્રકાશોનો પણ પ્રકાશ છું. ૩૩

नित्योऽहं निरवद्योऽहं निष्क्रियोऽस्मि निरञ्जनः ।
निर्मलो निर्विकल्पोऽहं निराख्यातोऽस्मि निश्चलः ॥ ३४ ॥

હું નિત્ય છું, હું નિર્દોષ છું, ક્રિયાઓથી રહિત છું, નિર્લેપ છું, નિર્મળ છું, સર્વ સંશયોથી રહિત છું, સંજ્ઞાથી રહિત છું અને નિશ્ચળ છું–સદા એકરૂપ છું. ૩૪

निर्विकारो नित्यपूतो निर्गुणो निःस्पृहोऽस्म्यहम् ।
निरिन्द्रियो नियन्ताऽहं निरपेक्षोऽस्मि निष्कलः ॥ ३५ ॥

હું નિર્વિકાર, નિત્ય પવિત્ર, નિર્ગુણ, નિઃસ્પૃહ, ઇંદ્રિયો-

રહિત, સર્વનો નિયંતા, કોઈ પણ ઇચ્છાથી રહિત અને કોઈ જાતના અંશો કે અવયવોથી પણ રહિત છું. ૩૫

पुरुषः परमात्माऽहं पुराणः परमोऽस्म्यहम् ॥ ३६ ॥

હું પુરાણ પુરુષ છું, પરમાત્મા છું; અને સર્વોત્કૃષ્ટ શોભા કે સંપત્તિથી યુક્ત છું, અથવા સર્વશ્રેષ્ઠ છું. ૩૬

पूर्णानन्दैकबोधोऽहं प्रत्यगेकरसोऽस्म्यहम् ॥ ३७ ॥

હું પૂર્ણાનંદરૂપ છું, કેવળ જ્ઞાનરૂપ જ છું અને આત્મારૂપ એક જ રસવાળો છું. ૩૭

प्रज्ञातोऽहं प्रशान्तोऽहं प्रकाशः परमेश्वरः ।
एकधा चिन्त्यमानोऽहं द्वैताद्वैतविलक्षणः ॥ ३८ ॥

હું ઉત્કૃષ્ટ જ્ઞાનવાન, અતિશય શાંત, પ્રકાશરૂપ, પરમેશ્વર તથા અનેક પ્રકારે ચિંતવાતો છતાં દ્વૈત અને અદ્વૈતથી રહિત છું. ૩૮

शुद्धोऽस्मि शुक्रः शान्तोऽस्मि शाश्वतोऽस्मि शिवोऽस्म्यहम् ॥ ३९ ॥

હું શુદ્ધ છું, તેજસ્વી છું, શાંત છું, નિત્ય છું અને શિવ છું–મંગળ તથા કલ્યાણસ્વરૂપ છું. ૩૯

अहं सकृद्विभातोऽस्मि स्वे महिम्नि सदा स्थितः ॥ ४० ॥

હું એક જ વાર પ્રકાશ્યો છું અને પોતાના મહિમામાં સદા રહ્યો છું. ૪૦

सच्चिदानंदमात्रोऽहं स्वप्रकाशोऽस्मि चिद्घनः ॥ ४१ ॥

હું માત્ર સચ્ચિદાનંદરૂપ છું, સ્વયંપ્રકાશ છું અને ચૈતન્યમય છું. ૪૧

मानावमानहीनोऽस्मि निर्गुणोऽस्मि शिवोऽस्म्यहम् ।
द्वैताद्वैतविहीनोऽस्मि द्वन्द्वहीनोऽस्मि सोऽस्म्यहम् ॥ ४२ ॥

હું માન કે અપમાનથી રહિત છું, નિર્ગુણ છું, શિવ છું, દ્વૈત તથા અદ્વૈતથી રહિત છું, સુખ–દુઃખ, રાગ–દ્વેષ આદિ દ્વંદ્વોથી રહિત છું; અને તે જ (પરમાત્મા) છું. ૪૨

भावाभावविहीनोऽस्मि भाषाहीनोऽस्मि भास्म्यहम् ।
शून्याशून्यविहीनोऽस्मि शोभनाशोभनोऽस्म्यहम् ॥ ४३ ॥

હું ભાવ તથા અભાવથી રહિત છું, ભાષાથી રહિત છું, કાંતિરૂપ છું, શૂન્ય તથા અશૂન્ય વિનાનો છું; અને સારો કે નરસો પણ હું જ છું. ૪૩

सदसद्भेदहीनोऽस्मि संकल्परहितोऽस्म्यहम् ।
नानात्मभेदहीनोऽस्मि ह्यखण्डानन्दविग्रहः ॥ ४४ ॥

હું સાચા કે જૂઠા ભેદ વિનાનો છું, સંકલ્પોથી રહિત છું, અનેક આત્માઓરૂપી ભેદથી રહિત છું; અને અખંડ આનંદરૂપ શરીરવાળો છું. ૪૪

बन्धमोक्षविहीनोऽस्मि शुद्धं ब्रह्मास्मि सोऽस्म्यहम् ।
चित्तादिसर्वहीनोऽस्मि परमोऽस्मि परात्परः ॥ ४५ ॥

હું બંધ કે મોક્ષ વિનાનો છું, શુદ્ધ બ્રહ્મ છું, ચિત્ત આદિ સર્વથી જુદો છું, સર્વથી ઉત્કૃષ્ટ છું; અને પરથી પણ પર–પરમાત્મા છું. ૪૫

सदा विचाररूपोऽस्मि निर्विचारोऽस्मि सोऽस्म्यहम् ॥ ४६ ॥

હું સદા વિચારરૂપ છું, વિચારરહિત છું; અને તે જ હું પરમાત્મા છું. ૪૬

ध्यातृध्यानविहीनोऽस्मि ध्येयहीनोऽस्मि सोऽस्म्यहम् ॥ ४७ ॥

હું ધ્યાન કરનાર અને ધ્યાનક્રિયા એ બંનેથી જુદો છું; અને તે જ હું ધ્યાન કરવા યોગ્ય વસ્તુથી પણ રહિત છું. ૪૭

लक्ष्यालक्ष्यविहीनोऽस्मि लयहीनरसोऽस्म्यहम् ।
मातृमानविहीनोऽस्मि मेयहीनः शिवोऽस्म्यहम् ॥ ४८ ॥

હું લક્ષ્ય કે અલક્ષ્યથી રહિત છું; લયરહિત રસવાળો છું; માપ કરનાર નથી, માપવું ક્રિયા નથી અને માપવા યોગ્ય વસ્તુ પણ નથી; હું શિવ છું. ૪૮

सर्वेन्द्रियविहीनोऽस्मि सर्वकर्मकृदप्यहम् ॥ ४९ ॥

હું સર્વ ઇન્દ્રિયોથી રહિત છું; છતાં સર્વ કર્મ કરનારો પણ છું. ૪૯

मुदितामुदिताख्योऽस्मि सर्वमौनफलोऽस्म्यहम् ॥ ५० ॥

હું મુદિતા અને અમુદિતા નામની અંતઃકરણની વૃત્તિરૂપ છું; અને સર્વ મૌનવ્રતનું ફળ છું. ૫૦

षड्विकारविहीनोऽस्मि षट्कोशरहितोऽस्म्यहम् ॥ ५१ ॥

હું છ વિકારોથી* રહિત છું અને છ કોશથી× પણ રહિત છું. ૫૧

देशकालविमुक्तोऽस्मि दिगम्बरसुखोऽस्म्यहम् ॥ ५२ ॥

હું દેશ–કાળથી રહિત છું અને દિગંબર અવસ્થાના સુખરૂપ છું. ૫૨

* ભૂખ, તરસ, શોક, મોહ, ઘડપણ, મરણ : આ છ વિકારો.
+ ચામડી, માંસ, લોહી, હાડકાં, આંતરડાં, ચરબી : આ છ કોશ.

अखंडाकाशरूपोऽस्मि ह्यखण्डाकारमस्म्यहम् ।
प्रपञ्चमुक्तचित्तोऽस्मि प्रपंचरहितोऽस्म्यहम् ॥ ५३ ॥

હું અખંડ આકાશરૂપ છું, અખંડ આકારરૂપ છું, પ્રપંચથી છૂટેલા ચિત્તવાળો છું અને પ્રપંચથી રહિત છું. ૫૩

सर्वप्रकाशरूपोऽस्मि चिन्मात्रज्योतिरस्म्यहम् ।
कालत्रयविमुक्तोऽस्मि कामादिरहितोऽस्म्यहम् ॥ ५४ ॥

હું સર્વ પ્રકાશરૂપ છું, માત્ર ચૈતન્યરૂપ જ્યોતિ છું, ત્રણે કાળથી છૂટો છું અને કામાદિ વિકારોથી રહિત છું. ૫૪

मुक्तिहीनोऽस्मि मुक्तोऽस्मि मोक्षहीनोऽस्म्यहं सदा ॥ ५५ ॥

હું મુક્તિરહિત છું, મુક્ત છું અને સદા મોક્ષ વિનાનો છું. ૫૫

गन्तव्यदेशहीनोऽस्मि गमनादिविवर्जितः ॥ ५६ ॥

હું જવા યોગ્ય પ્રદેશથી જુદો છું અને જવું વગેરે ક્રિયાઓથી રહિત છું. ૫૬

सर्वदा समरूपोऽस्मि शान्तोऽस्मि पुरुषोत्तमः ॥ ५७ ॥

હું સર્વકાળે સમાનરૂપવાળો છું, શાંત છું અને પુરુષોમાં ઉત્તમ છું. ૫૭

चिदक्षरोऽहं सत्योऽहं वासुदेवोऽजरोऽमरः ॥ ५८ ॥

હું જ્ઞાતા છું, અવિનાશી છું, સત્ય છું; વાસુદેવ છું, વૃદ્ધાવસ્થાથી રહિત છું અને મરણધર્મ વિનાનો છું. ૫૮

अहमेवाक्षरं ब्रह्म वासुदेवाख्यमद्वयम् ॥ ५९ ॥

હું જ વાસુદેવ નામનું અદ્વૈત અક્ષર બ્રહ્મ છું. ૫૯

परब्रह्मस्वरूपोऽहं परमानंदमस्म्यहम् ।
केवलं ज्ञानरूपोऽहं केवलं परमोऽस्म्यहम् ॥ ६० ॥

હું પરબ્રહ્મસ્વરૂપ છું, પરમ આનંદમય છું, કેવળ જ્ઞાનરૂપ છું અને હું જ કેવળ પરમાત્મા છું. ૬૦

केवलं शान्तरूपोऽहं केवलं चिन्मयोऽस्म्यहम् ।
केवलं नित्यरूपोऽहं केवलं शाश्वतोऽस्म्यहम् ॥ ६१ ॥

હું કેવળ શાંતસ્વરૂપ છું, કેવળ ચૈતન્યમય છું, કેવળ નિત્યરૂપ છું અને કેવળ સનાતન છું. ૬૧

केवलं सत्यरूपोऽहमहं त्यक्त्वाहमस्म्यहम् ॥ ६२ ॥

હું કેવળ સત્યરૂપ છું અને અહંકારનો ત્યાગ કરી 'હું' રૂપ છું ૬૨

केवलं तुर्यरूपोऽस्मि तुर्यातीतोऽस्मि केवलः ॥ ६३ ॥

હું (ત્રણ અવસ્થાઓ વાળાથી પર) કેવળ ચોથા આત્મરૂપ છું; છતાં ચોથી અવસ્થાથી રહિત કેવળ-પરમાત્મા છું. ૬૩

केवलाकाररूपोऽस्मि शुद्धरूपोऽस्म्यहं सदा ॥ ६४ ॥

હું કેવળ આકારરૂપ છું અને શુદ્ધ સ્વરૂપ છું. ૬૪

निर्विकल्पस्वरूपोऽस्मि निरीहोऽस्मि निरामयः ॥ ६५ ॥

હું વિકલ્પરહિત સ્વરૂપવાળો છું; ઇચ્છાઓથી રહિત અને નિર્દોષ છું. ૬૫

अपरिच्छिन्नरूपोऽस्मि ह्यनन्तानंदरूपवान् ॥ ६६ ॥

હું અમાપરૂપવાળો અને અનંત આનંદસ્વરૂપ છું. ૬૬

आत्मारामस्वरूपोऽस्मि ह्यहमात्मा सदाशिवः ॥ ६७ ॥

હું આત્મામાં જ રમતા સ્વરૂપવાળો અને સદાશિવ-નિત્ય મંગળ આત્મા છું. ૬૭

आदिमध्यान्तशून्योऽस्मि ह्याकाशसदृशोऽस्म्यहम् ॥ ६८ ॥

હું આદિ, મધ્ય તથા અંત વિનાનો છું અને આકાશ જેવો છું. ૬૮

नित्यशुद्धचिदानन्दः सत्तामात्रोऽहमव्ययः ।
नित्यबुद्धविशुद्धैकः सच्चिदानंदमस्म्यहम् ॥ ६९ ॥

હું નિત્યશુદ્ધ, જ્ઞાતા અને આનંદરૂપ છું; માત્ર હોવા રૂપ છું, અવિકારી છું; નિત્ય બોધ પામેલો, શુદ્ધ અને એક જ છું; અને હું સચ્ચિદાનંદમય છું. ૬૯

भूमानन्दस्वरूपोऽस्मि भाषाहीनोऽस्म्यहं सदा ।
सर्वाधिष्ठानरूपोऽस्मि सर्वदा चिद्घनोऽस्म्यहम् ॥ ७० ॥

હું પુષ્કળ આનંદસ્વરૂપ છું, ભાષારહિત છું, સર્વના આશ્રયરૂપ છું અને સર્વકાળે ચૈતન્યમય છું. ૭૦

चित्तवृत्तिविहीनोऽहं चिदात्मैकरसोऽस्म्यहम् ॥ ७१ ॥

હું ચિત્તની વૃત્તિથી રહિત અને કેવળ ચૈતન્યરૂપ રસવાળો છું. ૭૧

अहं ब्रह्मैव सर्वं स्यादहं चैतन्यमेव हि ।
अहमेवाहमेवास्मि भूमाकारस्वरूपवान् ॥ ७२ ॥

હું બ્રહ્મ જ છું, સર્વ કંઈ હું જ છું, હું ચૈતન્ય જ છું, બધું હું જ હું જ છું અને હું અતિ મહાન આકાર તથા રૂપવાળો છું. ૭૨

अहमेव महानात्मा ह्यहमेव परात्परः ।
अहमन्यवदाभामि ह्यहमेव शरीरवत् ॥ ७३ ॥

હું જ મહાન આત્મા છું, હું જ પર વસ્તુથી પણ પર છું; હું જ સર્વ પદાર્થોથી જાણે જુદો હોઉં તેવો જણાઉં છું અને હું જ શરીર જેવો ભાસું છું. ૭૩

अहं शिष्यवदाभामि ह्यहं लोकत्रयाश्रयः ।
अहं कालत्रयातीतो ह्यहं वेदैरुपासितः ॥ ७४ ॥

હું શિષ્ય જેવો જણાઉં છું, હું જ ત્રણે લોકનો આશ્રય છું, હું ત્રણે કાળથી રહિત છું અને હું જ વેદો વડે ઉપાસના કરાયેલો છું. ૭૪

अहं शास्त्रेण निर्णीत अहं चित्ते व्यवस्थितः ॥ ७५ ॥

હું શાસ્ત્ર વડે નિર્ણય કરાયેલો છું અને હું જ સર્વના ચિત્તમાં રહ્યો છું. ૭૫

आनन्दघन एवाहमहं ब्रह्मास्मि केवलम् ॥ ७६ ॥

હું જ કેવળ આનંદમય છું, અને હું જ કેવળ બ્રહ્મ છું. ૭૬

आत्मनात्मनि तृप्तोऽस्मि ह्यरूपो ह्यहमव्ययः ॥ ७७ ॥

હું આત્મામાં આત્મા વડે તૃપ્ત છું, રૂપરહિત છું અને હું જ અવિનાશી છું. ૭૭

आकाशादपि सूक्ष्मोऽहमाद्यन्ताभाववानहम् ॥ ७८ ॥

હું આકાશ કરતાં પણ સૂક્ષ્મ છું અને આદિ–અંત-રહિત છું. ૭૮

सत्तामात्रस्वरूपोऽहं शुद्धमोक्षस्वरूपवान् ।
सत्यानंदस्वरूपोऽहं ज्ञानानंदघनोऽस्म्यहम् ॥ ७९ ॥

હું માત્ર હોવારૂપ છું, શુદ્ધ મોક્ષ મારું જ સ્વરૂપ છે; હું સત્ય આનંદસ્વરૂપ છું અને કેવળ જ્ઞાન તથા આનંદમય છું. ૭૯

नामरूपविमुक्तोऽहमहमानंदविग्रहः ॥ ८० ॥

હું નામ તથા રૂપથી રહિત છું; અને આનંદ એ જ મારું શરીર છે. ૮૦

आदिचैतन्यमात्रोऽहमखण्डैकरसोऽस्म्यहम् ॥ ८१ ॥

હું આદિકાળના માત્ર ચૈતન્યરૂપ છું અને અખંડ એક જ રસવાળો છું. ૮૧

सर्वत्र पूर्णरूपोऽहं परामृतरसोऽस्म्यहम् ॥ ८२ ॥

હું સર્વ સ્થળે પૂર્ણરૂપે છું અને સર્વોત્કૃષ્ટ અમૃતનો રસ હું છું. ૮૨

एकमेवाद्वितीयं सद् ब्रह्मैवाहं न संशयः ॥ ८३ ॥

એક જ, અદ્વિતીય અને સત્‌સ્વરૂપ જે બ્રહ્મ છે, તે હું જ છું; એમાં સંશય નથી. ૮૩

अहमेव परं ब्रह्म ह्यहमेव गुरोर्गुरुः ॥ ८४ ॥

હું જ પરબ્રહ્મ છું અને હું જ ગુરુનો પણ ગુરુ છું. ૮૪

सर्वज्ञानप्रकाशोऽस्मि मुख्यविज्ञानविग्रहः ।
तुर्यातुर्यप्रकाशोऽस्मि तुर्यातुर्यादिवर्जितः ॥ ८५ ॥

હું સર્વ જ્ઞાનનો પ્રકાશ છું, મુખ્ય વિજ્ઞાન મારું શરીર છે; ચોથા અને નહિ ચોથા–આત્માનો પ્રકાશ હું છું અને ચોથા તથા નહિ ચોથા વગેરે ભેદથી રહિત છું. ૮૫

दृशिस्वरूपं गगनोपमं परं सकृद्विभातं त्वजमेकमक्षरम् ।
अलेपकं सर्वगतं यदद्वयं तदेव चाहं सकलं विमुक्त ॐ ॥ ८६ ॥

જે આત્મતત્ત્વ દર્શનક્રિયાસ્વરૂપ, આકાશ જેવું, સર્વથી પર, એક જ વાર પ્રકાશેલું, જન્મરહિત, એક, અવિનાશી, નિર્લેપ, સર્વવ્યાપ્ત, અદ્વૈત, પૂર્ણ અને સર્વકાળ મુક્ત છે, તે જ હું છું. ૮૬

'अहं ब्रह्मास्मि' मंत्रोऽयं जन्मपापं विनाशयेत् ॥ ८७ ॥

'હું બ્રહ્મ છું' આ મંત્ર જન્મોનાં પાપનો નાશ કરે છે. ૮૭

'अहं ब्रह्मासि' मंत्रोऽयं भेदबुद्धि विनाशयेत् ॥ ८८ ॥

'હું બ્રહ્મ છું' આ મંત્ર ભેદબુદ્ધિનો નાશ કરે છે. ૮૮

'अहं ब्रह्मास्मि' मंत्रोऽयं कोटिदोषं विनाशयेत् ॥ ८९ ॥

'હું બ્રહ્મ છું' આ મંત્ર કરોડો દોષોનો નાશ કરે છે. ૮૯

'अहं ब्रह्मास्मि' मंत्रोऽयं ज्ञानानंदं प्रयच्छति ॥ ९० ॥

'હું બ્રહ્મ છું' આ મંત્ર જ્ઞાનનો આનંદ આપે છે. ૯૦

सर्वमंत्रान् समुत्सृज्य इमं मंत्रं समभ्यसेत् ।
सद्यो मोक्षमवाप्नोति नास्ति संदेहमण्वपि ॥ ९१ ॥

સર્વ મંત્રોનો ત્યાગ કરી આ મંત્રનો જ જપ કરવો; તેથી મનુષ્ય તરત જ મોક્ષ પામે છે, એમાં લેશમાત્ર સંદેહ નથી. ૯૧

પ્રકરણ ૧૦ મું

સમાધિ–વાક્યો

जीवात्मपरमात्मैक्यावस्था त्रिपुटिरहिता परमानंदस्वरूपा शुद्धचैतन्यात्मिका समाधिः ॥ १ ॥

જીવાત્મા અને પરમાત્માની એકતાવાળી અવસ્થા, કે જે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓથી રહિત, પરમ આનંદસ્વરૂપ અને શુદ્ધ ચૈતન્યરૂપ હોય છે, તે સમાધિ છે. ૧

ध्यातृध्याने विहाय निवातस्थितदीपवद् ध्येयैकगोचरं चित्तं समाधिः ॥ २ ॥

ધ્યાન કરનાર અને ધ્યાનક્રિયા એ બન્નેનો ત્યાગ કરી ચિત્ત, વાયુ વિનાના પ્રદેશમાં રહેલા દીવાની પેઠે (સ્થિર થઈ) કેવળ એક ધ્યાન કરવા યોગ્ય વસ્તુના જ વિષયવાળું બને તે સમાધિ છે. ૨

वृत्तिशून्यं प्रचारशून्यं मनः परमात्मनि लीनं भवति ॥ ३ ॥

સમાધિ અવસ્થામાં મન વૃત્તિરહિત અને પ્રચારશૂન્ય થઈ પરમાત્મામાં લીન થાય છે. ૩

प्राप्ते ज्ञानेन विज्ञाने ज्ञेये परमात्मनि हृदि संस्थिते देहे लब्धशान्तिपदं गते तदा प्रभामनोबुद्धिशून्यं भवति ॥ ४ ॥

જ્ઞાન વડે વિજ્ઞાન (અનુભવજ્ઞાન) પ્રાપ્ત થાય છે અને જાણવાયોગ્ય પરમાત્મારૂપ વસ્તુ હૃદયમાં (ધ્યાન દ્વારા)

સારી રીતે સ્થિર થાય છે; ત્યારે દેહમાં જ મેળવેલા શાંતિરૂપ પદને પામેલા મનુષ્ય વિષે તે સમયે પ્રકાશ, મન તથા બુદ્ધિની શૂન્યતા થાય છે. (આ સમાધિ કહેવાય છે.) ૪

प्राणापानयोरैक्यं कृत्वा धृतकुंभको नासाग्रदर्शनदृढभावनया द्विकराङ्गुलिभिः षण्मुखीकरणेन प्रणवध्वनिं निशम्य मनस्तत्र लीनं भवति ॥ ५ ॥

પ્રાણ તથા અપાનવાયુની એકતા કર્યા પછી કુંભક પ્રાણાયામ કરી, નાકની અણી પર દૃષ્ટિ રાખી, દૃઢ ભાવના વડે બે હાથની આંગળીઓથી ષણ્મુખી (મુદ્રા) કરીને પ્રણવનો અવાજ સાંભળી મન તેમાં લીન થાય છે. ૫

पयःस्रवानन्तरं धेनुस्तनक्षीरमिव सर्वेन्द्रियवर्गे परिनष्टे मनोनाशो भवति ॥ ६ ॥

દોહી લીધા પછી ગાયના આંચળમાંનું દૂધ જેમ નાશ પામે છે, તેમ સર્વ ઇંદ્રિયોનો સમુદાય ચારે બાજુથી નાશ પામે છે ત્યારે (સમાધિમાં) મનનો નાશ થાય છે. ૬

यदा पञ्चावतिष्ठन्ते ज्ञानानि मनसा सह ।
बुद्धिश्च न विचेष्टति तामाहुः परमां गतिम् ॥ ७ ॥

જ્યારે પાંચ જ્ઞાનેંદ્રિયો મન સાથે એક થઈ પરમાત્મામાં સ્થિતિ કરે છે અને બુદ્ધિ પણ કોઈ જાતની ચેષ્ટા કરતી નથી, ત્યારે તે સ્થિતિને યોગીઓ પરમ ગતિ (સમાધિ) કહે છે. ૭

संशान्तसर्वसंकल्पा या शिलावदवस्थितिः ।
जाग्रन्निद्राविनिर्मुक्ता सा स्वरूपस्थितिः परा ॥ ८ ॥

જેમાં સર્વ સંકલ્પો સંપૂર્ણ શાંત થઈ ગયા હોય, શિલા જેવી સ્થિતિ હોય અને જાગ્રત તથા નિદ્રાવસ્થાથી પણ જે રહિત હોય, તે સ્વરૂપસ્થિતિ નામની ઉત્કૃષ્ટ સમાધિ છે. ૮

मारुते मध्यसंचारे मनःस्थैर्यं प्रजायते ।
यो मनःसुस्थिरीभावः सैवावस्था मनोन्मनी ॥ ९ ॥

પ્રાણવાયુ, શરીરના મધ્યભાગમાં જ્યારે સંચાર કરે છે ત્યારે મનની સ્થિરતા થાય છે; અને મનનું જે અત્યંત સ્થિર થવું, તે જ અવસ્થા મનોન્મની નામની (સમાધિ) છે. ૯

सरूपोऽसौ मनोनाशो जीवन्मुक्तस्य विद्यते ।
निदाघारूपनाशस्तु वर्तते देहमुक्तिके ॥ १० ॥

(મનનો નાશ બે પ્રકારે છે; તેમાં ઉત્તમ વાસનાવાળું અને સ્થિર થયેલું જે મન) એ મનનો સરૂપનાશ કહેવાય છે. અને તે જીવન્મુક્તને હોય છે; પછી હે નિદાઘ! મનનો જે અરૂપ નાશ થાય છે, તે દેહને છોડતી વેળા હોય છે. ૧૦

चित्ते चैत्यदशाहीने या स्थितिः क्षीणचेतसाम् ।
सोच्यते शान्तकलना जाग्रत्येव सुषुप्तता ॥ ११ ॥

જેઓનાં ચિત્ત નાશ પામ્યાં હોય તેવા જીવન્મુક્ત પુરુષોની જ્ઞાતવ્યદશાથી રહિત ચિત્તમાં જે સ્થિતિ હોય છે, તે જાગ્રત અવસ્થામાં જ શાંત જ્ઞાનવાળી સુષુપ્તિ છે. ૧૧

नैतज्जाग्रन्न च स्वप्नः संकल्पानामभावनात् ।

सुषुप्तभावो नाप्येतदभावाज्जडतास्थितेः ॥ १२ ॥

આ સમાધિ અવસ્થા તે જાગ્રત કે સ્વપ્ન નથી; કેમ કે તેમાં સંકલ્પો હોતા નથી; તેમ જ એ સુષુપ્તિ અવસ્થા પણ નથી; કેમ કે તેમાં જડતાવાળી સ્થિતિ હોતી નથી. ૧૨

सत्त्वावबोध एवासौ वासनातृणपावकः ।

प्रोक्तः समाधिशब्देन न तु तूष्णीमवस्थितिः ॥ १३ ॥

વાસનારૂપ ઘાસને બાળી નાખવામાં અગ્નિ સમાન આ અવસ્થા આત્માના જ્ઞાનરૂપ જ હોય છે; અને તેને જ 'સમાધિ' શબ્દથી કહેલ છે; મૂંગા બેસી રહેવું તે કંઈ સમાધિ નથી. ૧૩

निर्विकारतया वृत्त्या ब्रह्माकारतया पुनः ।

वृत्तिविस्मरणं सम्यक् समाधिरभिधीयते ॥ १४ ॥

નિર્વિકાર અને બ્રહ્માકાર થયેલી વૃત્તિ વડે મનની સંકલ્પ-વિકલ્પરૂપ વૃત્તિને ભૂલી જવી, તે જ ઉત્તમ સમાધિ કહેવાય છે. ૧૪

दृश्यासंभवबोधेन रागद्वेषादितानवे ।

रतिर्बलोदिता या सा समाधिरभिधीयते ॥ १५ ॥

'દૃશ્ય વસ્તુ કોઈ સંભવતી જ નથી,' આવા જ્ઞાનથી રાગ-દ્વેષ વગેરે જ્યારે ઘણા જ ઓછા થઈ જાય, અને આત્મબળથી ઉદય પામેલી આત્મા ઉપરની પ્રીતિ જે પ્રકટે, તે જ સમાધિ કહેવાય છે. ૧૫

अहमेव परं ब्रह्म ब्रह्माहमिति संस्थितिः ।

समाधिः स तु विज्ञेयः सर्ववृत्तिनिरोधकः ॥ १६ ॥

'હું જ પરમ બ્રહ્મ છું,' 'હું બ્રહ્મ છું' આમ બ્રહ્મસ્વરૂપે સારી રીતે સ્થિતિ કરવી, તે સર્વ વૃત્તિઓને રોકવારૂપ સમાધિ જાણવી. ૧૬

समाधिः संविदुत्पत्तिः परजीवैकतां प्रति ॥ १७ ॥

પરમાત્મા અને જીવાત્માની એકતા જણાવનારા જ્ઞાનની ઉત્પત્તિ તે સમાધિ છે. ૧૭

ध्यानस्य विस्मृतिः सम्यक् समाधिरतिधीयते ॥ १८ ॥

કોઈ પણ પદાર્થનું ધ્યાન ભુલાઈ જાય, તે ઉત્તમ સમાધિ કહેવાય છે. (અર્થાત્ સંકલ્પ-વિકલ્પરહિત જે સ્થિતિ તે જ સમાધિ છે.) ૧૮

समाहिता नित्यतृप्ता यथाभूतार्थदर्शिनी ।

ब्रह्मन् समाधिशब्देन परा प्रज्ञोच्यते बुधैः ॥ १९ ॥

હે બ્રાહ્મણ નિદાધ! આત્મામાં એકાગ્ર બનેલી, નિત્યતૃપ્ત અને આત્મારૂપ સત્ય પદાર્થને જોતી સર્વશ્રેષ્ઠ જે બુદ્ધિ, તેને જ વિદ્વાનો 'સમાધિ' નામથી ઓળખે છે. ૧૯

अक्षुब्धा निरहंकारा द्वन्द्वेष्वननुपातिनी ।

ब्रह्मन् समाधिशब्देन मेरोः स्थिरतरा स्थितिः ॥ २० ॥

હે બ્રાહ્મણ નિદાધ! વિકાર નહિ પામતી, અહંકારરહિત; રાગ-દ્વેષ વગેરે તરફ નહિ જતી અને મેરુ પર્વત કરતાં પણ વધારે સ્થિર જે સ્થિતિ તે જ 'સમાધિ' કહેવાય છે. ૨૦

निश्चिता विगताऽभीष्टा हेयोपादेयवर्जिता ।

ब्रह्मन् समाधिशब्देन परिपूर्णमनोगतिः ॥ २१ ॥

હે બ્રાહ્મણ! નિશ્ચયવાળી, ઇચ્છાઓથી રહિત અને તજવાલાયક અથવા નહિ તજવાલાયક ભાવથી રહિત મનની આત્મધ્યાનમાં જે પરિપૂર્ણ એકાગ્રતા તે 'સમાધિ' કહેવાય છે. ૨૧

सलिले सैंधवं यद्वत् साम्यं भजति योगतः ।

तथात्ममनसोरैक्यं समाधिरभिधीयते ॥ २२ ॥

પાણીમાં મળવાથી મીઠું જેમ એકતાને પામી જાય છે, તેમ આત્મા તથા મનની જે એકતા થવી તે 'સમાધિ' કહેવાય છે. ૨૨

यत्समत्वं तयोरत्र जीवात्मपरमात्मनोः ।

समस्तनष्टसंकल्पः समाधिरभिधीयते ॥ २३ ॥

જેમાં જીવાત્મા અને પરમાત્માની એકતા અનુભવાય અને સમગ્ર સંકલ્પો નાશ પામ્યા હોય, તે 'સમાધિ' કહેવાય છે. ૨૩

प्रभाशून्यं मनःशून्यं बुद्धिशून्यं निरामयम् ।

सर्वशून्यं निराभासं समाधिरभिधीयते ॥ २४ ॥

પ્રકાશરહિત, મનરહિત, બુદ્ધિરહિત, બાહ્ય–આભ્યંતર દોષરહિત, આભાસરહિત એમ સર્વશૂન્ય જે સ્થિતિ તે 'સમાધિ' કહેવાય છે. ૨૪

ब्रह्माकारमनोवृत्तिप्रवाहोऽहंकृतिं विना ।

संप्रज्ञातसमाधिः स्याद्ध्यानाभ्यासप्रकर्षतः ॥ २५ ॥

અહંકાર વિના મનની વૃત્તિનો બ્રહ્માકારે પ્રવાહ થવો તે

'સંપ્રજ્ઞાત સમાધિ' ધ્યાન તથા અભ્યાસને વધારવાથી થાય છે.

प्रशान्तवृत्तिकं चित्तं परमानन्ददीपकम् ।

असंप्रज्ञातनामाऽयं समाधिर्योगिनां प्रियः ॥ २६ ॥

જેમાં અત્યંત શાંત થયેલી વૃત્તિવાળું ચિત્ત કેવળ પરમાનંદનો પ્રકાશ કરનારું બને, તે 'અસંપ્રજ્ઞાત' નામે સમાધિ છે. એ યોગીઓને પ્રિય છે. ૨૬

स्वानुभूतिरसावेशाद् दृश्यशब्दावुपेक्षितुः ।

निर्विकल्पसमाधिः स्यान्निवातस्थितदीपवत् ॥ २७ ॥

આત્માના અનુભવરૂપ રસના આવેશથી દેખાતા પદાર્થો અને શબ્દ–શાસ્ત્ર એ બન્નેની ઉપેક્ષા કરનાર પુરુષને 'નિર્વિકલ્પ સમાધિ' થાય છે. તેમાં વાયુ વિનાના પ્રદેશમાં રહેલા દીવા જેવી સ્થિતિ હોય છે. ૨૭

प्रभाशून्यं मनःशून्यं बुद्धिशून्यं चिदात्मकम् ।

अतद्व्यावृत्तिरूपोऽसौ समाधिर्मुनिभावितः ॥ २८ ॥

જેમાં પ્રકાશ નથી હોતો, મન નથી હોતું અને બુદ્ધિ પણ નથી હોતી, પરંતુ ચિદાત્મા જ હોય છે, એ મુનિઓએ અભ્યાસ કરેલી અને જેમાંથી પાછા ફરવાનું હોતું નથી એવી સમાધિ છે. ૨૮

ऊर्ध्वपूर्णमधःपूर्णं मध्यपूर्णं शिवात्मकम् ।

साक्षाद् विधिमुखो ह्येष समाधिः पारमार्थिकः ॥ २९ ॥

ઉપર પૂર્ણ, નીચે પૂર્ણ અને વચમાં પૂર્ણ એમ કેવળ શિવસ્વરૂપ જ બની જવાય, તે જ સાક્ષાત્ વિધિરૂપ મુખવાળી સાચી સમાધિ છે. ૨૯

પ્રકરણ ૧૧ મું

જુદાં જુદાં લિંગવાળાં સ્વરૂપવાકયો

श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद् वाचो ह वाचं स उ प्राणस्य प्राणः ॥१॥

જે બ્રહ્મ શ્રોત્રના શ્રોત્ર, મનના મન અને વાણીની પણ વાણી છે, તે જ પ્રાણના પણ પ્રાણ છે. ૧

यो वै भूमा तत् सुखम् ॥ २ ॥

જે પરમાત્મા સર્વથી શ્રેષ્ઠ છે, તે જ સુખરૂપ છે. ૨

यो वै भूमा तदमृतम् ॥ ३ ॥

જે પરમાત્મા સર્વથી ઉત્તમ છે, તે જ અમૃત છે. ૩

नेति नेति न ह्येतस्मादिति नेत्यन्यत् परमस्त्यथ नामधेयं सत्यस्य सत्यमिति प्राणा वै सत्यं तेषामेष सत्यम् ॥ ४ ॥

આ બ્રહ્મને 'નેતિ નેતિ—આ નહિ, આ નહિ' એમ જ વર્ણવી શકાય; આથી બીજી રીતે વર્ણવી શકાય નહિ. આ બ્રહ્મથી બીજું કંઈ શ્રેષ્ઠ નથી. 'સત્યનું સત્ય' એવું બ્રહ્મનું નામ છે; પ્રાણો જ સત્ય છે અને આ બ્રહ્મ પ્રાણોની અંદર પણ સત્યરૂપે છે. ૪

रातेर्दातुः परायणम् ॥ ५ ॥

તે બ્રહ્મ, ધનનું દાન કરનાર પુરુષની પરમ ગતિ છે, અર્થાત્ તેને સર્વકર્મોનાં ફળ આપે છે. ૫

स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरं शुद्धमपापविद्धम् ॥ ६ ॥

તે પરમાત્મા ચારે બાજુ વ્યાપીને રહ્યા છે, સ્વયં-

પ્રકાશ છે, શરીરરહિત છે, વ્રણ (ઘાવ અથવા ખોડ-ખાંપણ) વિનાના છે, સ્નાયુઓ રહિત છે, શુદ્ધ છે અને પાપથી (તથા પુણ્યથી) રહિત છે. ૬

प्रणवो ह्यपरं ब्रह्म प्रणवश्च परः स्मृतः ॥७॥

પ્રણવ (ૐકાર) એ જ સર્વશ્રેષ્ઠ છે, બ્રહ્મ છે; અને એ 'પ્રણવ'ને સર્વથી પર કહેલ છે. ૭

न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः ।
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥ ८ ॥

પરમાત્માનો નાશ નથી, ઉત્પત્તિ નથી; તે બંધાયેલ નથી, સાધક નથી, મુક્ત થવા ઇચ્છતા નથી કે મુક્ત પણ નથી; આ જ સાચું છે. ૮

अखण्डैकरसं शास्त्रमखण्डैकरसा त्रयी ॥९॥

શાસ્ત્ર અખંડ એકરસરૂપ (પરમાત્મા) છે અને વેદો પણ એક અખંડ એક રસરૂપ છે. ૯

अखण्डैकरसो देह अखैण्डकरसं मनः ॥ १० ॥

શરીર અખંડ એકરસરૂપ છે અને મન પણ અખંડ એકરસરૂપ છે. ૧૦

अखण्डैकरसं सूत्रमखण्डैकरसो विराट् ॥ ११ ॥

સૂત્રાત્મા અખંડ એકરસરૂપ છે અને વિરાટ્ પુરુષ પણ અખંડ એકરસરૂપ છે. ૧૧

अखण्डैकरसा विद्या ह्यखण्डैकरसोऽव्ययः ॥ १२ ॥

વિદ્યા અખંડ એકરસરૂપ છે અને અવિનાશી (આત્મા) અખંડ એકરસરૂપ જ છે. ૧૨

अखंडैकरसं गोप्यमखण्डैकरसः शशी ॥१३॥

રક્ષણ કરવા યોગ્ય અથવા ગુપ્ત રાખવા યોગ્ય વસ્તુ અખંડ એકરસરૂપ છે; અને ચંદ્રમા અખંડ એકરસરૂપ છે. ૧૩

अखण्डैकरसं क्षेत्रमखण्डैकरसा क्षमा ॥१४॥

ખેતર અખંડ એક રસરૂપ છે અને પૃથ્વી પણ અખંડ એકરસરૂપ છે. ૧૪

अखण्डैकरसास्तारा अखण्डैकरसो रविः ॥१५॥

તારાઓ અખંડ એકરસરૂપ છે અને સૂર્ય અખંડ એકરસરૂપ છે. ૧૫

अखण्डैकरसो ज्ञाता ह्यखण्डैकरसा स्थितिः ॥१६॥

હરકોઈ જાણનારો અખંડ એકરસરૂપ છે, અને હરકોઈ સ્થિતિ અખંડ એકરસરૂપ છે. ૧૬

अखण्डैकरसा माता अखण्डैकरसः पिता ॥१७॥

માતા અખંડ એકરસરૂપ છે; અને પિતા અખંડ એકરસરૂપ છે. ૧૭

अखण्डैकरसो राजा अखण्डैकरसं पुरम् ॥१८॥

રાજા અખંડ એકરસરૂપ છે; અને નગર અખંડ એકરસરૂપ છે. ૧૮

अखण्डैकरसं तारमखण्डैकरसो जपः ॥१९॥

ૐકાર અખંડ એકરસરૂપ છે અને તેનો જપ અખંડ એકરસરૂપ છે. ૧૯

सर्ववर्जितचिन्मात्रं त्वत्ता मत्ता च चिन्मयम् ॥२०॥

સર્વ પદાર્થોથી રહિત માત્ર એક ચૈતન્ય જ છે; તારું, મારું એ બધું માત્ર ચૈતન્ય જ છે. ૨૦

आदिरन्तं च चिन्मात्रं गुरुशिष्यादि चिन्मयम् ।

दृग्दृश्यं यदि चिन्मात्रमस्ति चेच्चिन्मयं सदा ॥२१॥

આદિ અને અંત માત્ર ચૈતન્ય છે; ગુરુ–શિષ્ય વગેરે ચૈતન્યમય છે; અને જોવું, જોનાર તથા જોવાયોગ્ય માત્ર જો ચૈતન્ય છે, તો સર્વ કાળે બધું ચૈતન્યમય છે. ૨૧

सर्वाश्चर्यं च चिन्मात्रं देहश्चिन्मात्रमेव हि ॥२२॥

સર્વ આશ્ચર્ય માત્ર ચૈતન્ય છે અને દેહ માત્ર ચૈતન્ય જ છે. ૨૨

अहं त्वं चैव चिन्मात्रं मूर्तामूर्तादि चिन्मयम् ।

पुण्यं पापं च चिन्मात्रं जीवश्चिन्मात्रविग्रहः ॥२३॥

હું અને તું માત્ર ચૈતન્ય છીએ; પ્રત્યક્ષ–અપ્રત્યક્ષ વગેરે ચૈતન્મય છે; પુણ્ય તથા પાપ માત્ર ચૈતન્ય છે અને જીવ માત્ર ચૈતન્યરૂપી શરીરવાળો છે. ૨૩

देहत्रयविहीनत्वात् कालत्रयविवर्जनात् ॥

जीवत्रयगुणाभावात् तापत्रयविवर्जनात् ।

लोकत्रयविहीनत्वात् सर्वमात्मेति शासनात् ॥

(नास्त्यनात्मेति निश्चिनु) ॥२४॥

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાનાં ત્રણે શરીરો ખરી રીતે (આત્માનાં) છે જ નહિ; ભૂત, ભવિષ્ય, વર્તમાન–ત્રણે કાળ નથી; જીવના ત્રણ ગુણો સત્ત્વ, રજસ્, અને તમસ્ નથી; આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક એ

ત્રણ તાપો નથી; સ્વર્ગ, મર્ત્ય, પાતાલ એ ત્રણે લોક નથી; પણ બધું આત્મા જ છે. આવો ઉપનિષદોનો ઉપદેશ હોવાથી આત્માથી જુદું કંઈ છે જ નહિ, એવો તું નિશ્ચય કર. ૨૪

चित्ताभावाच्चिन्तनीयं देहाभावाज्जरा न च ।
पादाभावाद्गतिर्नास्ति हस्ताभावात् क्रिया न च ॥
मृत्युर्नास्ति जननाभावाद्बुद्ध्यभावात् सुखादिकम् ॥२५॥

ચિત્ત નથી, માટે કંઈ ચિંતવવાનું નથી; દેહ નથી, માટે ઘડપણ નથી; પગ નથી, માટે જવું ક્રિયા નથી; હાથ નથી, માટે લેવું-મૂકવું ક્રિયા નથી; જન્મ નથી, માટે મૃત્યુ નથી; અને બુદ્ધિ નથી, માટે સુખ વગેરે પણ નથી. ૨૫

પ્રકરણ ૧૨ મું

પુરુષલિંગ-સ્વરૂપવાક્યો

स एषोऽकलोऽमृतः ॥ १ ॥

તે આ આત્મા અવયવરહિત અને અમર છે. ૧

नान्तःप्रज्ञं न बहिःप्रज्ञं नोभयतःप्रज्ञं न प्रज्ञानघनं न प्रज्ञं नाप्रज्ञमदृश्यमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमैकात्मप्रत्ययसारं प्रपञ्चोपशमं शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यन्ते स आत्मा स विज्ञेयः ॥२॥

આ આત્મા અંદરના જ્ઞાનવાળો નથી; બહારના જ્ઞાનવાળો નથી; બન્ને જ્ઞાનવાળો નથી; સર્વોત્કૃષ્ટ જ્ઞાનમય

નથી; સર્વ વિષયોને નહિ જાણનારો પણ નથી; દર્શન કરવાને શક્ય નથી; (વાણી વગેરેથી) વ્યવહાર કરવાને યોગ્ય નથી; ગ્રહણ કરવાને શક્ય નથી; લક્ષણોથી રહિત છે; ચિત્તથી ચિંતવી શકાય તેવો નથી; શબ્દોથી કહી શકાય તેવો નથી; કેવળ પોતાના અનુભવરૂપ સારવાળો છે-અનુભવથી જ જણાય છે; તેમાં સંસારરૂપ પ્રપંચ શમી જાય છે; તે શાંત છે; મંગળમય છે; દ્વૈતભાવથી રહિત છે; તેને (જ્ઞાનીઓ) ચોથો માને છે; તે આત્મા જાણવા યોગ્ય છે. ૨

अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपञ्चोपशमः शिवोऽद्वैतः ॥ ३ ॥

પ્રમાણરહિત, ચોથો, વ્યવહારને અયોગ્ય અને સંસારરૂપ પ્રપંચ જેમાં શાંત થાય છે એવો આત્મા મંગળમય અને અદ્વૈત છે. ૩

यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा ॥ ४ ॥

જે તત્ત્વમાં (જ્ઞાની) બીજું કંઈ જોતો નથી, બીજું સાંભળતો નથી અને બીજું અનુભવતો નથી, તે જ સર્વથી (મહાન) પરમાત્મા છે. ૪

स एष नेतिनेत्यात्माऽगृह्यो नहि गृह्यतेऽशीर्यो नहि शीर्यतेऽसङ्गो नहि सज्जतेऽसितो न व्यथते न रिष्यति ॥५॥

તે આ આત્મા 'નેતિ નેતિ-આ નહિ, આ નહિ' એમ ઉપનિષદો વડે વર્ણવાય છે; કોઈ ઇંદ્રિય વડે ગ્રહણ કરી શકાતો નથી, માટે ગ્રહણ કરાતો નથી; ક્ષયધર્મથી રહિત છે; તેથી ક્ષય પામતો નથી; સંગરહિત છે, તેથી કોઈ સાથે સંબંધ પામતો નથી; કોઈથી પણ બંધાયેલો નથી; પીડા

પામતો નથી અને હણાતો નથી. ૫

रसघन एवैवं वाऽरेयमात्माऽनन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव ॥६॥

જેમ સિંધાલૂણ અથવા મીઠાનો ગાંગડો કેવળ રસરૂપ જ છે, તેમ અરે મૈત્રેયી! આ આત્મા અંદર અને બહારથી રહિત સંપૂર્ણ પ્રજ્ઞાનઘન જ છે—કેવળ શ્રેષ્ઠ જ્ઞાનમય છે. ૬

तस्मिन्मनो विलीयते विलीने मनसि गते संकल्पविकल्पे दग्धे पुण्यपापे सदाशिवः । ॐ शक्त्यात्मकः सर्वत्रावस्थितः स्वयंज्योतिः शुद्धो नित्यो निरञ्जनः शान्ततमः प्रकाशते ॥७॥

તે બ્રહ્મમાં મન લય પામે છે; અને જ્યારે મન લય પામે છે, સંકલ્પ-વિકલ્પો જતા રહે છે તથા પુણ્ય-પાપ બળી જાય છે, ત્યારે સદા કલ્યાણસ્વરૂપ, શક્તિરૂપ, સર્વ સ્થળે રહેલા, સ્વયંપ્રકાશ, શુદ્ધ, નિત્ય, નિર્લેપ અને અતિશય શાંત એવા તે પરમાત્મા પ્રકાશે છે. ૭

एष शुद्धः पूतः शून्यः शान्तोऽप्राणोऽनीशात्मानन्तोऽक्षयः स्थिरः शाश्वतोऽजः स्वतंत्रः स्वे महिम्नि तिष्ठति ॥८॥

આ આત્મા શુદ્ધ, પવિત્ર, સર્વ ઉપાધિથી રહિત, શાંત, પ્રાણથી જુદો, અનીશ્વરનો પણ આત્મા, અનંત, ક્ષયરહિત, સ્થિર, નિત્ય, અજન્મા અને સ્વતંત્ર હોઈ પોતાના મહિમામાં રહે છે. ૮

चक्षुषो द्रष्टा श्रोत्रस्य द्रष्टा मनसो द्रष्टा वाचो द्रष्टा बुद्धेर्द्रष्टा प्राणस्य द्रष्टा तमसो द्रष्टा सर्वस्य द्रष्टा ततः सर्वस्मादन्यो विलक्षणः ॥

આ આત્મા ચક્ષુઇંદ્રિયનો દ્રષ્ટા છે; શ્રોત્રઇંદ્રિયનો દ્રષ્ટા છે; મનનો દ્રષ્ટા છે; વાણીનો દ્રષ્ટા છે; બુદ્ધિનો દ્રષ્ટા છે; પ્રાણનો દ્રષ્ટા છે; તમસ—અવ્યાકૃત માયાનો દ્રષ્ટા છે અને સર્વનો દ્રષ્ટા છે, તેથી સર્વથી જુદો છે અને જુદાં લક્ષણોવાળો છે. ૯

सद्घनोऽयं चिद्घन आनंदघन एवैकरसोऽव्यवहार्यः ॥१०॥

આ આત્મા કેવળ સત્સ્વરૂપ છે, જ્ઞાન અથવા ચૈતન્યમય છે, આનંદપૂર્ણ છે, એક જ રસવાળો અને વ્યવહાર માટે અયોગ્ય છે. ૧૦

सन्मात्रो नित्यः शुद्धो बुद्धः सत्यो मुक्तो निरञ्जनो विभुरद्वयानन्दः परः प्रत्यगेकरसः ॥११॥

આત્મા માત્ર સત્સ્વરૂપ, નિત્ય, શુદ્ધ, જ્ઞાનવાન, સત્ય, મુક્ત, નિર્લેપ, વ્યાપક, અદ્વૈત, આનંદરૂપ, સર્વથી પર અને કેવળ ચૈતન્યરૂપ રસવાળો છે. ૧૧

अदृष्टोऽव्यवहार्योऽत्यल्पो नाल्पः साक्ष्यविशेषः सर्वज्ञोऽनन्तोऽभिन्नोऽद्वयो विदिताविदितात्परः ॥१२॥

આત્મા કોઈએ નહિ જોયેલો, વ્યવહારને અયોગ્ય, થોડો, ઘણો, સાક્ષી, વિશેષરહિત, સર્વજ્ઞ, અનંત, સર્વથી ભિન્ન નહિ, અદ્વૈત અને જાણેલાથી તથા નહિ જાણેલાથી પર છે. ૧૨

अद्वैतपरमानन्दो विभुर्नित्यो निष्कलंको निर्विकल्पो निरञ्जनो निराख्यातः शुद्धो देव एको नारायणो न द्वितीयोऽस्ति कश्चित् ॥

અદ્વૈત પરમ આનંદરૂપ, વ્યાપક, નિત્ય, કલંકરહિત;

સંશયરહિત, નિર્લેપ, કોઈએ પણ પૂર્ણ રીતે નહિ વર્ણવેલ, શુદ્ધ અને સ્વયંપ્રકાશ એક નારાયણ જ પરમાત્મા છે, બીજો કોઈ નથી. ૧૩

अचक्षुर्विश्वतश्चक्षुरकर्णो विश्वतःकर्ण अपादो विश्वतःपाद अपाणिर्विश्वतः पाणिरहमशिरा विश्वतःशिरा विद्यामात्रैकसंश्रयो विद्यारूपः ॥

હું (પરમાત્મા) ચક્ષુરહિત છું, છતાં સર્વ તરફ ચક્ષુવાળો છું; કાન વિનાનો છું, છતાં સર્વ તરફ કાનવાળો છું; પગ વિનાનો છું, છતાં સર્વ તરફ પગવાળો છું; હાથ વિનાનો છું, છતાં ચારે બાજુ હાથવાળો છું; મસ્તક વિનાનો છું, છતાં ચારે બાજુ મસ્તકવાળો છું; માત્ર એક જ્ઞાન મારો આશ્રય છે અને કેવળ જ્ઞાનરૂપ છું. ૧૪

दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः ।
अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात्परतः परः ॥ १५॥

પરમાત્મા પ્રકાશવાન, આકારરહિત, પુરુષ, બાહ્ય તથા આભ્યંતર સહિત, અજન્મા, પ્રાણરહિત, મનરહિત, શુદ્ધ અને અક્ષરથી પર છે. ૧૫

अद्वैतः सर्वभावानां देवस्तुर्यो विभुः स्मृतः ॥१६॥

સર્વ પદાર્થોના પ્રકાશક દેવ-પરમાત્મા અદ્વૈત છે, ચોથા છે અને વ્યાપક કહેવાય છે. ૧૬

अपूर्वोऽनन्तरोऽबाह्योऽनपरः प्रणवोऽव्ययः ॥ १७॥

ૐકાર એ અપૂર્વ છે-કારણરહિત છે; અનંતર છે-ભિન્ન જાતીય વસ્તુથી રહિત છે; અબાહ્ય છે-બહારની કોઈ વસ્તુથી રહિત છે; સર્વ કાર્યોથી રહિત છે અને

અવિનાશી છે. ૧૭

अमात्रोऽनन्तमात्रश्च द्वैतस्योपशमः शिवः ॥ १८ ॥

વળી તે ૐકાર માત્રારહિત એટલે પ્રમાણ વિનાનો છે; તેના પ્રમાણનો અંત નથી; દ્વૈતભાવ તેમાં શમી જાય છે અને તે પરમકલ્યાણ અથવા મંગળરૂપ છે. ૧૮

कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ॥१९॥

તે પરમાત્મા કર્મોના નિયંતા, સર્વ પ્રાણીઓના વાસરૂપ, સર્વના સાક્ષી, ચેતનરૂપ, ઉપાધિરહિત અને સત્ત્વાદિ ગુણોથી રહિત છે. ૧૯

सर्वसंकल्परहितः सर्वनादमयः शिवः ।
सर्ववर्जितचिन्मात्रः सर्वानन्दमयः परः ॥ २० ॥

પરમાત્મા સર્વ સંકલ્પોથી રહિત, (શરીરમાં થતા) સર્વ નાદ(અવાજ)મય, મંગળસ્વરૂપ, સર્વથી રહિત, કેવળ ચૈતન્યરૂપ, સર્વ આનંદમય અને સર્વથી પર છે. ૨૦

सर्वानुभवनिर्मुक्तः सर्वध्यानविवर्जितः ॥ २१ ॥

વળી તે પરમેશ્વર સર્વ અનુભવોથી રહિત અને સર્વ ધ્યાનથી પણ રહિત છે. ૨૧

आत्मानात्मविवेकादिभेदाभेदविवर्जितः ॥ २२ ॥

આત્મા તથા અનાત્માનો વિવેક વગેરે ભેદ તથા અભેદથી પણ તે રહિત છે. ૨૨

महावाक्यार्थतो दूरो ब्रह्मास्मीत्यतिदूरतः ॥ २३ ॥

'બ્રહ્માસ્મિ-હું બ્રહ્મ છું' એમ અતિ દૂરનાં (જૂનાં) મહાવાક્યોના અર્થથી દૂર છે. ૨૩

तच्छब्दवर्ज्यस्त्वंशब्दहीनो वाक्यार्थवर्जितः ।
क्षराक्षरविहीनो यो नादान्तज्र्योतिरेव सः ॥ २४ ॥

તે 'तत्' શબ્દથી રહિત છે; 'त्वं' શબ્દથી પણ રહિત છે; 'तत् त्वमसि' એ વાક્યના અર્થથી રહિત છે; કાર્યથી જુદા છે અને કારણથી પણ જુદા છે; પરંતુ શરીરમાં સંભળાતાં નાદની અંદર જે તેજ અનુભવાય છે, તે જ તે છે. ૨૪

अखण्डैकरसो वाहमानन्दोऽस्मीति वर्जितः ॥ २५ ॥

હું અખંડ એકરસરૂપ છું અથવા આનંદરૂપ છું; એ જ હેતુથી બીજા સર્વ પદાર્થોથી રહિત છું. ૨૫

दृश्यदर्शननिर्मुक्तः केवलामलरूपवान् ॥ २६ ॥

આત્મા દર્શન કરવા યોગ્ય નથી અને જોવું એ ક્રિયા-રૂપ પણ નથી; તે તો કેવળ નિર્મળ સ્વરૂપવાળો જ છે. ૨૬

नित्योदितो निराभासो द्रष्टा साक्षी चिदात्मकः ॥ २७ ॥

આત્મા નિત્ય ઉદય પામેલો છે અને મન, બુદ્ધિ, વગેરેથી પ્રકાશતો નથી; તે તો દ્રષ્ટા, સાક્ષી અને ચૈતન્ય-રૂપ છે. ૨૭

स एव विदितादन्यस्तथैवाविदितादपि ॥ २८ ॥

તે જ પરમાત્મા જાણેલા તેમ જ નહિ જાણેલા સર્વ પદાર્થોથી જુદા છે. ૨૮

પ્રકરણ ૧૩ મું

સ્ત્રીલિંગ–સ્વરૂપવાક્યો

अलौकिकपरमानन्दलक्षणाखण्डामिततेजोराशिः ॥ १ ॥

અલૌકિક પરમાનંદ જેનું લક્ષણ છે, એવી અખંડ અમાપ તેજનો તે રાશિ છે. ૧

भावाभावकलाविनिर्मुक्ता चिद्विद्या ब्रह्मसंवित्तिः ॥ २ ॥

બ્રહ્મજ્ઞાનરૂપ તે ચૈતન્યવિદ્યા ભાવરૂપ અંશ તથા અભાવરૂપ અંશથી રહિત છે. ૨

सच्चिदानंदलहरी महात्रिपुरसुंदरी ।
बहिरन्तरनुप्रविश्य स्वयमेकैव विभाति ॥ ३ ॥

સત્–ચિત્–આનંદની લહર (તરંગ) જેવાં મહાત્રિપુર-સુંદરી ભગવતી, પોતે એકલાં જ બહાર અને અંદર પ્રવેશ કરી પ્રકાશે છે. ૩

सर्वसंकल्परहिता सर्वसंज्ञाविवर्जिता ।
सैषा चिदविनाशात्मा स्वात्मेत्यादिकृता भिदा ॥ ४ ॥

તે આ ચેતના સર્વ સંકલ્પોથી રહિત, સર્વ સંજ્ઞાઓ વિનાની, અવિનાશી સ્વરૂપ અને પોતાનો આત્મા વગેરે ભેદરૂપે થયેલ છે. ૪

आकाशशतभागाच्छा ज्ञेषु निष्कलरूपिणी ॥ ५ ॥

તે ચેતના આકાશના સેંકડો ભાગ જેવી સ્વચ્છ છે અને જ્ઞાનીઓમાં નિરંકુશરૂપે પ્રકાશે છે. ૫

नास्तमेति न चोदेति नोत्तिष्ठति न तिष्ठति ।

न च याति न चायाति न च नेह न चेह चित् ॥ ६॥

આ ચેતના અસ્ત પામતી નથી કે ઉદય પામતી નથી; ઊભી થતી નથી કે ઊભી રહેતી નથી; જતી નથી કે આવતી નથી અને 'અહીં છે કે અહીં નથી' એમ પણ નથી. ૬

सैषा चिदमलाकारा निर्विकल्पा निरास्पदा ॥ ७॥

આ ચેતના નિર્મળ આકારવાળી છે, સંશયરહિત છે અને અમુક નિયત સ્થાનવાળી નથી. ૭

महाचिदेकैवेहास्ति महासत्तेति चोच्यते ॥ ८॥

આ સૃષ્ટિમાં મહાચેતના એક જ છે અને તે જ મહાસત્તા એમ કહેવાય છે. ૮

निष्कलंका समा शुद्धा निरहंकाररूपिणी ॥ ९॥

તે ચેતના કલંકરહિત, એકસરખી, શુદ્ધ અને અહંકારરહિત છે. ૯

सकृद्विभाता विमला नित्योदयवती समा ।

सा ब्रह्म परमात्मेति नामभिः परिकीर्त्यते ॥ १०॥

તે (ચેતના) એક જ વાર પ્રકાશે છે, નિર્મળ છે, નિત્ય ઉદયવાળી છે અને તે જ બ્રહ્મ અને પરમાત્મા એવાં નામોથી કહેવાય છે. ૧૦

પ્રકરણ ૧૪ મું

નપુંસકલિંગ–સ્વરૂપવાકયો

अन्यदेव तद्विदितादथो अविदितादधि ॥ १॥

તે બ્રહ્મ જાણેલાથી અથવા નહિ જાણેલાથી પણ જુદું છે. ૧

यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुःश्रोत्रं तदपाणिपादम् ॥ २ ॥

જે બ્રહ્મ છે તે અદૃશ્ય અને અગ્રાહ્ય છે; અગોત્ર એટલે વંશ વિનાનું છે, વર્ણરહિત છે, ચક્ષુ અને શ્રોત્ર-ઇંદ્રિયથી રહિત છે અને હાથપગ વિનાનું છે. ૨

सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् ॥ ३ ॥

હે સૌમ્ય શ્વેતકેતુ ! આ નામરૂપાત્મક જગત સૃષ્ટિની પહેલાં સત્‌રૂપ જ, એક જ અને અદ્વિતીય બ્રહ્મરૂપ જ હતું. ૩

अस्थूलमनण्वह्रस्वमदीर्घमलोहितमस्नेहमच्छायमतमोऽवाय्वनाकाशमसङ्गमरसमगन्धमचक्षुष्कमश्रोत्रमवागमनोऽतेजस्कमप्राणममुखममात्रमनन्तरमबाह्यम् ॥ ४ ॥

તે બ્રહ્મ સ્થૂળ નથી, સૂક્ષ્મ નથી, ટૂંકું નથી, લાંબું નથી, રાતું નથી, ચીકણું નથી, અપ્રકાશરૂપ નથી, અંધકારરૂપ નથી, વાયુરૂપ નથી અને આકાશરૂપ નથી; તે તો સંગરહિત, રસરહિત, ગંધરહિત, ચક્ષુરહિત, શ્રોત્રરહિત, વાણીરહિત, મનરહિત, તેજરહિત, પ્રાણવાયુરહિત, મુખરહિત, માપ વિનાનું, છિદ્ર વિનાનું અને બહારની વસ્તુઓથી રહિત છે. ૪

नित्यं शुद्धं बुद्धं मुक्तं सत्यं सूक्ष्मं परिपूर्णमद्वयं सदानन्दचिन्मात्रं पुरतः सुविभातमविभातमद्वैतमचिन्त्यमलिङ्गं स्वप्रकाशमानंदघनम् ॥ ५ ॥

બ્રહ્મ નિત્ય, શુદ્ધ, જ્ઞાનવાન, મુક્ત, સત્ય, સૂક્ષ્મ, પરિપૂર્ણ, અદ્વૈત, માત્ર સચ્ચિદાનંદસ્વરૂપ, સર્વની પહેલાં પ્રકાશેલું, નહિ પ્રકાશેલું, બેપણાથી રહિત, ચિંતન કરવું અશક્ય, લિંગરહિત, સ્વયંપ્રકાશ અને આનંદવ્યાપ્ત છે. ૫

एतद्द्वयशब्दमस्पर्शमरूपमरसमगन्धमव्यक्तमदातव्यमगन्तव्यमबोद्धव्यमनहंकर्तयितव्यमचेतयितव्यममंतव्यमप्राणयितव्यमनुदानयितव्यमसमानयितव्यमनिन्द्रियमविषयमकरणमलक्षणमसङ्गमगुणमविक्रियमव्यपदेश्यमसत्त्वमरजस्कमतमस्कममायमभयमप्यौपनिषदमेव सुविभातं सकृद्विभातं पुरतोऽस्मात् सर्वस्मात् सुविभातमद्वयम् ॥ ६ ॥

આ બ્રહ્મ શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપ વિનાનું, રસ વિનાનું, ગંધ વિનાનું, અપ્રકટ, આપવું અશક્ય, જવાને અશક્ય, જાણવું અશક્ય, અહંકાર કરાવવું અશક્ય, ચેતના પમાડવાને અયોગ્ય, માનવું અશક્ય, પ્રાણયુક્ત કરવાને અશક્ય, ઉદાનવાયુ પમાડવાને અશક્ય, સમાનવાયુ, પમાડવાને અશક્ય, ઇંદ્રિયોરહિત, વિષયોરહિત, ક્રિયારહિત, લક્ષણરહિત, સંગરહિત, ગુણરહિત, વિકાર વિનાનું, બતાવવું અશક્ય, સત્ત્વગુણરહિત, રજોગુણરહિત, તમોગુણરહિત, માયારહિત, ભયરહિત, ઉપનિષદોથી જ જણાય તેવું, સારી રીતે પ્રકાશેલ, એક જ વાર પ્રકાશેલ, આ સર્વ જગતની પહેલાં સારી રીતે પ્રકાશેલ અને દ્વૈતભાવથી રહિત છે. ૬

अनिर्वचनीयं ज्योतिः सर्वव्यापकं निरतिशयानंदलक्षणं परमाकाशम् ॥ ७ ॥

જેનું વર્ણન કરવું અશક્ય છે, એવું સર્વવ્યાપક તેજ નિરતિશય આનંદરૂપ લક્ષણવાળું પરમાકાશ છે—સર્વશ્રેષ્ઠ હોઈ, ચારે બાજુ પ્રકાશી રહ્યું છે. (તે જ બ્રહ્મ છે.) ૭

तद्ब्रह्म तापत्रयातीतं षट्कोशविनिर्मुक्तं षडूर्मिवर्जितं पञ्चकोशातीतं षड्भावविकारशून्यमेवमादिसर्वविलक्षणं निर्गुणं निरुपप्लवं ज्योतिराभ्यन्तरं सर्वमायातीतमप्रत्यगेकरसमद्वितीयम् ॥ ८ ॥

તે બ્રહ્મ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ* તાપથી રહિત છે; ચામડી—માંસ—લોહી—હાડકાં—આંતરડાં—ચરબી આ છ કોશથી રહિત છે; કામ—ક્રોધ—લોભ—મોહ—મદ—મત્સર આ છ ઊર્મિઓથી રહિત છે; અન્નમય—પ્રાણમય—મનોમય—વિજ્ઞાનમય—આનંદમય આ પાંચ કોશથી જુદું છે; ભૂખ—તરસ—શોક—મોહ—ઘડપણ—મરણ આ છ ભાવવિકારોથી રહિત છે ઇત્યાદિ સર્વથી વિલક્ષણ, નિર્ગુણ, ઉપદ્રવોરહિત, અંદરના તેજરૂપ, સર્વ માયાઓથી મુક્ત, જીવભાવથી રહિતપણું એ જ એકરસવાળું અને અદ્વિતીય છે. ૮

तज्ज्योतिरेकमद्वितीयं सर्वकल्पनातीतं ध्रुवमक्षरमेकं सदा चकास्ति सच्चिदानन्दम् ॥ ९ ॥

---

* અથવા કર્તા—કર્મ—કાર્ય; અથવા જ્ઞાતા—જ્ઞાન—જ્ઞેય; અથવા ભોક્તા—ભોગ—ભોગ્ય; આ ત્રણ ત્રણ તાપ.

એક તે બ્રહ્મજ્યોતિ બીજાથી રહિત છે, સર્વ કલ્પના-ઓથી પર છે; એક જ સ્થિતિવાળું, અવિનાશી, એક અને સદા સચ્ચિદાનંદરૂપે પ્રકાશે છે. ૯

यत् तत् सत्यं विज्ञानमानन्दं निष्क्रियं निरञ्जनं सर्वगतं सुसूक्ष्मं सर्वतोमुखमनिर्देश्यममृतं निष्कलम्॥ १०॥

જે બ્રહ્મ છે તે સત્ય, વિજ્ઞાનમય, આનંદરૂપ, ક્રિયા-રહિત, નિર્લેપ, સર્વવ્યાપ્ત, અતિશય સૂક્ષ્મ, સર્વ તરફ મુખવાળું, બતાવવું અશક્ય, મરણધર્મરહિત અને અવયવો-રહિત છે. ૧૦

एकमद्वैतं निष्कलं निष्क्रियं शान्तं निरतिशयमनामयमद्वैतं चतुर्थं ब्रह्मविष्णुरुद्रातीतमेकमाशास्यम् ॥ ११ ॥

એક, દ્વૈતરહિત, અવયવરહિત, ક્રિયાશૂન્ય, શાંત, સર્વ-શ્રેષ્ઠ, નિર્દોષ, અદ્વૈત, ચોથું અને બ્રહ્મા–વિષ્ણુ–રુદ્રથી પર એક બ્રહ્મ જ ઇચ્છવા યોગ્ય છે. ૧૧

अद्वयमनाद्यन्तमशेषवेदवेदान्तवेद्यमनिर्देश्यमनिरुक्तमप्रच्यवमाशास्यमद्वैतं चतुर्थं सर्वाधारमनाधारमनिरीक्ष्यम् ॥ १२ ॥

બે અવયવોથી (પણ) રહિત, આદિ–અંત વિનાનું, સમગ્ર વેદ અને વેદાંતો વડે જાણવાને શક્ય, બતાવવું અશક્ય, વ્યુત્પત્તિથી નહિ વર્ણવેલ, સ્વરૂપસ્થિતિથી અસ્ખલિત, ઇચ્છવા યોગ્ય, દ્વૈતરહિત, ચોથું, સર્વનું આધાર અને કોઈના આધાર વિનાનું બ્રહ્મ જોવાને અશક્ય છે. ૧૨

अशब्दमस्पर्शमरूपमव्ययं तथाऽरसं नित्यमगंधवच्च यत् ॥ १३ ॥

જે બ્રહ્મ શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, નિર્વિકાર, રસરહિત, નિત્ય તથા ગંધરહિત છે. ૧૩

परं विज्ञानाद् यद्वरिष्ठं प्रजानां यदर्चिमद् यदणुभ्योऽणु च ॥१४॥

જે બ્રહ્મ પ્રજાઓના લૌકિક વિજ્ઞાનથી પર છે–તેનો વિષય નથી, સર્વથી શ્રેષ્ઠ છે, પ્રકાશમાન છે અને અણુઓનું પણ અણુ છે–અતિશય સૂક્ષ્મ છે. ૧૪

बृहच्च तद्दिव्यमचिन्त्यरूपं सूक्ष्माच्च तत् सूक्ष्मतरं विभाति ॥ १५ ॥

તે બ્રહ્મ સર્વથી મહાન છે, દિવ્ય છે, અચિંતનીય રૂપવાળું છે અને સૂક્ષ્મથી પણ અતિસૂક્ષ્મ હોઈ, વિશેષ પ્રકાશે છે. ૧૫

एतज्ज्ञेयं नित्यमेवात्मसंस्थं नातःपरं वेदितव्यं हि किंचित् ॥१६॥

હૃદયમાં રહેલું આ અવિનાશી આત્મતત્ત્વ જ જાણવા યોગ્ય છે; કેમ કે એનાથી બીજું કંઈ જાણવા યોગ્ય નથી. ૧૬

अघोषमव्यञ्जनमस्वरं च यदतालुकंठोष्ठमनासिकं च यत् ।
अरेफजातमुभयोष्मवर्जितं यदक्षरं न क्षरते कथंचित् ॥ १७॥

જે બ્રહ્મ ઘોષવ્યંજનરહિત, બીજા વ્યંજનોથી પણ રહિત અને સ્વરરહિત છે; તાળવું, કંઠ, હોઠ તથા નાક વિનાનું છે; રેફરૂપે થયેલ નથી; બન્ને પ્રકારની ઉષ્ણતા રહિત છે એટલે બહારની ગરમી કે અંદરની ગરમી વિનાનું છે; અથવા ઉષ્માક્ષરોથી રહિત છે–જુદું છે. આવું તે અક્ષર-બ્રહ્મ કોઈ રીતે ઝરતું, ખરતું કે નાશ પામતું નથી. ૧૭

अगोचरं मनोवाचामवधूतादिसंप्लवम् ।

सत्तामात्रप्रकाशैकप्रकाशं भावनातिगम् ॥ १८ ॥

બ્રહ્મ મન તથા વાણીનું વિષય નથી; રાગ–દ્વેષ વગેરેથી રહિત સ્થિતિવાળું છે; માત્ર સત્તારૂપ પ્રકાશ તે જ તેનો પ્રકાશ છે અને ભાવનાથી પર છે. ૧૮

अहेयमनुपादेयमसामान्यविशेषणम् ।

ध्रुवं स्तिमितगम्भीरं न तेजो न तमस्ततम् ॥ १९ ॥

બ્રહ્મ ત્યાગ કરવો યોગ્ય નથી, ગ્રહણ કરવા યોગ્ય નથી, સામાન્ય કે વિશેષથી રહિત છે; સદા એક જ સ્થિતિવાળું, અડગ અને ગંભીર છે; તે તેજ નથી અને ફેલાયલું અંધારું પણ નથી. ૧૯

निष्कलं निर्मलं शान्तं सर्वातीतं निरामयम् ॥ २० ॥

તે બ્રહ્મ કલાઓ કે અંશોથી રહિત, નિર્મળ, શાંત, સર્વથી પર અને નિર્દોષ છે. ૨૦

न शून्यं नापि चाकारि न दृश्यं नापि दर्शनम् ॥ २१ ॥

બ્રહ્મ શૂન્ય નથી, આકારવાળું નથી, દર્શન કરવાને શક્ય નથી અને જોવું એ ક્રિયારૂપ પણ નથી. ૨૧

चिन्मात्रं चैत्यरहितमनन्तमजरं शिवम् ॥ २२ ॥

બ્રહ્મ માત્ર ચૈતન્યરૂપ છે, ચેતના પમાડવા યોગ્ય પદાર્થોથી રહિત છે; (અથવા તે માત્ર જ્ઞાતા છે, જ્ઞાતવ્ય નથી,) અનંત છે, વયની હાનિ વિનાનું છે અને મંગળ–કલ્યાણરૂપ છે. ૨૨

चैत्यानुपातरहितं सामान्येन च सर्वगम् ॥ २३ ॥

બ્રહ્મ જાણવા યોગ્યની કોટિમાં આવતું નથી અને સામાન્યપણે સર્વવ્યાપક છે. ૨૩

अनामयमनाभासमनामकमकारणम् ॥ २४ ॥

બ્રહ્મ દોષો કે રોગોથી રહિત, પ્રકાશરહિત, નામરહિત અને કારણશૂન્ય છે. ૨૪

मनोवचोभ्यामग्राह्यं पूर्णात् पूर्णं सुखात् सुखम् ॥ २५ ॥

બ્રહ્મ મન કે વચનથી ગ્રહણ કરવાને શક્ય નથી; પૂર્ણથી પૂર્ણ અને સુખથી પણ સુખકારક છે. ૨૫

द्रष्टृदर्शनदृश्यादिवर्जितं तदिदं पदम् ॥ २६ ॥

તે આ બ્રહ્મપદ દ્રષ્ટા, દર્શન કે દૃશ્ય આદિથી રહિત છે. ૨૬

शुद्धं सूक्ष्मं निराकारं निर्विकारं निरञ्जनम् ॥ २७ ॥

બ્રહ્મ શુદ્ધ, સૂક્ષ્મ, નિરાકાર, નિર્વિકાર અને નિર્લેપ છે. ૨૭

अप्रमाणमनिर्देश्यमप्रमेयमतीन्द्रियम् ॥ २८ ॥

બ્રહ્મ પ્રમાણરહિત, બતાવવું અશક્ય, પ્રમાણથી જાણવું અશક્ય અને ઇંદ્રિયોથી પર છે. ૨૮

निर्लेपकं निरापायं कूटस्थमचलं ध्रुवम् ॥ २९ ॥

બ્રહ્મ નિર્લેપ, નાશરહિત, સર્વદા એક સ્થિતિમાં રહેનાર, અચળ અને નિશ્ચયાત્મક–સ્થિર સ્વરૂપ છે. ૨૯

सद्घनं चिद्घनं नित्यमानन्दघनमव्ययम् ।

प्रत्यगेकरसं पूर्णमनन्तं विश्वतोमुखम् ॥ ३० ॥

બ્રહ્મ કેવળ હોવારૂપ, ચૈતન્યમય, નિત્ય, આનંદપૂર્ણ, નિર્વિકાર, પ્રત્યેકમાં વ્યાપકતારૂપે જનાર, પૂર્ણ, અનંત અને સર્વ તરફ મુખવાળું છે. ૩૦

अहेयमनुपादेयमनादेयमनाश्रयम् ॥ ३१ ॥

બ્રહ્મ તજવાને અશક્ય, ગ્રહણ કરવાને અશક્ય, લેવાને અશક્ય તથા આશ્રયરહિત છે. ૩૧

शुद्धं बुद्धं सदा मुक्तमनामकमरूपकम् ॥ ३२ ॥

બ્રહ્મ શુદ્ધ, જ્ઞાનયુક્ત, સદા મુક્ત, નામરહિત તથા રૂપરહિત છે. ૩૨

संकल्पसंक्षयवशाद् गलिते तु चित्ते ।
संसारमोहमिहिका गलिता भवन्ति ॥
स्वच्छं विभाति शरदीव खमागतायां ।
चिन्मात्रमेकमजमाद्यमनन्तमन्तः ॥ ३३ ॥

સંકલ્પોના નાશથી ચિત્ત ગળી જાય છે, ત્યારે સંસારનું મોહરૂપ હિમ પણ ગળી જાય છે; તેથી જેમ શરદૃઋતુ આવે છે, ત્યારે આકાશ સ્વચ્છ થાય છે અને તેમાં સૂર્ય સ્પષ્ટ પ્રકાશે છે, તેમ સ્વચ્છ થયેલા અંતઃકરણમાં અજન્મા, આદ્ય અને અનંત એવું માત્ર ચૈતન્ય જ પ્રકાશે છે. (તે જ બ્રહ્મ છે.) ૩૩

પ્રકરણ ૧૫ મું

આત્મસ્વરૂપ–વાક્યો

आकाशो ह वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म तदमृतं स आत्मा ॥ १ ॥

આકાશ જ પ્રસિદ્ધ નામ–રૂપને સ્પષ્ટ કરનાર છે. તે નામ–રૂપ જેની અંદર જણાય છે, તે બ્રહ્મ છે; તે અમર અને તે જ આત્મા છે. ૧

इदं सर्वं यदयमात्मा ॥ २ ॥

આ સર્વ જે છે, તે આ આત્મા છે. ૨

चिदेकरसो ह्ययमात्मा ॥ ३ ॥

આ આત્મા કેવળ ચૈતન્યરૂપ રસવાળો જ છે. ૩

ओतो ह्ययमात्मा ॥ ४ ॥

આ આત્મા જ સર્વમાં પરોવાયો છે. ૪

अनुज्ञातो ह्ययमात्मा ॥ ५ ॥

આ આત્મા જ સર્વમાં જણાયો છે. ૫

अनुज्ञैकरसो ह्ययमात्मा ॥ ६ ॥

(સર્વમાં) જ્ઞાનરૂપ રસવાળો જ આ આત્મા છે. ૬

अविकल्पो ह्ययमात्मा ॥ ७ ॥

આ આત્મા વિકલ્પોથી રહિત જ છે. ૭

देहादेः परतरत्वाद् ब्रह्मैव परमात्मा ॥ ८ ॥

દેહ વગેરેથી અતિશય પર–રહિત હોવાથી બ્રહ્મ જ પરમાત્મા છે. ૮

अखण्डैकरसो ह्ययमात्मा ॥ ९ ॥

આ આત્મા અખંડ એક રસરૂપ જ છે. ૯

निर्गुणः साक्षिभूतो निष्क्रियो निरवयव आत्मा ॥ १० ॥

આત્મા ગુણરહિત, સાક્ષીરૂપ, ક્રિયારહિત અને અવયવો-રહિત છે. ૧૦

विरजः पर आकाशादज आत्मा महान् ध्रुवः ॥ ११ ॥

આત્મા મળરહિત, આકાશ(અવ્યાકૃત–માયા)થી પર, અજન્મા, સર્વથી મહાન અને અવિનાશી છે. ૧૧

एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ॥ १२ ॥

પરમાત્મા એક જ છે, સ્વયંપ્રકાશ છે, સર્વ પ્રાણીઓમાં ગુપ્ત રહ્યા છે, સર્વવ્યાપક છે અને સર્વ પ્રાણીઓના અંતરાત્મા છે. ૧૨

निःशब्दं परमं ब्रह्म परमात्मा समीर्यते ॥ १३ ॥

શબ્દરહિત પરમબ્રહ્મ પરમાત્મા કહેવાય છે. ૧૩

सकले निष्कले भावे सर्वत्रात्मा व्यवस्थितः ॥ १४ ॥

અવયવ સહિત અને અવયવરહિત સર્વ પદાર્થમાં આત્મા રહેલ છે. ૧૪

सर्वदा सर्वकृत्सर्वः परमात्मेत्युदाहृतः ॥ १५ ॥

પરમાત્મા સર્વદા સર્વ કરનાર અને સર્વસ્વરૂપ, એમ કહેવાય છે. ૧૫

अनाद्यन्तावभासात्मा परमात्मेह विद्यते ॥ १६ ॥

આદિ–અંતરહિત અને પ્રકાશસ્વરૂપ પરમાત્મા આ સર્વ જગતમાં છે. ૧૬

नित्यः सर्वगतो ह्यात्मा कूटस्थो दोषवर्जितः ॥ १७ ॥

આત્મા નિત્ય, સર્વવ્યાપી, સર્વકાળે એક જ સ્થિતિમાં રહેનાર અને દોષરહિત છે. ૧૭

तत्परः परमात्मा च श्रीरामः पुरुषोत्तमः ॥ १८ ॥

(ૐકારમાં રહેલ 'કલાતીતા' નામના) તે આઠમા અક્ષરથી જે પર છે, તે જ પરમાત્મા અને પુરુષોમાં ઉત્તમ શ્રીરામ છે. ૧૮

सर्वकारणकार्यात्मा कार्यकारणवर्जितः ॥ १९ ॥

આત્મા સર્વ કારણ તથા કાર્યરૂપ છે અને કાર્ય તથા કારણથી રહિત પણ છે. ૧૯

सर्वातीतस्वभावात्मा नादांतर्ज्योतिरेव सः ॥ २० ॥

આત્મા સર્વ પદાર્થોથી જુદા જ સ્વભાવવાળો છે અને શરીરમાં સંભળાતા નાદની અંદર જ્યોતિ પણ તે જ છે. ૨૦

निर्विकल्पस्वरूपात्मा सविकल्पवर्जितः ॥ २१ ॥

આત્મા નિર્વિકલ્પ સમાધિરૂપ છે, પણ સવિકલ્પ સમાધિથી રહિત છે. ૨૧

सदा समाधिशून्यात्मा आदिमध्यान्तवर्जितः ।
प्रज्ञानवाक्यहीनात्मा अहं ब्रह्मास्मि वर्जितः ॥ २२ ॥

તે (આત્મા) સદાય સમાધિરહિત સ્વરૂપવાળો, આદિ–

મધ્ય-અંતરહિત, प्रज्ञानमानंदं ब्रह्म ' એ વાક્યાર્થથી રહિત સ્વરૂપવાળો અને 'अहं ब्रह्मास्मि' એ વાક્યાર્થથી પણ જુદા સ્વરૂપનો છે. ૨૨

तत्त्वमस्यादिहीनात्मा अयमात्मेत्यभावकः ।
ॐकारवाच्यहीनात्मा सर्ववाच्यविवर्जितः ॥ २३ ॥

વળી, તે 'तत्त्वमसि' આદિ વાક્યાર્થથી જુદા સ્વરૂપ-વાળો છે; 'अयमात्मा ब्रह्म' એ વાક્યાર્થથી પણ જુદો છે; 'ૐકાર'નો જે અર્થ થાય છે, તેથી પણ જુદા સ્વરૂપવાળો છે અને જગતના સર્વ અર્થોથી રહિત છે. ૨૩

सर्वत्र पूर्णरूपात्मा सर्वत्रात्मावशेषकः ॥ २४ ॥

આત્મા સર્વ સ્થળે પૂર્ણસ્વરૂપ અને બધે આત્મારૂપે જ બાકી રહે છે. ૨૪

शुद्धचैतन्यरूपात्मा सर्वसिद्धिविवर्जितः ॥ २५ ॥

વળી તે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અને સર્વ સિદ્ધિઓથી રહિત છે. ૨૫

आनंदात्मा प्रियो ह्यात्मा मोक्षात्मा बंधवर्जितः ॥ २६ ॥

આત્મા એ જ આનંદરૂપ, પ્રિય, મોક્ષરૂપ અને બંધન વિનાનો છે. ૨૬

शून्यात्मा सूक्ष्मरूपात्मा विश्वात्मा विश्वहीनकः ॥ २७ ॥

સૂક્ષ્મ સ્વરૂપવાળો આત્મા શૂન્યરૂપ છે અને જગત-સ્વરૂપ છે, છતાં જગતથી જુદો છે. ૨૭

सत्तामात्रस्वरूपात्मा नान्यत्किंचिज्जगद्भयम् ॥ २८ ॥

માત્ર સત્તાસ્વરૂપ આત્મા બધે છે, તેથી ભયરૂપ જગત અથવા બીજું કંઈ છે જ નહિ. ૨૮

अपरिच्छिन्नरूपात्मा अणुस्थूलादिवर्जितः ॥ २९ ॥

સૂક્ષ્મ કે સ્થૂળ આદિ ધર્મો વિનાનો આત્મા કેવળ અમાપ સ્વરૂપવાળો છે. ૨૯

नामरूपविहीनात्मा परसंवित्सुखात्मकः ॥ ३० ॥

સર્વોત્કૃષ્ટ જ્ઞાનના સુખસ્વરૂપ એવો આત્મા નામ કે રૂપથી રહિત છે. ૩૦

साक्ष्यसाक्षित्वहीनात्मा किंचित् किंचिन्न किंचन ॥ ३१ ॥

આત્મા સાક્ષી કે અસાક્ષી નથી; તે કંઈક કંઈક છે; અથવા કંઈ જ નથી. ૩૧

मुक्तामुक्तस्वरूपात्मा मुक्तामुक्तविवर्जितः ॥ ३२ ॥

તે મુક્તસ્વરૂપ તથા અમુક્તસ્વરૂપ છે; અને મુક્ત તથા અમુક્તથી જુદો પણ છે. ૩૨

द्वैताद्वैतस्वरूपात्मा द्वैताद्वैतविवर्जितः ॥ ३३ ॥

આત્મા દ્વૈત કે અદ્વૈતસ્વરૂપ છે; અને દ્વૈત તથા અદ્વૈતથી જુદો પણ છે. ૩૩

निष्कलात्मा निर्मलात्मा बुद्धात्मा पुरुषात्मकः ॥ ३४ ॥

વળી તે અવયવરહિત, નિર્મળસ્વરૂપ, જ્ઞાનીસ્વરૂપ અને પુરુષરૂપ છે. ૩૪

आत्मेतिशब्दहीनो य आत्मशब्दार्थवर्जितः ।
सच्चिदानन्दहीनो य एषैवात्मा सनातनः ॥ ३५ ॥

જે 'આત્મા' એ શબ્દથી રહિત, 'આત્મા' શબ્દના અર્થથી રહિત અને સત્–ચિત્–આનંદથી પણ જુદો છે, એ જ સનાતન આત્મા છે. ૩૫

यस्य किंचिद्बहिर्नास्ति किंचिदन्तः कियन्न च।
यस्य लिङ्गं प्रपंचं वा ब्रह्मैवात्मा न संशयः ॥ ३६॥

જેની બહાર કે અંદર કંઈ નથી; જેનું કોઈ પ્રમાણ કે ચિહ્ન નથી અથવા જે પ્રપંચરૂપ નથી, તે આત્મા બ્રહ્મ જ છે, એમાં સંશય નથી. ૩૬

પ્રકરણ ૧૬ મું

સર્વસ્વરૂપ–વાક્યો

ॐकार एवेदं सर्वम् ॥ १ ॥

આ સર્વ જગત ૐકાર જ છે. ૧

स एवाधस्तात् स उपरिष्टात् स पश्चात् स पुरस्तात् स दक्षिणतः स उत्तरतः स एवेदं सर्वम् ॥ २ ॥

તે જ (મહાન પરમેશ્વર) નીચે, ઉપર, પાછળ, આગળ, જમણી બાજુ અને ડાબી બાજુ છે; અથવા તે જ નીચે, ઉપર, પશ્ચિમ, પૂર્વ, દક્ષિણ તથા ઉત્તર દિશામાં છે. આ સર્વ જગત તે પરમાત્મા જ છે. ૨

अहमेवाधस्तादहमुपरिष्टादहं पश्चादहं पुरस्तादहं दक्षिणतोऽहमुत्तरतोऽहमेवेदं सर्वम् ॥ ३ ॥

હું જ નીચે છું, હું ઉપર છું, હું પશ્ચિમમાં છું, હું

પૂર્વમાં છું, હું દક્ષિણમાં છું અને હું ઉત્તરમાં છું. હું જ આ સર્વ છું. ૩

आत्मैवाधस्तादात्मोपरिष्टादात्मा पश्चादात्मा पुरस्तादात्मा दक्षिणत आत्मोत्तरत आत्मैवेदं सर्वम् ॥ ४ ॥

આત્મા જ નીચે છે, આત્મા ઉપર છે, આત્મા પશ્ચિમમાં છે, આત્મા પૂર્વમાં છે, આત્મા દક્ષિણમાં છે અને આત્મા ઉત્તરમાં છે. આ સર્વ આત્મા જ છે. ૪

आत्मैव वेदममृतमिदं ब्रह्मेदं सर्वम् ॥ ५ ॥

આ આત્મા અમૃત છે, આ જ બ્રહ્મ છે અને આ જ સર્વ છે. ૫

एतद् ब्रह्मैतत् सर्वम् ॥ ६ ॥

આ (હૃદય) બ્રહ્મ છે; આ (હૃદય) સર્વ છે. ૬

नारायण एवेदं सर्वम् ॥ ७ ॥

આ સર્વ નારાયણ જ છે. ૭

सच्चिदानंदरूपमिदं सर्वम् ॥ ८ ॥

આ સર્વ સચ્ચિદાનંદરૂપ છે. ૮

सत्तामात्रं हीदं सर्वम् ॥ ९ ॥

આ સર્વ માત્ર સત્તારૂપ–બ્રહ્મ જ છે. ૯

मत्स्वरूपमेवेदं सर्वम् ॥ १० ॥

આ સર્વ મારું સ્વરૂપ જ છે. ૧૦

स एव सर्वं यद्भूतं य च्च भव्यं सनातनम् ॥ ११ ॥

જે થઈ ગયું અને જે થવાનું છે, તે સર્વ સનાતન પરમાત્મા જ છે. ૧૧

स्वयं ब्रह्मा स्वयं विष्णुः स्वयमिन्द्रः स्वयं शिवः ।
स्वयं विश्वमिदं सर्वं स्वस्मादन्यन्न किंचन ॥ १२ ॥

પોતે જ બ્રહ્મા છે, પોતે જ વિષ્ણુ છે, પોતે જ ઇંદ્ર છે, પોતે જ શિવ છે અને પોતે જ આ સર્વ જગત છે. પોતાથી બીજું કંઈ નથી. ૧૨

मरुभूमौ जलं सर्वं मरुभूमात्रमेव तत् ।
जगत्त्रयमिदं सर्वं चिन्मात्रं स्वविचारतः ॥ १३ ॥

જેમ મરુ (નિર્જળ) ભૂમિમાં બધું પાણી માત્ર મરુભૂમિરૂપ જ હોય છે, તેમ આત્મવિચારથી આ સર્વ ત્રણે જગત માત્ર ચિત્સ્વરૂપ જ (જ્ઞાતારૂપ અથવા ચૈતન્યરૂપ જ) જણાય છે. ૧૩

भववर्जितचिन्मात्रं सर्वं चिन्मात्रमेव हि ॥ १४ ॥

સંસારરહિત માત્ર ચૈતન્યરૂપ આ સર્વ, કેવળ ચૈતન્ય જ છે. ૧૪

यत् किंचिद् यन्न किंचिच्च सर्वं चिन्मात्रमेव हि ॥ १५ ॥

જે કંઈ છે અને જે કંઈ નથી, તે સર્વ માત્ર ચૈતન્ય જ છે. ૧૫

अखण्डैकरसं सर्वं यद्यच्चिन्मात्रमेव हि ।
भूतं भव्यं भविष्यच्च सर्वं चिन्मात्रमेव हि ॥ १६ ॥

જે જે માત્ર ચૈતન્યરૂપ જ છે, તે સર્વ અખંડ એકરસવાળું છે; અને ભૂતકાળનું, વર્તમાનકાળનું તથા ભવિષ્યકાળનું બધું માત્ર ચૈતન્યરૂપ જ છે. ૧૬

ज्ञाता चिन्मात्ररूपश्च सर्वं चिन्मात्रमेव हि ॥ १७ ॥

જાણનારો માત્ર ચૈતન્યરૂપ છે; બધું કેવળ ચૈતન્યરૂપ જ છે. ૧૭

यच्च यावच्च दूरस्थं सर्वं चिन्मात्रमेव हि ॥ १८ ॥

જે અને જેટલું દૂર રહેલું છે, તે સર્વ માત્ર ચૈતન્ય જ છે. ૧૮

चिन्मात्रान्नास्ति लक्ष्यं च सर्वं चिन्मात्रमेव हि ॥ १९ ॥

માત્ર ચૈતન્યથી બીજું કંઈ લક્ષ્ય નથી; બધું માત્ર ચૈતન્ય જ છે. ૧૯

आत्मनोऽन्या गतिर्नास्ति सर्वमात्ममयं जगत् ॥ २० ॥

આત્મા સિવાય બીજી ગતિ નથી; બધું જગત આત્મામય છે. ૨૦

आत्मनोऽन्यत् तुषं नास्ति सर्वमात्ममयं जगत् ॥ २१ ॥

આત્માથી જુદું ફોતરું પણ નથી; બધું જગત આત્મામય છે. ૨૧

सर्वमात्मैव शुद्धात्मा सर्वं चिन्मात्रमद्वयम् ॥ २२ ॥

સર્વ આત્મા જ છે; શુદ્ધ આત્મા જ બધું છે; સર્વ માત્ર ચૈતન્યરૂપ જ છે અને બે અવયવથી રહિત છે— એક જ છે. ૨૨

सर्वं च खल्विदं ब्रह्म नित्यचिद्घनमक्षतम् ॥ २३ ॥

આ સર્વ બ્રહ્મ જ છે, નિત્ય છે, ચૈતન્યમય છે અને અવિનાશી છે. ૨૩

समस्तं खल्विदं ब्रह्म सर्वमात्मेदमाततम् ॥ २४ ॥

આ સઘળું બ્રહ્મ જ છે; આત્મા જ આ સર્વરૂપે વિસ્તાર પામેલ છે. ૨૪

न त्वं नाहं न चान्यद्वा सर्वं ब्रह्मैव केवलम् ॥ २५ ॥

તું નથી, હું નથી કે બીજું કંઈ નથી; બધું કેવળ બ્રહ્મ જ છે. ૨૫

न तदस्ति न यत्राहं न तदस्ति न तन्मयम् ।
किमन्यदभिवाञ्छामि सर्वं सच्चिन्मयं जगत् ॥ २६ ॥

તેવી કોઈ વસ્તુ નથી કે જેમાં હું નથી; અને તે કોઈ પદાર્થ નથી કે જે બ્રહ્મમય નથી; તો હું બીજું શું ઇચ્છું ? સર્વ જગત સચ્ચિન્મય છે. ૨૬

भ्रान्तिरभ्रान्तिर्नास्त्येव सर्वं ब्रह्मैव केवलम् ॥ २७ ॥

ભ્રાંતિ કે અભ્રાંતિ છે જ નહિ; સર્વ કેવળ બ્રહ્મ જ છે. ૨૭

न देहो न च कर्माणि सर्वं ब्रह्मैव केवलम् ॥ २८ ॥

શરીર નથી અને કર્મો પણ નથી, સર્વ કેવળ બ્રહ્મ જ છે. ૨૮

लक्षणात्रयविज्ञानं सर्वं ब्रह्मैव केवलम् ॥ २९ ॥

ત્રણે લક્ષણાઓનું સર્વ વિશેષ જ્ઞાન કેવળ બ્રહ્મ જ છે. ૨૯

जगन्नाम्ना चिदाभाति सर्वं ब्रह्मैव केवलम् ॥ ३० ॥

જગતના નામે ચૈતન્ય જ પ્રકાશે છે; સર્વ કેવળ બ્રહ્મ જ છે. ૩૦

ब्रह्ममात्रमिदं सर्वं ब्रह्ममात्रमसन्न हि ॥ ३१ ॥

આ સર્વ માત્ર બ્રહ્મ છે; જૂઠું કંઈ છે જ નહિ; માત્ર બ્રહ્મ જ છે. ૩૧

ब्रह्ममात्रव्रतं सर्वं ब्रह्ममात्ररसं सुखम् ॥ ३२ ॥

સર્વ વ્રત કેવળ બ્રહ્મરૂપ છે અને સર્વ સુખ કેવળ બ્રહ્મરૂપ રસવાળું છે. ૩૨

ब्रह्ममात्रं श्रुतं सर्वं स्वयं ब्रह्मैव केवलम् ॥ ३३ ॥

સર્વ શાસ્ત્ર માત્ર બ્રહ્મ છે; પોતે કેવળ બ્રહ્મ જ છે. ૩૩

ब्रह्मैव सर्वं चिन्मात्रं ब्रह्ममात्रं जगत्त्रयम् ॥ ३४ ॥

સર્વ બ્રહ્મ જ છે, માત્ર ચૈતન્યરૂપ છે; ત્રણે જગત માત્ર બ્રહ્મ છે. ૩૪

सर्वं प्रशान्तमजमेकमनादिमध्यमाभास्वरं स्वदनमात्रमचैत्यचिह्नम् ।
सर्वं प्रशान्तमिति शब्दमयी च दृष्टिर्बोधार्थमेव हि मुधैव तदोमितीदम् ॥

સર્વ જગત અતિ શાંત, અજન્મા, એક, આદિ–મધ્ય-અંતરહિત, ચોતરફથી પ્રકાશમાન, માત્ર સ્વાદરૂપ અને જ્ઞાતવ્યરૂપ ચિહ્નથી રહિત કેવળ બ્રહ્મ જ છે. વળી 'સર્વં પ્રશાન્તમ્' એમ જે ઉપર જે કહ્યું છે તે પણ કેવળ શબ્દમય દૃષ્ટિ છે; ખરી રીતે જગતમાં જગતરૂપ દૃષ્ટિ નહિ કરવા માટે જ તે કહેલ છે; તેથી એ દૃષ્ટિ ખોટી જ છે. આ જગત તે 'ૐકાર' રૂપ બ્રહ્મ જ છે. ૩૫

પ્રકરણ ૧૭ મું

બ્રહ્મસ્વરૂપ–વાકયો

सर्वं ह्येतद्ब्रह्म ॥ १ ॥

આ સર્વ બ્રહ્મ જ છે. ૧

अयमात्मा ब्रह्म ॥ २ ॥

આ આત્મા બ્રહ્મ છે. ૨

सत्यं ज्ञानमनन्तं ब्रह्म ॥ ३ ॥

બ્રહ્મ સત્યરૂપ, જ્ઞાનરૂપ અને અનંત છે. ૩

प्रज्ञा प्रतिष्ठा प्रज्ञानं ब्रह्म ॥ ४ ॥

સંપૂર્ણ જાણનારી પ્રજ્ઞા–બુદ્ધિ સર્વનો આધાર છે, (માટે તે બ્રહ્મ જ છે); અને સર્વોત્કૃષ્ટ જ્ઞાન તે બ્રહ્મ છે. ૪

तदेतद् ब्रह्माऽपूर्वमनपरमनन्तरमबाह्यमयमात्मा ब्रह्म सर्वानुभूः ॥ ५ ॥

તે આ બ્રહ્મ પૂર્વં (એટલે) કારણરહિત છે, અપર (એટલે) કાર્યરહિત છે, અંતર (અંદર) વિનાનું છે, (તેની અંદર કોઈ વસ્તુ નથી) અને અબાહ્ય એટલે તેની બહાર પણ કોઈ વસ્તુ નથી. આત્મા તે જ બ્રહ્મ છે અને તે સર્વને અનુભવનારો છે. ૫

विज्ञानमानन्दं ब्रह्म ॥ ६ ॥

બ્રહ્મ વિજ્ઞાન અને આનંદરૂપ છે. ૬

अजरोऽमरोऽमृतोऽभयो ब्रह्माभयं वै ब्रह्म ॥ ७ ॥

આત્મા ઘડપણ વિનાનો, મરણરહિત, અમૃતસ્વરૂપ અને ભયરહિત બ્રહ્મ છે. અભય એ જ બ્રહ્મ છે. ૭

सर्वभूतस्थमेकं नारायणं कारणपुरुषमकारणं परं ब्रह्मोम् ॥ ८ ॥

સર્વ પ્રાણીઓમાં રહેલ, એક, પ્રાણી માત્રના આશ્રય–નારાયણરૂપ, કારણરૂપ પુરુષ અને (પોતે) કારણરહિત (એ જ) પરબ્રહ્મ છે. ૐ। ૮

स्वयंप्रकाशः स्वयंब्रह्म ॥ ९ ॥

આત્મા પોતે જ પ્રકાશરૂપ અને પોતે જ બ્રહ્મ છે. ૯

तदेतदद्वयं स्वयंप्रकाशमहानन्दमात्मैवैतदभयममृतमेतद् ब्रह्म ॥ १० ॥

તે આ આત્મા અદ્વૈત, સ્વયંપ્રકાશ અને મોટા આનંદરૂપ બ્રહ્મ જ છે; એ ભયરહિત અને મરણરહિત છે. એ બ્રહ્મ છે. ૧૦

सदेव पुरस्तात् सिद्धं ब्रह्म ॥ ११ ॥

આ બ્રહ્મ માત્ર સત્તારૂપ અને પ્રથમથી જ સિદ્ધ છે. ૧૧

आकाशवत् सूक्ष्मं केवलसत्तामात्रस्वभावं परं ब्रह्म ॥ १२ ॥

પરબ્રહ્મ આકાશની પેઠે સૂક્ષ્મ અને કેવળ માત્ર સત્તારૂપ સ્વભાવવાળું છે. ૧૨

अद्वितीयमखिलोपाधिविनिर्मुक्तं तत्सकलशक्त्युपबृंहितमनाद्यनन्तं नित्यं शिवं शान्तं निर्गुणमित्यादिवाच्यमनिर्वाच्यं चैतन्यं ब्रह्म ॥ १३ ॥

અદ્વિતીય, સર્વ ઉપાધિથી રહિત, સમગ્ર શક્તિઓથી ભરપૂર, આદિ–અંતરહિત, નિત્ય, મંગળસ્વરૂપ, શાંત, નિર્ગુણ વગેરે શબ્દોથી કહેવાતું અને વર્ણન કરવું અશક્ય જે ચૈતન્ય છે, તે બ્રહ્મ છે. ૧૩

एकमेवाद्वितीयं ब्रह्म ॥ १४ ॥

બ્રહ્મ એક જ અને અદ્વિતીય છે. ૧૪

सर्वदाऽनवच्छिन्नं परं ब्रह्म ॥१५॥

પરબ્રહ્મ સર્વ કાળે ઉપાધિરહિત અથવા અમાપ છે. ૧૫

सच्चिदानन्दतेजःकूटरूपं तारकं ब्रह्म ॥१६॥

સચ્ચિદાનંદ અને તેજના સમૂહરૂપ બ્રહ્મ સંસારના ભયથી તારે છે. ૧૬

तन्नित्यमुक्तमविक्रियं सत्यज्ञानानन्तानन्दपरिपूर्णं सनातनमेकमेवाद्वितीयं ब्रह्म ॥१७॥

તે બ્રહ્મ નિત્યમુક્ત, વિકારરહિત, સત્ય-જ્ઞાન-અનંત આનંદથી પરિપૂર્ણ, સનાતન, એક જ અને અદ્વિતીય છે. ૧૭

चित्स्वरूपं निरञ्जनं परं ब्रह्म ॥१८॥

પરબ્રહ્મ ચૈતન્યસ્વરૂપ અને નિર્લેપ છે. ૧૮

तत्त्वंपदलक्ष्यं प्रत्यगभिन्नं ब्रह्म ॥१९॥

બ્રહ્મ 'તત્' અને 'ત્વમ્' એ બન્ને પદથી જાણવા યોગ્ય છે અને જીવાત્માથી જુદું નથી. ૧૯

अखण्डार्थं परं ब्रह्म ॥२०॥

પરબ્રહ્મ અખંડ અર્થવાળા-અખંડ વસ્તુરૂપ છે. ૨૦

सर्वकालाबाधितं ब्रह्म ॥२१॥

બ્રહ્મ સર્વ કાળે અબાધિત-અવિનાશી છે. ૨૧

सगुणनिर्गुणस्वरूपं ब्रह्म ॥२२॥

બ્રહ્મ સગુણ તથા નિર્ગુણસ્વરૂપ છે. ૨૨

आदिमध्यान्तशून्यं ब्रह्म ॥२३॥

બ્રહ્મ આદિ, મધ્ય તથા અંતથી રહિત છે. ૨૩

मायातीतगुणातीतं ब्रह्म ॥ २४ ॥

બ્રહ્મ માયારહિત તથા સત્ત્વાદિ ગુણોથી પણ રહિત છે. ૨૪

अनन्तमप्रमेयाखण्डपरिपूर्णं ब्रह्म ॥ २५ ॥

બ્રહ્મ અનંત, અમાપ, અખંડ અને પરિપૂર્ણ છે. ૨૫

अद्वितीयपरमानंदनित्यशुद्धबुद्धमुक्तसत्यस्वरूपव्यापकाभिन्नापरिच्छिन्नं ब्रह्म ॥ २६ ॥

બ્રહ્મ અદ્વિતીય, સર્વોત્કૃષ્ટ આનંદરૂપ, નિત્ય, શુદ્ધ, જ્ઞાનવાન, મુક્ત, સત્યસ્વરૂપ, વ્યાપક, સર્વસ્વરૂપ અને અમાપ છે. ૨૬

सच्चिदानंदस्वप्रकाशं ब्रह्म ॥ २७ ॥

બ્રહ્મ સચ્ચિદાનંદસ્વરૂપ અને સ્વયંપ્રકાશ છે. ૨૭

मनोवाचामगोचरं ब्रह्म ॥ २८ ॥

બ્રહ્મ વાણી કે મનના વિષય નથી. ૨૮

देशतः कालतो वस्तुतः परिच्छेदरहितं ब्रह्म ॥ २९ ॥

બ્રહ્મ દેશ, કાળ કે વસ્તુથી અમાપ છે. ૨૯

अखिलप्रमाणागोचरं ब्रह्म ॥ ३० ॥

બ્રહ્મ સર્વ પ્રમાણના અવિષય છે-કોઈ પ્રમાણથી જણાતા નથી. ૩૦

तुरीयं निराकारमेकं ब्रह्म ॥ ३१ ॥

બ્રહ્મ ચોથા-નિરુપાધિ આત્મારૂપ, આકાર વિનાના અને એક છે. ૩૧

अद्वैतमनिर्वाच्यं ब्रह्म ॥ ३२ ॥

બ્રહ્મ અદ્વૈત અને અવર્ણનીય છે. ૩૨

शिवं प्रशान्तममृतं च परं ब्रह्म ॥ ३३ ॥

પરબ્રહ્મ કલ્યાણસ્વરૂપ–મંગળમય, અત્યંત શાંત અને અમૃતસ્વરૂપ છે. ૩૩

यदेकमक्षरं निष्क्रियं शिवं सन्मात्रं परं ब्रह्म ॥ ३४ ॥

જે એક, અવિનાશી, ક્રિયારહિત, મંગળસ્વરૂપ અને માત્ર સત્–હોવા રૂપ છે, તે જ પરબ્રહ્મ છે. ૩૪

असावादित्यो ब्रह्म ॥ ३५ ॥

આ સૂર્ય બ્રહ્મ છે. ૩૫

ॐमित्येतदक्षरं परं ब्रह्म ॥ ३६ ॥

ૐ એ પ્રમાણે આ અક્ષરબ્રહ્મ છે. ૩૬

ब्रह्मैवेदममृतं पुरस्ताद्ब्रह्म पश्चाद्ब्रह्म दक्षिणतश्चोत्तरेण ॥
अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् ॥ ३७ ॥

આ જે આગળ છે, તે અમૃતરૂપ બ્રહ્મ જ છે; પાછળ બ્રહ્મ છે; દક્ષિણ તરફ અને ઉત્તર તરફ બ્રહ્મ છે; ઉપર અને નીચે બ્રહ્મ ફેલાયેલું છે; આ સર્વ જગત બ્રહ્મ છે; અને તે સર્વ કરતાં અતિશય શ્રેષ્ઠ છે. ૩૭

तदेव निष्कलं ब्रह्म निर्विकल्पं निरञ्जनम् ॥ ३८ ॥

તે જ બ્રહ્મ અવયવરહિત, વિકલ્પરહિત અને નિર્લેપ છે.

चैतन्यमेकं ब्रह्मातः प्रज्ञानं ब्रह्म मय्यपि ॥ ३९ ॥

ચૈતન્યરૂપ બ્રહ્મ એક જ છે; તેથી ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ બ્રહ્મ મારામાં પણ છે. ૩૯

ब्रह्मशब्देन तद्ब्रह्म स्वप्रकाशात्मरूपकम् ॥ ४० ॥

સર્વ જગતનું તત્ત્વ 'બ્રહ્મ' શબ્દથી કહેવાય છે, અને તે બ્રહ્મ સ્વયંપ્રકાશ આત્મારૂપ જ છે. ૪૦

एतद्भावविनिर्मुक्तं तद्ग्राह्यं ब्रह्म तत्परम् ॥ ४१ ॥

સુખ–દુઃખાદિ ભાવોથી રહિત તે બ્રહ્મ, ગ્રહણ કરવા યોગ્ય છે; તે જ સર્વોત્કૃષ્ટ છે. ૪૧

चिन्मात्रात् परमं ब्रह्म चिन्मात्रान्नास्ति कोऽपि हि ॥ ४२ ॥

માત્ર ચૈતન્યથી બીજું કોઈ પરબ્રહ્મ નથી; અને માત્ર ચૈતન્યથી બીજો કોઈ પણ પરમાત્મા જ નથી. ૪૨

अखण्डैकरसं ब्रह्म चिन्मात्रान्नहि विद्यते ॥ ४३ ॥

માત્ર ચૈતન્યથી બીજું અખંડ એક રસવાળું બ્રહ્મ નથી જ. ૪૩

सदोदितं परं ब्रह्म ज्योतिषामुदयो यतः ॥ ४४ ॥

જેને લીધે સર્વ તેજસ્વી પદાર્થોનો ઉદય થાય છે, તે પરબ્રહ્મ સદાકાળ ઉદય પામેલ છે. ૪૪

यस्मिन् प्रलीयते शब्दस्तत्परं ब्रह्म गीयते ॥ ४५ ॥

જેમાં તે (ૐ) શબ્દ લય પામે છે, તે પરબ્રહ્મ કહેવાય છે. ૪૫

सर्वशक्ति परं ब्रह्म नित्यमापूर्णमद्वयम् ॥ ४६ ॥

પરબ્રહ્મ સર્વશક્તિમાન, નિત્ય, અદ્વૈત અને ચારે બાજુ પૂર્ણ છે. ૪૬

सत्ता सर्वपदार्थानां गम्यं ब्रह्माभिधं पदम् ॥ ४७ ॥

સર્વ પદાર્થોની સત્તારૂપ બ્રહ્મ નામનું પદ પ્રાપ્ત કરવા યોગ્ય છે. ૪૭

परं ब्रह्म परं सत्त्वं सच्चिदानंदलक्षणम् ॥ ४८ ॥

પરબ્રહ્મ સર્વોત્કૃષ્ટ સત્ય અને સત્-ચિત્-આનંદરૂપ લક્ષણવાળા છે. ૪૮

अक्षरं परमं ब्रह्म निर्विशेषं निरञ्जनम् ॥ ४९ ॥

બ્રહ્મ અક્ષર-અવિનાશી, સર્વશ્રેષ્ઠ, અવયવરહિત અને નિર્લેપ છે. ૪૯

ब्रह्मैवैकमनाद्यन्तमब्धिवत् प्रविजृम्भते ॥ ५० ॥

એક બ્રહ્મ જ આદિ-અંતરહિત છે અને સમુદ્રની પેઠે (બધે) અત્યંત ઊછળી રહેલ છે. ૫૦

न किंचिद् भावनाकारं यत् तद् ब्रह्म परं विदुः ॥ ५१ ॥

જે કોઈ ભાવનાનો આકાર નથી, તેને પરબ્રહ્મ કહે છે. ૫૧

एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥ ५२ ॥

આ જગતમાં એક જ અદ્વૈત બ્રહ્મ છે; જુદી જુદી કોઈ વસ્તુ જ નથી. ૫૨

ब्रह्मैव विद्यते साक्षाद्वस्तुतोऽवस्तुतोऽपि च ॥ ५३ ॥

વસ્તુ કે અવસ્તુની દૃષ્ટિએ પણ (બધું) સાક્ષાત બ્રહ્મ જ છે. ૫૩

तद् विद्याविषयं ब्रह्म सत्यज्ञानसुखाद्वयम् ॥ ५४ ॥

તે બ્રહ્મ તત્ત્વજ્ઞાનનો વિષય છે અને કેવળ સત્ય, જ્ઞાન તથા સુખસ્વરૂપ છે. ૫૪

शान्तं च तदतीतं च परं ब्रह्म तदुच्यते ॥ ५५ ॥

તે બ્રહ્મ શાંત અને સર્વથી પર કહેવાય છે. ૫૫

अनुभूतिपरं तस्मात् सारं ब्रह्मेति कथ्यते ॥ ५६ ॥

માટે અનુભવની ઉત્કૃષ્ટતાનો જે સાર, તે જ બ્રહ્મ કહેવાય છે. ૫૬

यदिदं ब्रह्म पुच्छाख्यं सत्यज्ञानाद्वयात्मकम् ॥ ५७ ॥

'આ 'पुच्छ' સર્વનો છેલ્લો આધાર' એમ કહેવાતું જે બ્રહ્મ છે, તે સત્ય તથા જ્ઞાનનું જ અદ્વૈત સ્વરૂપ છે. ૫૭

सद्रूपं परमं ब्रह्म त्रिपरिच्छेदवर्जितम् ॥ ५८ ॥

કેવળ સત્તાસ્વરૂપ અને સર્વશ્રેષ્ઠ બ્રહ્મ વસ્તુ, દેશ અને કાળ એ ત્રણેના માપ વિનાનું છે. ૫૮

तद्ब्रह्मानन्दमद्वन्द्वं निर्गुणं सत्यचिद्घनम् ॥ ५९ ॥

તે બ્રહ્મ આનંદરૂપ, રાગ-દ્વેષાદિ દ્વંદ્વોથી રહિત, નિર્ગુણ, સત્યમય અને ચૈતન્યવ્યાપ્ત છે. ૫૯

सर्वाधिष्ठानमद्वन्द्वं परं ब्रह्म सनातनम् ॥ ६० ॥

પરબ્રહ્મ સર્વના આશ્રય, રાગ-દ્વેષાદિ દ્વંદ્વો વિનાના અને સનાતન-સર્વકાળે હોનાર છે. ૬૦

प्रज्ञानमेव तद् ब्रह्म सत्यप्रज्ञानलक्षणम् ॥ ६१ ॥

તે બ્રહ્મ સર્વોત્કૃષ્ટ જ્ઞાનરૂપ જ છે; અને સત્ય એવું શ્રેષ્ઠ જ્ઞાન તેમનું લક્ષણ છે. ૬૧

अस्तीत्युक्ते जगत्सर्वं सद्रूपं ब्रह्म तद् भवेत् ॥ ६२ ॥

'સર્વ જગત છે' એમ કહેતાં તે જગત સત્તારૂપે બ્રહ્મ થાય છે. ૬૨

भातीत्युक्ते जगत्सर्वं भानं ब्रह्मैव केवलम् ॥ ६३ ॥

'સર્વ જગત ભાસે છે' એમ કહેતાં તે, ભાસવારૂપે કેવળ બ્રહ્મ જ થાય છે. ૬૩

ब्रह्ममात्रं चिदाकाशं सच्चिदानन्दमद्वयम् ॥ ६४ ॥

સચ્ચિદાનંદ અને અદ્વૈત એવું ચિદાકાશ માત્ર બ્રહ્મ છે. ૬૪

ब्रह्मणोऽन्यतरन्नास्ति ब्रह्मणोऽन्यज्जगन्न च ॥ ६५ ॥

બ્રહ્મથી જુદું બીજું કંઈ નથી; જગત બ્રહ્મથી જુદું નથી. ૬૫

ब्रह्मणोऽन्यदहं नास्ति ब्रह्मणोऽन्यत् फलं नहि ।
ब्रह्मणोऽन्यत्तृणं नास्ति ब्रह्मणोऽन्यत्पदं नहि ॥ ६६ ॥

બ્રહ્મથી જુદું 'હું' નથી; બ્રહ્મથી જુદું ફળ નથી; બ્રહ્મથી જુદું તણખલું પણ નથી અને બ્રહ્મથી જુદું કોઈ પદ કે સ્થાન નથી. ૬૬

ब्रह्मणोऽन्यद्गुरुर्नास्ति ब्रह्मणोऽन्यदसद्वपुः ॥ ६७ ॥

બ્રહ્મથી જુદો ગુરુ નથી; અને બ્રહ્મથી જુદું શરીર નથી. ૬૭

नित्यानंदमयं ब्रह्म केवलं सर्वदा स्वयम् ॥ ६८ ॥

બ્રહ્મ પોતે સર્વકાળે કેવળ નિત્યાનંદમય છે. ૬૮

बीजं मायाविनिर्मुक्तं परं ब्रह्मेति कीर्त्यते ॥ ६९ ॥

માયારહિત બીજ પરબ્રહ્મ કહેવાય છે. ૬૯

मद्रूपमद्वयं ब्रह्म आदिमध्यान्तवर्जितम् ॥ ७० ॥

આદિ, મધ્ય ને અંતરહિત અદ્વૈત બ્રહ્મ મારું જ રૂપ છે. ૭૦

सर्वत्रावस्थितं शान्तं चिद्ब्रह्मेत्यनुभूयते ॥ ७१ ॥

ચૈતન્યરૂપ શાંત બ્રહ્મ સર્વ સ્થળે રહેલ છે, એમ અનુભવાય છે. ૭૧

सिद्धान्तोऽध्यात्मशास्त्राणां सर्वापह्नव एव हि ।
नाविद्यास्तीह नो माया शान्तं ब्रह्मेदमक्लमम् ॥ ७२ ॥

સર્વ પદાર્થોને બ્રહ્મના સ્વરૂપમાં જ ઢાંકી દેવા આ અધ્યાત્મશાસ્ત્રોનો સિદ્ધાંત છે. આ જગતમાં અવિદ્યા નથી અને માયા પણ નથી; આ સર્વ જગત ગ્લાનિરહિત અને શાંત બ્રહ્મ જ છે. ૭૨

स्वात्मन्यारोपिताशेषाभासवस्तुनिरासतः ।
स्वयमेव परं ब्रह्म पूर्णमद्वयमक्रियम् ॥ ७३ ॥

પોતાના આત્મામાં આરોપિત કરેલી સમગ્ર આભાસરૂપ મિથ્યા વસ્તુઓને દૂર કરવાથી પોતે જ પૂર્ણ, અદ્વૈત અને ક્રિયારહિત પરબ્રહ્મ છે. ૭૩

राम एव परं ब्रह्म राम एव परं तपः ।
राम एव परं तत्त्वं श्रीरामो ब्रह्म तारकम् ॥ ७४ ॥

રામ જ પરબ્રહ્મ છે; રામ જ પરમ તપ છે; રામ જ પરમ તત્ત્વ છે; શ્રીરામ જ (સંસારથી) તારનાર બ્રહ્મ છે. ૭૪

चिद्रूपमात्रं ब्रह्मैव सच्चिदानंदमद्वयम् ॥ ७५ ॥

માત્ર ચૈતન્યરૂપ બ્રહ્મ જ અદ્વૈત સચ્ચિદાનંદ છે. ૭૫

ऋतं सत्यं परं ब्रह्म सर्वसंसारभेषजम् ॥ ७६ ॥

ઋત–સત્ય અને પ્રિય વાણી–તે સર્વશ્રેષ્ઠ બ્રહ્મ છે; સત્ય-બ્રહ્મવિચાર–તે બ્રહ્મ છે; અને બ્રહ્મ સર્વ સંસારનું ઔષધ છે. ૭૬

ब्रह्म चिद्ब्रह्म भुवनं ब्रह्म भूतपरंपरा ।
ब्रह्माहं ब्रह्म चिच्छत्रुब्रह्म चिन्मित्रबांधवाः ॥ ७७ ॥

ચૈતન્ય બ્રહ્મ છે; જગત બ્રહ્મ છે; પ્રાણીઓની પરંપરા બ્રહ્મ છે; હું બ્રહ્મ છું; જ્ઞાતા બ્રહ્મ છે; શત્રુ બ્રહ્મ છે; ચૈતન્ય-રૂપ મિત્રો તથા કુટુંબીઓ પણ બ્રહ્મ છે. ૭૭

ब्रह्मरूपतया ब्रह्म केवलं प्रतिभासते ।
जगद्रूपतयाऽप्येतत् ब्रह्मैव प्रतिभासते ॥
विद्याऽविद्यादिभेदेन भावाभावादिभेदतः ।
गुरुशिष्यादिभेदेन ब्रह्मैव प्रतिभासते ॥ ७८ ॥

બ્રહ્મરૂપે કેવળ બ્રહ્મ જ પ્રકાશે છે; આ જગતરૂપે પણ બ્રહ્મ જ પ્રકાશે છે; વિદ્યા તથા અવિદ્યા વગેરે ભેદથી, વસ્તુ અને અવસ્તુ વગેરે ભેદથી તેમ જ ગુરુ તથા શિષ્ય વગેરે ભેદથી પણ બ્રહ્મ જ પ્રકાશે છે. ૭૮

इदं ब्रह्म परं ब्रह्म सत्यं ब्रह्म प्रभुर्हि सः ।
कालो ब्रह्म कला ब्रह्म सुखं ब्रह्म स्वयंप्रभम् ॥
एकं ब्रह्म द्वयं ब्रह्म मोहो ब्रह्म शमादिकम् ।
दोषो ब्रह्म गुणो ब्रह्म दमःशान्तं विभुः प्रभुः ॥

लोको ब्रह्म गुरुर्ब्रह्म शिष्यो ब्रह्म सदाशिवः ।
पूर्वं ब्रह्म परं ब्रह्म शुद्धं ब्रह्म शुभाशुभम् ॥
जीव एव सदा ब्रह्म स्वयं ब्रह्म सनातनम् ॥ ७९ ॥

આ બ્રહ્મ છે; બીજું બ્રહ્મ છે; સત્ય બ્રહ્મ છે; તે જ પ્રભુ છે; કાળ બ્રહ્મ છે; કળા બ્રહ્મ છે; સુખ સ્વયંપ્રકાશ બ્રહ્મ છે; એક બ્રહ્મ છે; બે બ્રહ્મ છે; મોહ બ્રહ્મ છે; શમ વગેરે બ્રહ્મ છે; દોષ બ્રહ્મ છે; ગુણ બ્રહ્મ છે; દમ (ઇંદ્રિય-નિગ્રહ) શાંત બ્રહ્મ છે; તે જ વ્યાપક છે; તે જ પ્રભુ છે; લોક બ્રહ્મ છે; ગુરુ બ્રહ્મ છે; શિષ્ય સદાશિવ–બ્રહ્મ છે; પહેલાંનું બ્રહ્મ છે; પાછળનું બ્રહ્મ છે; શુભ તથા અશુભ શુદ્ધ બ્રહ્મ છે; જીવ સદા બ્રહ્મ જ છે અને (હું) પોતે સનાતન બ્રહ્મ છું. ૭૯

પ્રકરણ ૧૮ મું

અવશિષ્ટ–વાક્યો

સર્વ તજતાં બાકી રહે તે બ્રહ્મ :

सर्वविशेषं नेतिनेतीति विहाय यदवशिष्यते तदद्वयं ब्रह्म ॥ १ ॥

'નેતિ નેતિ બ્રહ્મ આવું નથી, આવું નથી' એમ સર્વ વિશેષ–પદાર્થોને તજીને (છેવટે) જે બાકી રહે, તેને અદ્વૈત બ્રહ્મ જાણવું. ૧

जीवभावजगद्भावबाधे प्रत्यगभिन्नं ब्रह्मैवावशिष्यते ॥ २ ॥

જીવપણું અને જગતપણું દૂર કરતાં પ્રત્યેકમાં વ્યાપ્ત એવા આત્મતત્ત્વથી નહિ જુદું–બ્રહ્મ જ બાકી રહે છે. ૨

पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥ ३ ॥

એ બ્રહ્મ પૂર્ણ છે; આ નામરૂપ ઉપાધિવાળું બ્રહ્મ પૂર્ણ છે; પૂર્ણ કારણરૂપ બ્રહ્મથી, પૂર્ણ કાર્યરૂપ બ્રહ્મ, જાણે ઉપર જાય છે–જુદું હોય તેવું જણાય છે; (પરંતુ જ્ઞાની) પૂર્ણના એટલે કાર્યરૂપ બ્રહ્મના, પૂર્ણને એટલે આત્મસ્વરૂપના એકરસપણાને, ગ્રહણ કરી–મેળવીને પૂર્ણ કેવળ બ્રહ્મરૂપે જ બાકી રહે છે. ૩

कार्योपाधिरयं जीवः कारणोपाधिरीश्वरः ।
कार्यकारणतां हित्वा पूर्णबोधोऽवशिष्यते ॥ ४ ॥

આ જીવ કાર્યરૂપ ઉપાધિવાળો છે; અને ઈશ્વર કારણરૂપ ઉપાધિવાળા છે; એ બન્નેમાંથી કાર્ય–કારણરૂપ ઉપાધિનો ત્યાગ કરી પૂર્ણ–પરબ્રહ્મનું જ જ્ઞાન બાકી રહે છે–એક જ પૂર્ણ તત્ત્વ જણાય છે. ૪

ततः स्तिमितगम्भीरं न तेजो न तमस्ततम् ।
अनाख्यमनभिव्यक्तं सत् किंचिदवशिष्यते ॥ ५ ॥

(સમાધિમાં છેલ્લી સ્થિતિએ પહોંચ્યા) પછી નિશ્ચળ અને ગંભીર એવું તેજ અથવા ફેલાયેલું અંધારું જણાતું નથી; પણ વર્ણવવું અશક્ય અને પ્રકટ નહિ જણાતું કંઈક સત્ એટલે હોવારૂપ તત્ત્વ–બ્રહ્મ જ બાકી રહે છે–અનુભવાય છે. ૫

संकल्पमनसी भिन्ने न कदाचन केनचित् ।
संकल्पजाते गलिते स्वरूपमवशिष्यते ॥ ६ ॥

સંકલ્પ તથા મનને કોઈએ કદી તોડ્યાં નથી; પણ સંકલ્પોનો સમુદાય ગળી પડે, ત્યારે કેવળ આત્મસ્વરૂપ જ બાકી રહે છે. ૬

महाप्रलयसंपत्तौ ह्यसत्तां समुपागते ।
अशेषदृश्ये सर्गादौ शान्तमेवावशिष्यते ॥ ७ ॥

સમસ્ત સૃષ્ટિનો મહાપ્રલય થાય છે; ત્યારે સમગ્ર દૃશ્ય પદાર્થો જેમ અસત્તાને પામે છે–દૃશ્યરૂપે મટી જઈ કેવળ એક બ્રહ્મરૂપ બને છે; વળી જેમ સૃષ્ટિના આદિ કાળમાં કોઈ દૃશ્ય પદાર્થ હોતો જ નથી, પણ કેવળ એક બ્રહ્મ વસ્તુ જ હોય છે; તેમ સર્વ ઉપાધિઓનો ત્યાગ થયા પછી જ્ઞાન થતાં શાંત બ્રહ્મ જ બાકી રહે છે–શુદ્ધ આત્મતત્ત્વનો જ કેવળ સાક્ષાત્કાર થાય છે. ૭

खेदोल्लासविलासेषु स्वात्मकर्तृतयाऽनया ।
स्वसंकल्पे क्षयं याते समतैवावशिष्यते ॥ ८ ॥

પોતાના આત્મા વિષે આ કર્તાપણું વગેરે માની લેવાથી જ ખેદના ઉલ્લાસો ને વિલાસોમાં પોતે તે તે ધર્મવાળો થાય છે; પરંતુ પોતાના સંકલ્પોનો નાશ પામે છે, ત્યારે કેવળ સમતા જ બાકી રહે છે–એક આત્મસ્વરૂપનો જ અનુભવ થાય છે. ૮

समता सर्वभावेषु यासौ सत्यपरा स्थितिः ॥ ९ ॥

સર્વ પદાર્થોમાં જે આ સત્યપરાયણ સ્થિતિ એટલે 'सर्वं खल्विदं ब्रह्म' એવી જે ભાવના તે 'સમતા' કહેવાય છે. ૯

सर्वत्राहमकर्तेति दृढभावनयाऽनया ।
परमामृतनाम्नी सा समतैवावशिष्यते ॥ १० ॥

સર્વ ક્રિયાઓમાં 'હું કર્તા નથી;' આવી આ દૃઢ ભાવનાથી 'પરમામૃત' નામની તે સમતા જ બાકી રહે છે—કેવળ આત્મતત્ત્વ જ અનુભવાય છે. ૧૦

कालत्रयमुपेक्षित्वा हीनायाश्चैत्यबंधनैः ।
चितश्चैत्यमुपेक्षिन्याः समतैवावशिष्यते ॥ ११ ॥

ત્રણે કાળની ઉપેક્ષા કરી જણાતા પદાર્થોરૂપ બંધનથી રહિત થયેલી અને જણાતા પદાર્થોની ઉપેક્ષા કરનારી ચેતનાથી સમતા જ બાકી રહે છે—કેવળ બ્રહ્મસ્વરૂપે જ સ્થિતિ થાય છે. ૧૧

सा हि वाचामगम्यत्वादसत्तामिव शाश्वतीम् ।
नैरात्म्यसिद्धान्तदशामुपयातेऽवशिष्यते ॥ १२ ॥

તે સમતા, વાણીથી અગમ્ય છે; તેથી સનાતન અસત્તા હોય—જાણે કોઈ પદાર્થ જ ન હોય, એમ નિરાત્મવાદના સિદ્ધાંત જેવી દશા પ્રાપ્ત થાય, ત્યારે જ તે બાકી રહે છે. ૧૨

यावद्यावन्मुनिश्रेष्ठ स्वयं संत्यज्यतेऽखिलम् ।
तावत्तावत् परालोकः परमात्मैव शिष्यते ॥ १३ ॥

હે મુનિશ્રેષ્ઠ ! જેમ જેમ પોતે બધું સારી પેઠે તજે છે, તેમ તેમ (છેવટે) સર્વોત્કૃષ્ટ પ્રકાશસ્વરૂપ કેવળ પરમાત્મા જ બાકી રહે છે—પરમાત્મા સિવાય કોઈ વસ્તુનો તેને અનુભવ થતો નથી. ૧૩

अभ्यासेन परिस्पन्दे प्राणानां क्षयमागते ।
मनः प्रशममायाति निर्वाणमवशिष्यते ॥ १४ ॥

(સમાધિના) અભ્યાસથી પ્રાણોની શ્વાસોચ્છ્વાસ—ચેષ્ટા જ્યારે નાશ પામે છે, ત્યારે મન અત્યંત શાંતિ પામે છે—સંકલ્પવિકલ્પ કરતું બંધ પડે છે; એટલે કેવળ નિર્વાણ જ બાકી રહે છે—જીવન્મુક્ત દશા અનુભવાય છે. ૧૪

ज्ञेयवस्तुपरित्यागे विलयं याति मानसम् ।
मानसे विलयं याते कैवल्यमवशिष्यते ॥ १५ ॥

જણાતી વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે, ત્યારે મન અત્યંત લય પામે છે; અને મન સારી રીતે લય પામે છે, ત્યારે કૈવલ્ય—આત્મસ્વરૂપ જ બાકી રહે છે. ૧૫

यतो वाचो निवर्तन्ते विकल्पकलनान्विताः ।
विकल्पसंक्षयाज्जन्तोः पदं तदवशिष्यते ॥ १६ ॥

જે પરમ પદથી વિકલ્પોવાળી વાણી પાછી ફરે છે—જેને વાણી પહોંચી જ શકતી નથી, તે પરમ પદ, પ્રાણીના વિકલ્પોનો નાશ થવાથી જ બાકી રહે છે—સંકલ્પવિકલ્પોની પૂર્ણ નિવૃત્તિ થતાં પરમ પદનો અનુભવ થાય છે. ૧૬

चिद्व्योमैव किलास्तीह परापरविवर्जितम् ।
सर्वत्रासंभवच्चैत्यं यत् कल्पान्तेऽवशिष्यते ॥ १७ ॥

આ પ્રત્યેકમાં કેવળ ચિદાકાશ જ રહેલ છે—વ્યાપક ચૈતન્ય જ છે, જે પર કે અપરના ભેદ વિનાનું—એક જ છે, જેમાં જણાતી કોઈ વસ્તુનો સંભવ જ નથી અને જે મહાપ્રલયના અંતે (એક જ) બાકી રહે છે. ૧૭

पञ्चरूपपरित्यागादर्थरूपप्रहाणतः ।
अधिष्ठानं परं तत्त्वमेकं सच्छिष्यते महत् ॥ १८ ॥

પાંચ મહાભૂતોના રૂપનો ત્યાગ કરવાથી અથવા પદાર્થ માત્રના સ્વરૂપનો ત્યાગ કરવાથી સર્વના આશ્રયરૂપ સર્વશ્રેષ્ઠ એક જ મહાન સત્તત્ત્વ બાકી રહે છે. (તે જ બ્રહ્મ છે.) ૧૮

सर्ववेदान्तसिद्धान्तसारं वच्मि यथार्थतः ।
स्वयं मृत्वा स्वयं भूत्वा स्वयमेवावशिष्यते ॥ १९ ॥

સર્વ વેદાંતોના સિદ્ધાંતનો સાચેસાચો સાર કહી દઉં છું કે, પોતે જન્મીને, પોતે મરીને, પોતે જ બાકી રહે છે. ૧૯

अशब्दमस्पर्शमरूपमव्ययं तथाऽरसं नित्यमगन्धवच्च यत् ।
अनाद्यनन्तं महतः परं ध्रुवं तदेव शिष्यत्यमलं निरामयम् ॥२०॥

જે પરમ તત્ત્વ શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, નિર્વિકાર, રસરહિત, નિત્ય, ગંધ વિનાનું, આદિ–અંતરહિત, મહત્તત્ત્વથી પર, અચળ સ્થિતિવાળું, નિર્મળ અને નિર્દોષ છે, તે જ (જ્ઞાનદશામાં) કેવળ બાકી રહે છે; અર્થાત્ જ્ઞાન થયા પછી એક બ્રહ્મતત્ત્વ જ અનુભવાય છે. ૨૦

પ્રકરણ ૧૯ મું

ફળ–વાક્યો

स यो ह वै तत् परमम् ॥ १ ॥

તે પરબ્રહ્મને જે જાણે છે, તે પરબ્રહ્મ જ છે. ૧

ब्रह्म वेद ब्रह्मैव भवति ॥ २ ॥

જે બ્રહ્મને જાણે છે, તે બ્રહ્મરૂપ જ થાય છે. ૨

ब्रह्मविदाप्नोति परम् ॥ ३ ॥

બ્રહ્મને જાણનારો પરબ્રહ્મને પામે છે. ૩

ब्रह्मसंस्थोऽमृतत्वमेति ॥ ४ ॥

બ્રહ્મમાં સારી રીતે સ્થિતિ પામેલો અમરપણાને પામે છે. ૪

तरति शोकमात्मवित् ॥ ५ ॥

આત્માને જાણનારો શોકને તજે છે–શોકરહિત થાય છે. ૫

य एवं वेदाहं ब्रह्मास्मीति स इदं सर्वं भवति ॥ ६ ॥

જે એમ જાણે છે કે, 'હું બ્રહ્મ છું,' તે આ પૂર્ણ બ્રહ્મરૂપ થાય છે. ૬

स एष विसुकृतो विदुष्कृतो ब्रह्मविद् विद्वान् ब्रह्मैवाभिप्रैति ॥७॥

તે આ બ્રહ્મને જાણનારો જ્ઞાની પુણ્યરહિત તથા પાપરહિત થઈને બ્રહ્મ જ પામે છે. ૭

य एवं निर्बीजं वेद निर्बीज एव स भवति ॥ ८ ॥

જે એમ બીજરહિત બ્રહ્મને જાણે છે, તે બીજરહિત જ થાય છે, અર્થાત્ સંસાર થવાનાં બી (પુણ્યપાપ) વગેરેથી રહિત થઈ બ્રહ્મરૂપ થાય છે. ૮

तद् ब्रह्मैवाहमस्मीति ब्रह्मप्रणवमनुस्मरन् भ्रमरकीटन्यायेन शरीरत्रयमुत्सृज्य संन्यासेनैव देहत्यागं करोति स कृतकृत्यो भवति ॥ ९ ॥

'હું તે બ્રહ્મ જ છું,' એવી ભાવનાપૂર્વક ×બ્રહ્મપ્રણવનું

× સોળ માત્રાવાળો ૐકાર તે બ્રહ્મપ્રણવ છે; તેનું સ્પષ્ટ સ્વરૂપ પરમહંસ પરિવ્રાજક ઉપનિષદમાં છે.

સ્મરણ કરતો જે સંન્યાસી, ભમરાએ પકડેલો કીડો જેમ ભમરો બની જાય છે તેમ, (બ્રહ્મરૂપ થઈ સ્થૂળ–સૂક્ષ્મ–કારણ એ) ત્રણે શરીરો તજી સંન્યાસીની સાથે જ દેહનો ત્યાગ કરે છે, તે કૃતાર્થ થાય છે. ૯

तमेवं ज्ञात्वा विद्वान् मृत्युमुखात् प्रमुच्यते ॥१०॥

તે પરમાત્માને એમ (પોતાના આત્મારૂપે) જાણતો જ્ઞાની મૃત્યુના મુખથી છૂટે છે–જન્મમરણ રહિત થઈ પરમાત્માસ્વરૂપ થાય છે. ૧૦

तमेवं विद्वांस इहैवामृता भवन्ति ॥११॥

એ રીતે તે પરમાત્માને જાણનારા આ લોકમાં જ અમર થાય છે. ૧૧

अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तं मृत्युमुखात् प्रमुच्यते ॥

આદિ–અંતરહિત, મહત્તત્ત્વથી પર–વિલક્ષણ અને અપરિણામી–નિત્ય તે પરમાત્માને જાણી મૃત્યુના મુખથી છૂટે છે. ૧૨

यज्ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्त्वं च गच्छति ॥१३॥

જે બ્રહ્મને જાણી પ્રાણી સંસારથી છૂટે છે અને અમરપણાને પામે છે. ૧૩

यदा पश्यः पश्यते रुक्मवर्णं कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम् ।

तदा विद्वान् पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति ॥१४॥

જ્યારે સાધક પુરુષ સ્વયંજ્યોતિ સ્વભાવવાળા, સર્વના કર્તા, ઈશ્વર, બ્રહ્મ અને સર્વનું ઉત્પત્તિસ્થાન પુરુષ–પરમાત્મા-

નો સાક્ષાત્કાર કરે છે, ત્યારે જ્ઞાની થઈ, પુણ્ય તથા પાપનો ત્યાગ કરી, નિર્લેપ થઈ સર્વોત્કૃષ્ટ સમતાને (એટલે અદ્વૈતભાવને) પામે છે. ૧૪

एतद् यो वेद निहितं गुहायां सोऽविद्याग्रन्थिं विकिरतीह सौम्य ॥

હે પ્રિયદર્શન ! હૃદયરૂપી ગુફામાં રહેલા આ બ્રહ્મને જે જાણે છે, તે અજ્ઞાનરૂપી ગાંઠને આ લોકમાં જ છોડી નાખે છે–આ જ જન્મમાં અજ્ઞાનરહિત થઈ જીવન્મુક્ત થાય છે. ૧૫

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।

क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥१६॥

તે કારણ–કાર્યરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે આ મનુષ્યની હૃદયની ગાંઠ (વાસના) તૂટી જાય છે; સર્વ સંશયો કપાઈ જાય છે અને કર્મો નાશ પામે છે. ૧૬

यथा नद्यः स्यन्दमानाः समुद्रेऽस्तं गच्छन्ति नामरूपे विहाय ।

तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात् परं पुरुषमुपैति दिव्यम् ॥१७

જેમ વહેતી નદીઓ નામ–રૂપ તજીને સમુદ્રમાં અસ્ત પામે છે–મળી જાય છે, તેમ જ્ઞાની પુરુષ નામ–રૂપથી છૂટીને શ્રેષ્ઠથી શ્રેષ્ઠ દિવ્ય પુરુષ–પરમાત્માને પામે છે. ૧૭

ज्ञात्वा तं मृत्युमत्येति नान्यः पन्था विमुक्तये ॥१८॥

તે પરમાત્માને જાણી મૃત્યુને ઓળંગે છે–મૃત્યુથી છૂટે છે; મુક્તિને માટે (આત્મજ્ઞાન વિના) બીજો કોઈ માર્ગ નથી. ૧૮

तद् ब्रह्माहमिति ज्ञात्वा ब्रह्म संपद्यते ध्रुवम् ॥ १९ ॥

'તે બ્રહ્મ હું છું' એમ જાણીને (મનુષ્ય) અવશ્ય બ્રહ્મરૂપ થાય છે. ૧૯

यत्र यत्र मृतो ज्ञानी परमाक्षरवित्सदा ॥ २० ॥
परब्रह्मणि लीयते न तस्योत्क्रान्तिरिष्यते ॥ २१ ॥

પરમ અવિનાશી–પરમાત્માને જાણનારો જ્ઞાની જ્યાં જ્યાં મરણ પામ્યો હોય, ત્યાં ત્યાં સર્વ કાળે પરબ્રહ્મમાં જ લય પામે છે; તેનું સંસારમાં પાછું આવવું થતું જ નથી.

यद् यत्स्वाभिमतं वस्तु तत् त्यजन् मोक्षमश्नुते ॥ २२ ॥

જે જે પોતાને વહાલી વસ્તુ હોય તેને તેને તજતો મનુષ્ય મોક્ષને પામે છે. (મનરૂપી રોગને દૂર કરવાનો આ ઉપાય છે.) ૨૨

असंकल्पनशस्त्रेण छिन्नं चित्तमिदं यदा ।
सर्वं सर्वगतं शान्तं ब्रह्म संपद्यते तदा ॥ २३ ॥

સંકલ્પો ન કરવારૂપ શસ્ત્રથી આ ચિત્ત જ્યારે કપાઈ જાય છે, ત્યારે (મનુષ્ય) સર્વસ્વરૂપ, સર્વવ્યાપ્ત અને શાંત બ્રહ્મરૂપે થાય છે. ૨૩

प्रियेषु स्वेषु सुकृतमप्रियेषु च दुष्कृतम् ।
विसृज्य ध्यानयोगेन ब्रह्माप्येति सनातनम् ॥ २४ ॥

પોતાનાં પ્રિય જનો ઉપરની તેઓનું સારું કરવાની બુદ્ધિને (એટલે તેઓના ઉપરના પ્રેમને) તેમ જ પોતાને અપ્રિય હોય તેના ઉપરની તેઓનું ખરાબ કરવાની બુદ્ધિને

(એટલે તેઓના પરના દ્વેષને) તજીને પછીથી ધ્યાનયોગનો આશ્રય કરવાથી (મનુષ્ય) સનાતન બ્રહ્મને પામે છે. ૨૪

घटाकाशमिवात्मानं विलयं वेत्ति तत्त्वतः ।
स गच्छति निरालंबं ज्ञानालोकं सनातनम् ॥ २५ ॥

જેમ ઘડો ભાંગી જતાં તેમાંનું આકાશ આકાશમાં મળી જાય છે, તેમ દેહરૂપ ઉપાધિ છૂટતાં આત્મા પરમાત્મામાં મળી જાય છે; આમ પોતાના આત્માનો અંતે પરમાત્મામાં જ લય થાય છે એમ જે યથાર્થ રીતે જાણે છે, તે (મનુષ્ય) જેને કોઈનો આશ્રય નથી એવા સનાતન જ્ઞાન–પ્રકાશને પામે છે. ૨૫

तृणाग्रेष्वम्बरे भानौ नरनागामरेषु च ।
यस्तिष्ठति तदेवाहमिति मत्वा न शोचति ॥ २६ ॥

ઘાસની અણીઓ પર, આકાશમાં, મનુષ્યોમાં, હાથીઓમાં અને દેવોમાં (એમ સર્વ સ્થળે) જે પરમાત્મા રહેલ છે, તે જ હું છું; આમ જાણીને (જ્ઞાની) શોક કરતો નથી. ૨૬

सर्वसाक्षिणमात्मानं वर्णाश्रमविवर्जितम् ।
ब्रह्मरूपतया पश्यन् ब्रह्मैव भवति स्वयम् ॥ २७ ॥

સર્વનો સાક્ષી આત્મા વર્ણ કે આશ્રમથી રહિત છે–તે તો કેવળ બ્રહ્મરૂપ જ છે; એમ આત્માને યથાર્થ સ્વરૂપે જોતો (જ્ઞાની) પોતે બ્રહ્મરૂપ જ થાય છે. ૨૭

तदब्रह्मानन्दमद्वन्द्वं निर्गुणं सत्यचिद्घनम् ।
विदित्वा स्वात्मनो रूपं न बिभेति कुतश्चन ॥ २८ ॥

પોતાના આત્માનું સ્વરૂપ તે જ બ્રહ્મ છે, આનંદમય છે, સુખ-દુ:ખાદિ દ્વંદ્વોથી રહિત છે, સત્ત્વાદિ ગુણોથી રહિત છે, સત્યસ્વરૂપ છે અને ચૈતન્ય અથવા જ્ઞાનમય છે, એમ જાણીને (જ્ઞાની) કોઈથી ડરતો નથી. ૨૮

(શ્રીરામચંદ્રજી હનુમાનજીને કહે છે:)

वासनां संपरित्यज्य मयि चिन्मात्रविग्रहे ।
यस्तिष्ठति गतस्नेहः सोऽहं सच्चित्सुखात्मकः ॥२९॥

જે મનુષ્ય સર્વ વાસનાને તજી, (સર્વ વસ્તુ પરના) સ્નેહથી રહિત થઈને માત્ર ચૈતન્યરૂપ શરીરવાળા મારામાં સ્થિતિ કરે-મને જ પોતાનું સ્વરૂપ સમજે, તે સચ્ચિદાનંદ-સ્વરૂપ મારું સ્વરૂપ જ થાય છે. ૨૯

दर्शनादर्शने हित्वा स्वयं केवलरूपतः ।
य आस्ते कपिशार्दूल ब्रह्म स ब्रह्मवित् स्वयम् ॥३०॥

હે વાનરશ્રેષ્ઠ (હનુમાન)! જે મનુષ્ય દર્શન કે અદર્શનનો ત્યાગ કરી કેવળ પોતે બ્રહ્મસ્વરૂપે જ સ્થિતિ કરે છે ('હું જ બ્રહ્મ છું' એમ ચોક્કસ જાણે છે), તે બ્રહ્મને જાણનારો હોઈ પોતે જ બ્રહ્મ છે. ૩૦

પ્રકરણ ૨૦ મું

વિદેહમુક્તિ-વાક્યો

विमुक्तश्च विमुच्यते ॥१॥

(બ્રહ્મથી અભિન્ન આત્માનું ધ્યાન કરી સર્વ વાસનાઓથી રહિત થયેલો જ્ઞાની શોકરહિત થઈને) અને જીવતાં જ મુક્ત થઈ (શરીર પડ્યા પછી) વિદેહમુક્તિને પામે છે-પુર્નજન્મરહિત મોક્ષને મેળવે છે. ૧

गुहाग्रन्थिभ्यो विमुक्तोऽमृतो भवति ॥२॥

હૃદયરૂપ ગુફામાંની અવિદ્યા વગેરે ગાંઠોથી (જીવતાં જ) છૂટેલો-જ્ઞાની (દેહ છોડીને) અમર (બ્રહ્મરૂપ) થાય છે. ૨

अथाकामयमानो योऽकामो निष्काम आत्मकाम आप्तकामो न तस्य प्राणा उत्क्रामन्त्यत्रैव समवलीयन्ते ब्रह्मैव सन् ब्रह्माप्येति ॥३॥

હવે જે પુરુષ કોઈ પણ વસ્તુની ઇચ્છા ન કરતો હોય, બાહ્ય શબ્દાદિ વિષયોની ઇચ્છા વિનાનો થયો હોય, અંદરની વાસનારૂપ ઇચ્છાથી રહિત હોય અને કેવળ આત્માના જ્ઞાનની જ ઇચ્છાવાળો હોય, તે સર્વ કામનાઓને પામી જ ચૂકયો છે. તેના પ્રાણો ઊંચે બીજા કોઈ લોકમાં જતા નથી, પણ આ બ્રહ્મમાં જ લય પામે છે, અને તે બ્રહ્મરૂપ થઈને બ્રહ્મને જ પામે છે. ૩

तद्यथाऽहिनिर्ल्वयनी वल्मीके मृता प्रत्यस्ता शयीतैवमेवेदं शरीरं शेतेऽथायमशरीरोऽमृतः प्राणो ब्रह्मैव तेज एव ॥४॥

જેમ સર્પની કાંચળી સર્પથી છૂટી થયેલી અને સર્પે

અનાત્મભાવે તજેલી રાફડામાં એમની એમ પડી રહે છે, તે જ પ્રમાણે જીન્મુક્તે છોડેલું આ શરીર એમ ને એમ (જ્યાં છોડ્યું હોય ત્યાં) પડી રહે છે; અને એ જીવન્મુક્ત તો કોઈ પણ શરીરમાં અહંતા–મમતા વિનાનો હોઈ, શરીરરહિત જ થઈ ને અમર, સાક્ષીરૂપ અને કેવળ જ્યોતિરૂપ બ્રહ્મ જ થાય છે–બ્રહ્મભાવને જ પામે છે. ૪

अशरीरो निरिन्द्रियोऽप्राणोऽतमाः सच्चिदानन्दमात्रः स स्वराट् भवति ॥५॥

શરીરરહિત, ઇંદ્રિયોરહિત, પ્રાણરહિત અને અજ્ઞાનરૂપ અંધકારથી રહિત થયેલો તે વિદેહમુક્ત પુરુષ માત્ર સચ્ચિદાનંદસ્વરૂપ થઈ સ્વયંપ્રકાશ થાય છે. ૫

पृथिव्यप्सु प्रलीयत आपो ज्योतिषि लीयन्ते ज्योतिर्वायौ विलीयते वायुराकाश आकाशमिन्द्रियेष्विन्द्रियाणि तन्मात्रेषु तन्मात्राणि भूतादौ विलीयन्ते भूतादिर्महति विलीयते महानव्यक्ते विलीयतेऽव्यक्तमक्षरे विलीयतेऽक्षरं तमसि विलीयते तमः परे देव एकीभवति परस्तान्न सन्नासन्न सदसत् ॥६॥

(જ્ઞાની પુરુષ શરીર તજે છે ત્યારે તેના શરીરમાં રહેલ) પૃથ્વી જળમાં લય પામે છે; જળ તેજમાં લય પામે છે; તેજ વાયુમાં લય પામે છે; વાયુ આકાશમાં; આકાશ ઇંદ્રિયોમાં, ઇંદ્રિયો શબ્દાદિ તન્માત્રાઓમાં, તન્માત્રાઓ અહંકારમાં, અહંકાર મહત્તત્ત્વમાં, મહતત્ત્વ અવ્યક્તમાં,[1] અવ્યક્ત અક્ષરમાં (પુરુષમાં), અક્ષર તમસ્‌માં[2]

૧ આવરણશક્તિમાં. ૨ મૂલપ્રકૃતિમાં.

અને તમસ્ સર્વોત્કૃષ્ટ દેવ–પરમાત્મામાં લય પામે છે. પછી તે સત્ નથી, અસત્ નથી અને સત્–અસત્ બન્ને નથી. ૬

ब्रह्माण्डं तद्गतलोकान् कार्यरूपांश्च कारणत्वं प्रापयित्वा ततः सूक्ष्माङ्गं कर्मेन्द्रियाणि प्राणाश्च ज्ञानेन्द्रियाण्यन्तःकरणचतुष्टयं चैकीकृत्य सर्वाणि भौतिकानि कारणे भूतपञ्चके संयोज्य भूमिं जले जलं वह्नौ वह्निं वायौ वायुमाकाशे चाकाशमहंकारे चाहंकारं महति महदव्यक्ते अव्यक्तं पुरुषे क्रमेण विलीयते। विराड्हिरण्यगर्भेश्वरा उपाधिविलयात् परमात्मनि लीयन्ते ॥ ७ ॥

(જીવન્મુક્ત પુરુષ વિદેહમુક્તિના સમયે) બ્રહ્માંડને તથા તે બ્રહ્માંડમાં રહેલા કાર્યરૂપ લોકોને પ્રથમ કારણરૂપ કરી દે છે. પછી સૂક્ષ્મ શરીરને, કર્મેંદ્રિયોને, પ્રાણોને, જ્ઞાનેંદ્રિયોને તથા ચાર અંતઃકરણને એકરૂપ કરે છે; પછી સર્વ ભૌતિક પદાર્થોને તેઓનાં કારણ પાંચ મહાભૂતોમાં લય પમાડી પૃથ્વીને જળમાં, જળને અગ્નિમાં, અગ્નિને વાયુમાં, વાયુને આકાશમાં, આકાશને અહંકારમાં, અહંકારને મહત્તત્ત્વમાં, મહત્તત્ત્વને અવ્યક્ત(આવરણશક્તિ)માં, અવ્યક્તને પુરુષ(સાક્ષી–ચૈતન્ય)માં, અનુક્રમે લય પમાડે છે. તે સમયે વિરાટ, હિરણ્યગર્ભ અને ઈશ્વર પોતપોતાની ઉપાધિનો લય થવાથી પરમાત્મામાં લય પામે છે. ૭

प्रारब्धक्षयवशाद्देहत्रयभङ्गं प्राप्योपाधिनिर्मुक्तघटाकाशवत्परिपूर्णता विदेहमुक्तिः ॥ ८ ॥

પ્રારબ્ધકર્મનો ક્ષય થવાથી (સ્થૂળ–સૂક્ષ્મ–કારણ એ) ત્રણે દેહના નાશને પામી, જેમ (ઘડારૂપ) ઉપાધિથી રહિત

થયેલું ઘડાની અંદરનું આકાશ પરિપૂર્ણ મહાકાશરૂપ થાય છે, તેમ પરિપૂર્ણ બ્રહ્મરૂપે સ્થિતિ થવી તે 'વિદેહમુક્તિ' કહેવાય છે. ૮

यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः ।
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥ ९ ॥

મનુષ્યના હૃદયમાં રહેલી આ સર્વ કામનાઓ જ્યારે છૂટી જાય છે, ત્યારે–તે પછી મનુષ્ય અમર થાય છે અને આ લોકમાં જ બ્રહ્મને પામે છે. ૯

वेदांतविज्ञानसुनिश्चितार्थाः संन्यासयोगाद्यतयः शुद्धसत्त्वाः ।
ते ब्रह्मलोकेषु परान्तकाले परामृताः परिमुच्यन्ति सर्वे ॥ १० ॥

વેદાંતના વિશેષ જ્ઞાનથી બ્રહ્મરૂપ અર્થનો જેઓને સારી રીતે નિશ્ચય થયો હોય, અને સંન્યાસના યોગથી જેઓનાં અંતઃકરણ શુદ્ધ થયાં હોય, એવા સર્વ સંન્યાસીઓ દેહના ત્યાગસમયે બ્રહ્મરૂપ લોકમાં જ અત્યંત અમરરૂપે સ્થિતિ કરી મુક્ત થાય છે. ૧૦

तस्याभिध्यानाद्योजनात्तत्त्वभावाद्भूयश्चान्ते विश्वमायानिवृत्तिः ॥

તે પરમાત્માના ધ્યાનથી, તેમની સાથે પોતાના આત્માને અભેદભાવે જોડવાથી અને 'હું બ્રહ્મ છું' એમ વારંવાર તત્ત્વભાવના કરવાથી છેવટે સર્વ માયાઓ (પ્રતિબંધક સંસ્કારો) દૂર થાય છે. ૧૧

जीवन्मुक्तपदं त्यक्त्वा स्वदेहे कालसात्कृते ।
विशत्यदेहमुक्तत्वं पवनोऽस्पंदतामिव ॥ १२ ॥

પોતાનો દેહ કાળને અધીન કરાય છે, ત્યારે જ્ઞાની

જીવન્મુક્ત પદને તજીને, પવન જેમ નિશ્ચળપણાને પામે તેમ, વિદેહમુક્તપણાને પામે છે. ૧૨

ततस्तत् संबभूवासौ यद् गिरामप्यगोचरम् ।
यच्छून्यवादिनां शून्यं ब्रह्म ब्रह्मविदां च यत् ॥
विज्ञानमात्रं विज्ञानविदां यदमलात्मकम् ।
पुरुषः सांख्यसद्दृष्टीनामीश्वरो योगवादिनाम् ॥
शिवः शैवागमस्थानां कालः कालैकवादिनाम् ।
यत् सर्वशास्त्रसिद्धान्तं यत्सर्वहृदयानुगम् ॥
यत् सर्वं सर्वगं वस्तु यत्तत्त्वं तदसौ स्थितः ।
यदनुक्तमनिष्पदं दीपकं तेजसामपि ॥
स्वानुभूत्यैकमानं च यत्तत्त्वं तदसौ स्थितः ।
यदेकं चाप्यनेकं च साञ्जनं च निरञ्जनम् ॥
यत्सर्वं चाप्यसर्वं च यत्तत्त्वं तदसौ स्थितः ॥ १३ ॥

જીવન્મુક્તિ અનુભવ્યા પછી વિદેહમુક્ત થયેલો એ જ્ઞાની બ્રહ્મરૂપ થાય છે. જે બ્રહ્મ વાણીના પણ અવિષય છે, શૂન્યવાદીઓનું શૂન્ય છે, બ્રહ્મવેત્તાઓનું બ્રહ્મ છે, વિજ્ઞાનવાદીઓનું માત્ર વિજ્ઞાન છે, નિર્મળ સ્વરૂપ છે, સાંખ્યદર્શન માનનારાઓના પુરુષ છે, યોગવાદીઓના ઈશ્વર છે, શૈવશાસ્ત્રને માનનારાઓના શિવ છે, કેવળ કાળને જ માનનારાઓનું કાળતત્ત્વ છે, સર્વ શાસ્ત્રોના સિદ્ધાંતરૂપ છે, સર્વના હૃદયમાં રહેલ છે, સર્વરૂપ છે અને જે વસ્તુરૂપે સર્વવ્યાપી છે, તે બ્રહ્મમાં એ સ્થિતિ કરે છે. વળી જે તત્ત્વને કોઈ વર્ણવી શક્યું નથી, જે કોઈ પણ ચેષ્ટાથી

રહિત છે, સર્વ તેજનું પણ પ્રકાશક છે અને સ્વાનુભવ એ જ જેનું એક પ્રમાણ છે, તે તત્ત્વમાં એ વિદેહમુક્ત સ્થિતિ કરે છે. વળી જે તત્ત્વ એક છે, અનેક છે, સલેપ છે અને નિર્લેપ છે, અને જે સર્વરૂપ છે અને નથી, તે તત્ત્વમાં એ વિદેહમુક્ત સ્થિતિ કરે છે. ૧૩

निरानन्दोऽपि सानन्दः सच्चासच्च बभूव सः ॥ १४ ॥

તે વિદેહમુક્ત પુરુષ આનંદરહિત છતાં આનંદ સહિત અને સત્ તથા અસત્રૂપ થયો હોય છે. ૧૪

न चेतनो न च जडो न चैवासन्न सन्मयः ॥ १५ ॥

તે (વિદેહમુક્ત આત્મા) ચેતન નથી, જડ નથી; સત્‌મય નથી અને અસત્રૂપ પણ નથી. (અર્થાત્ એમ અનિર્વચનીય બ્રહ્મરૂપ થાય છે.) ૧૫

अजममरमनाद्यमाद्यमेकं पदममलं सकलं च निष्कलं च ।
स्थित इति स तदा नभःस्वरूपादपि विमलस्थितिरीश्वरः क्षणेन ॥

જન્મરહિત, મરણરહિત, આદિમાં નહિ થયેલ, આદિમાં થયેલ, એક, નિર્મળ, સંપૂર્ણ અને નિરવયવ એવા બ્રહ્મરૂપ-પદમાં સ્થિતિ પામેલો તે વિદેહમુક્ત પુરુષ આકાશના સ્વરૂપ કરતાં પણ નિર્મળ સ્થિતિવાળો થઈ તે જ ક્ષણે ઈશ્વર બને છે. ૧૬

व्यपगतकलनाकलंकशुद्धः स्वयममलात्मनि पावने पदेऽसौ ।
सलिलकण इवाम्बुधौ महात्मा विगलितवासनमेकतां जगाम ॥ १७ ॥

એ વિદેહમુક્ત મહાત્મા, જ્ઞાનરૂપ કલંક (ડાઘ) દૂર થવાથી શુદ્ધ થઈ પોતે નિર્મળ આત્મારૂપ પવિત્ર પદમાં,

જેમ જળકણ સમુદ્રમાં એકતા પામે તેમ, વાસનાઓથી રહિત થઈ એકતા પામેલો હોય છે. ૧૭

संशांतदुःखमजडात्मकमेकसुप्त-
मानन्दमन्थरमपेतरजस्तमो यत् ।
आकाशकोशतनवोऽतनवो महान्त-
स्तस्मिन् पदे गलितचित्तलवा भवन्ति ॥ १८ ॥

જેમાં દુઃખ અત્યંત શમી જાય છે, જે કેવળ ચૈતન્ય-મય છે, કેવળ સુષુપ્તિ જેવું છે, આનંદથી વ્યાપ્ત છે અને રજોગુણ તથા તમોગુણથી રહિત છે, તે (આત્મારૂપ) પદમાં મોટા અને સ્થૂળ હૃદયાકાશમાંના (પાંચ) કોશરૂપી દેહો, ગળી ગયેલા ચિત્તરૂપી અંશવાળા થાય છે.+ ૧૮

विदेहमुक्त एवासौ विद्यते निष्कलात्मकः ॥ १९ ॥

એ જ વિદેહમુક્ત છે, જે અવયવરહિત કેવળ આત્મા-રૂપ જ છે. ૧૯

समग्राग्र्यगुणाधारमपि सत्त्वं प्रलीयते ।
विदेहमुक्तौ विमले पदे परमपावने ॥
विदेहमुक्तिविषये तस्मिन् सत्त्वक्षयात्मके ।
चित्तनाशे विरूपाख्ये न किंचिदिह विद्यते ॥
न गुणा नागुणास्तत्र न श्रीर्नाश्रीर्न चैकता ॥ २० ॥

સમગ્ર મુખ્ય ગુણોનું આધાર અંતઃકરણ પણ પરમ પવિત્ર અને નિર્મળ એ વિદેહમુક્તિરૂપ પદમાં લય પામે

+ અર્થાત્ તે આત્મપદમાં લીન થયા પછી પાંચ કોશરૂપી દેહો અવયવો સાથે નાશ પામે છે.

છે. અંતઃકરણનો નાશ એ જ વિદેહમુક્તિનો વિષય છે; તેમાં ચિત્તનો વિરૂપ નામે નાશ થયો હોય છે; જેથી તેમાં કંઈ પણ હોતું નથી. ગુણો હોતા નથી; અગુણો હોતા નથી; શોભા કે લક્ષ્મી હોતી નથી; અશોભા કે અલક્ષ્મી હોતી નથી અને તેમાં એકતા પણ હોતી નથી. ૨૦

जीवन्नेव सदा मुक्तः कृतार्थो ब्रह्मवित्तमः ।
उपाधिनाशाद् ब्रह्मैव सन्ब्रह्माप्येति निर्द्वयम् ॥ २१ ॥

અતિશય બ્રહ્મવેત્તા બનેલો પુરુષ કૃતાર્થ હોઈ જીવતાં જ સદા મુક્ત છે; અને શરીરરૂપ ઉપાધિનો નાશ થયા પછી વિદેહમુક્ત થયેલો તે પુરુષ બ્રહ્મરૂપ જ થઈ અદ્વૈત બ્રહ્મને જ પામે છે. ૨૧

शास्त्रेण नश्येत् परमार्थदृष्टिः कार्यक्षमं नश्यति चापरोक्षात् ।
प्रारब्धनाशात् प्रतिभासनाश एवं त्रिधा नश्यति चात्ममाया ॥

અવસ્તુ ઉપર થયેલી વસ્તુબુદ્ધિ શાસ્ત્રના જ્ઞાન વડે નાશ પામે છે; આત્માનો અપરોક્ષ અનુભવ થવાથી કાર્યમાં યોગ્ય જણાતી કાર્યબુદ્ધિ નાશ પામે છે; અને પ્રારબ્ધ-કર્મનો નાશ થવાથી શરીરાદિ અનાત્મ પદાર્થોમાં ભાસતો આત્મભાસ નાશ પામે છે—આત્માને વળગેલી માયાનો આમ ત્રણ પ્રકારે નાશ થાય છે. ૨૨

अहिनिर्ल्वयनी सर्पनिर्वोको जीववर्जितः ।
वल्मीके पतितस्तिष्ठेत्तं सर्पो नाभिमन्यते ॥
एवं स्थूलं च सूक्ष्मं च शरीरं नाभिमन्यते ।

प्रत्यग्ज्ञानशिखिध्वस्ते मिथ्याज्ञाने सहेतुके ॥
नेति नेतीति रूपत्वादशरीरो भवत्ययम् ॥ २३ ॥

જીવ વિનાની સર્પની ખોળ (અથવા કાંચળી) રાફડામાં પડી હોય છે, તેના ઉપર સર્પ 'આ મારી છે' એવું અભિમાન કરતો નથી; તેમ આત્માના જ્ઞાનરૂપી અગ્નિથી કારણ સહિત મિથ્યા જ્ઞાન જ્યારે નાશ પામે છે, ત્યારે જ્ઞાની પુરુષ સ્થૂળ તથા સૂક્ષ્મ શરીર પર 'આ મારું છે, અથવા 'આ હું છું' એવું અભિમાન કરતો નથી. એ તો 'નેતિ નેતિ'—'આવો આત્મા નથી, આવો આત્મા નથી" એમ પ્રત્યેક પદાર્થને તજતો છેવટે આત્મારૂપ થયેલો હોવાથી હરકોઈ શરીરથી રહિત થાય છે. ૨૩

विश्वश्च तैजसश्चैव प्राज्ञश्चेति च ते त्रयः ।
विराड् हिरण्यगर्भश्च ईश्वरश्चेति ते त्रयः ॥
ब्रह्माण्डं चैव पिण्डाण्डं लोका भूरादयः क्रमात् ।
स्वस्वोपाधिलयादेव लीयन्ते प्रत्यगात्मनि ॥ २४ ॥

વ્યષ્ટિ—સ્થૂળ શરીરનો અભિમાની વિશ્વ, વ્યષ્ટિ—સૂક્ષ્મ શરીરનો અભિમાની તૈજસ, અને વ્યષ્ટિ—કારણ શરીરનો અભિમાની પ્રાજ્ઞ—આ ત્રણે તે તે વ્યષ્ટિરૂપ ઉપાધિવાળા આત્મા છે; તેમ જ સમષ્ટિ—સ્થૂળ શરીરનો અભિમાની વિરાટ, સમષ્ટિ—સૂક્ષ્મ શરીરનો અભિમાની હિરણ્યગર્ભ અને સમષ્ટિ—કારણ શરીરોનો અભિમાની ઈશ્વર—આ ત્રણે તે તે સમષ્ટિરૂપ ઉપાધિવાળા આત્મા છે; તેઓ સર્વે અને બ્રહ્માંડ, પિંડાંડ તથા ભુર્ વગેરે લોકો એ બધા (જ્ઞાની જીવન્મુક્ત જ્યારે

શરીર તજીને વિદેહમુક્તિ પામે છે, ત્યારે) અનુક્રમે પોતપોતાની ઉપાધિનો લય થતાં ઉપાધિરહિત–શુદ્ધ આત્મામાં લય પામે છે. ૨૪

तूष्णीमेव स्थितस्तूष्णीं तूष्णीं सत्यं न किञ्चन ॥२५॥

મૌન જ રહેલો તે (વિદેહમુક્તિ પામતો જ્ઞાની) ખરેખર મૌનસ્વરૂપે જ થઈ (નિરુપાધિ) મૌનસ્થિતિ જ અનુભવે છે, બીજું કંઈ જ નહિ. ૨૫

कालभेदं वस्तुभेदं देशभेदं स्वभेदकम् ।
किंचिद् भेदो न तस्यास्ति किंचिद्वापि न विद्यते ॥२६॥

કાળનો ભેદ, વસ્તુનો ભેદ, દેશનો ભેદ અને પોતાનો ભેદ એમ કોઈ જાતનો ભેદ તે જ્ઞાનીની દૃષ્ટિએ નથી; અથવા (આત્મા સિવાય) કોઈ વસ્તુ જ નથી. ૨૬

जीवेश्वरेति वाक्क्वेति वेदशास्त्राण्यहं त्विति ।
इदं चैतन्यमेवेति अहं चैतन्यमित्यपि ॥
इति निश्चयशून्यो यो वैदेही मुक्त एव सः ॥२७॥

જીવ અને ઈશ્વર આવી વાણી ક્યાં છે? હું વેદો તથા શાસ્ત્રો છું; આ (જગત) ચૈતન્ય જ છે; હું પણ ચૈતન્ય છું; આવો નિશ્ચય (પણ) જેને ન રહ્યો હોય, તે વિદેહમુક્ત જ છે.

ब्रह्मभूतः प्रशान्तात्मा ब्रह्मानन्दमयः सुखी ।
स्वच्छरूपो महामौनी वैदेही मुक्त एव सः ॥२८॥

બ્રહ્મરૂપ થયેલો હોઈ જે પુરુષ અત્યંત શાંત થયેલા મનવાળો, બ્રહ્મના આનંદમય, સુખી, સ્વચ્છ રૂપવાળો અને મહામૌનધારી હોય, તે વિદેહમુક્ત જ છે. ૨૮

ब्रह्मैवाहं चिदेवाहमेवं वाऽपि न चिन्त्यते ।
चिन्मात्रेणैव यस्तिष्ठेद् वैदेही मुक्त एव सः ॥२९॥

'હું બ્રહ્મ જ છું' અથવા 'હું ચૈતન્ય જ છું' આવો પણ વિચાર ન કરે, અને જે કેવળ ચૈતન્યરૂપે જ રહે, તે વિદેહમુક્ત જ છે. ૨૯

चैतन्यमात्रसंसिद्धः स्वात्मारामः सुखासनः ।
तुर्यतुर्यः परानन्दो वैदेही मुक्त एव सः ॥३०॥

માત્ર ચૈતન્યરૂપે જ સારી રીતે સિદ્ધ થયો હોય, પોતાના આત્મામાં જ રમણ કરતો હોય, સુખમાં જ સ્થિતિવાળો હોય અને ચોથી અવસ્થાના ચોથા આત્મારૂપ હોઈ પરમ આનંદનો અનુભવ કરતો હોય, તે વિદેહમુક્ત જ છે.

यस्य प्रपञ्चभानं न ब्रह्माकारमपीह न ।
अतीतातीतभावो यो वैदेही मुक्त एव सः ॥३१॥

જેને જગત જણાતું જ નથી, બ્રહ્મસ્વરૂપતા પણ જેની દૃષ્ટિએ નથી અને જે સર્વથી પર રહેલી વસ્તુથી પણ પર સ્વભાવવાળો થયો હોય તે વિદેહમુક્ત જ છે. ૩૧

चित्तवृत्तेरतीतो यश्चित्तवृत्त्यवभासकः ।
सर्ववृत्तिविहीनात्मा वैदेही मुक्त एव सः ॥३२॥

જે ચિત્તની વૃત્તિને ઓળંગી જઈ ચિત્તની વૃત્તિનો પ્રકાશક થયો હોય અને સર્વ વૃત્તિઓથી રહિત મનવાળો હોય, તે વિદેહમુક્ત જ છે. ૩૨

सर्वत्रैवाहमात्मास्मि परमात्मा परात्मकः ।
नित्यानन्दस्वरूपात्मा वैदेही मुक्त एव सः ॥३३॥

સર્વ સ્થળે હું જ આત્મા છું, પરમાત્મા છું, સર્વથી પર છું અને નિત્ય આનંદસ્વરૂપ છું આમ જે અનુભવે છે, તે વિદેહમુક્ત જ છે. ૩૩

जीवात्मा परमात्मेति चिन्तासर्वस्ववर्जितः ।
सर्वसंकल्पहीनात्मा वैदेही मुक्त एव सः ॥ ३४॥

'હું જીવાત્મા છું કે પરમાત્મા છું' આવા વિચારથી પણ સંપૂર્ણ રહિત થયો હોય (એટલે કે જેનું સ્વરૂપ સર્વ સંકલ્પોથી રહિત થયું હોય), તે વિદેહમુક્ત જ છે. ૩૪

आत्मज्ञेयादिहीनात्मा यत्किंचिदिदमात्मकः ।
भावाभावविहीनात्मा वैदेही मुक्त एव सः ॥ ३५॥

'આત્મા જ્ઞેય છે' ઇત્યાદિ ભાવનાથી પણ જે રહિત થયો હોય, 'જે આ કંઈ છે તે આત્મા છે' આવા ભાવવાળો બન્યો હોય, અથવા ભાવ કે અભાવથી રહિત થયો હોય, તે વિદેહમુક્ત જ છે. ૩૫

ॐकारवाच्यहीनात्मा सर्ववाच्यविवर्जितः ।
अवस्थात्रयहीनात्मा वैदेही मुक्त एव सः ॥ ३६॥

ૐકારના વાચ્યાર્થથી રહિત સ્વરૂપવાળો, બધાય વાચ્યાર્થથી રહિત અને ત્રણે અવસ્થાઓથી રહિત સ્વરૂપવાળો જ થયો હોય, તે વિદેહમુક્ત જ છે. ૩૬

ઉપસંહાર

विध्यङ्घ्रिर्बन्धमुग्गुल्फो ह्यविद्वद्द्वेयजङ्घकः ।
जगन्मिथ्याजानुदेशस्तूपदेशोरुदेशकः ॥
ब्रह्मात्मैक्यकटीदेशो विद्वन्मनननाभिकः ।
जीवन्मुक्त्याख्यदहरः स्वानुभूतिकरद्वयः ॥
स्वसमाधिस्कन्धदेशः स्वस्वरूपाख्यकन्धरः ।
फलभूतमहावाक्यफलौ वैदेहमस्तकः ॥
एवं विध्याद्यदेहान्तमहावाक्यकलेवरः ।
वस्तुतो निर्विशेषात्मा त्रिपान्नारायणोऽस्म्यहम् ॥

આ ગ્રંથનાં વિધિવાક્યો જેમના પગ છે, બંધમોક્ષવાક્યો જેના બન્ને પગની બે ઘૂંટીઓ છે, અવિદ્વન્નિંદાવાક્યો જેમની જાંઘ છે, જગતમિથ્યાવાક્યો જેમના ઢીંચણ છે, ઉપદેશવાક્યો જેમની સાથળો છે, જીવબ્રહ્મની એકતા જણાવનારાં વાક્યો જેમની કેડ છે, મનનવાક્યો જેમની નાભિ છે, જીવન્મુક્તિવાક્યો જેમનું હૃદય છે, સ્વાનુભૂતિવાક્યો જેમના બન્ને હાથ છે, સમાધિવાક્યો જેમની ખાંધ છે, આત્મસ્વરૂપવાક્યો જેમની ડોક છે, ફળવાક્યો જેમનું ફળ છે અને વિદેહમુક્તિવાક્યો જેમનું મસ્તક છે—એવા શ્રીનારાયણ જ આ ગ્રંથરૂપે છે. આ રીતે, વિધિવાક્યોથી માંડી વિદેહમુક્તિવાક્યો

સુધીનાં મહાવાક્યોરૂપી શ્રીનારાયણનું શરીર કેવળ કાલ્પનિક જ છે; ખરી રીતે તો શ્રીનારાયણનું સ્વરૂપ કેવળ અવયવો રહિત જ છે; છતાં તેમના ત્રણ પાદ માન્યા છે. (સુવિદ્યા પાદ, આનંદ પાદ અને તુરીય પાદ), એ ત્રણ પાદવાળા શ્રીનારાયણ તે હું જ છું.

यन्महावाक्यसिद्धान्तं मुक्तचित्तैकगोचरम् ।

वासुदेवेन्द्रसंज्ञं तं नौमि सर्वात्मकं महः ॥

વાસુદેવેન્દ્ર (આ ગ્રંથકારના ગુરુ) નામનું જે સર્વ-સ્વરૂપ તેજ છે, તે (આ ગ્રંથનાં) મહાવાક્યોના સિદ્ધાંત-રૂપ અને મુક્ત પુરુષોના ચિત્તમાં વસનારું છે; તેને હું (ગ્રંથકાર) સ્તવું છું.

ઇતિ 'શ્રીઈશાવાસ્ય' આદિ ૧૦૮ ઉપનિષદોના સારસંગ્રહ-રૂપ મહાવાક્યરત્નાવલિ સમાપ્ત

પરિશિષ્ટ

પ્રકરણ ૧ લું : વિધિ-વાક્યો

	શ્લોક કે વાક્ય ★	આધાર
૧	છાંદોગ્યોપનિષદ	૩-૧૪-૧
૨	બૃહદારણ્યકોપનિષદ	૧-૪-૧૦
૩	,,	૨-૪-૫
૪	સુબાલોપનિષદ	૧૩-૨
૫	વજ્રસૂચી ઉપનિષદ	૯
૬	પૈંગલોપનિષદ	૩-૧
૭	મંડલબ્રાહ્મણોપનિષદ	૫-૨
૮	પૈંગલોપનિષદ	૩-૧
૯	મહાવાક્યરત્નાવલિ	૧-૯
૧૦	નારદપરિવ્રાજકોપનિષદ	૩
૧૧	,, ,,	૭-૩
૧૨	મહાવાક્યરત્નાવલિ	૧-૧૨
૧૩	શાંડિલ્યોપનિષદ	૧-૫
૧૪	,,	૧-૭-૩૭
૧૫	કઠોપનિષદ	૩-૧૩
૧૬	બૃહદારણ્યક ઉપનિ૦	૪-૪-૧૨
૧૭	,,	૪-૪-૨૧
૧૮	ત્રિપુરાતાપિન્યુપનિષદ	૫-૧
૧૯	મૈત્રેય્યુપનિષદ	૧-૫
૨૦	તેજોબિંદૂપનિષદ	૧-૫૦
૨૧	,,	૬-૧૦૦

	શ્લોક કે વાક્ય ★	આધાર
૨૨	તેજોબિંદૂપનિષદ	૬
૨૩	પૈંગલોપનિષદ	૪-૧૭
૨૪	યાજ્ઞવલ્ક્ય ઉપનિષદ	૧૪
૨૫	મહોપનિષદ	૩-૨૧
૨૬	વરાહોપનિષદ	૨-૬૪
૨૭	કુંડિકોપનિષદ	૨૮
૨૮	બ્રહ્મવિદ્યોપનિષદ	૮૦
૨૯	,,	૨૯
૩૦	નારદપરિવ્ર.જકોપનિષદ	૩-૫૯
૩૧	,,	૪-૩૨
૩૨	,,	૩-૪૪
૩૩	,,	૪-૩૬
૩૪	યોગતત્ત્વોપનિષદ	૬૯-૭૧
૩૫	તેજોબિંદૂપનિષદ	૨૯
૩૬	,,	૩૦
૩૭	શાટ્યાયનીયોપનિષદ	૨૧
૩૮	,,	૫
૩૯	ત્રિશિખિબ્રાહ્મણોપનિષદ	૫૩
૪૦	વરાહોપનિષદ	૨-૮૩; ૪-૫૫
૪૧	શાંડિલ્યોપનિષદ	૧-૭-૩૭

પ્રકરણ ૨ જું : બંધ-મોક્ષવાક્યો

૧	મહાવાક્યરત્નાવલિ	૨-૧	૧૫	મહોપનિષદ	૪-૧૧૬
૨	,,	૨-૨	૧૬	,,	૫-૯૭
૩	નિરાલંબોપનિષદ	૨૧	૧૭	,,	૬-૭૭
૪	,,	૨૧	૧૮	,,	૪-૧૧૧
૫	,,	૨૧	૧૯	૧-સંન્યાસોપનિષદ	૨-૨૮
૬	,,	૨૧	૨૦	મહોપનિષદ	૫-૨
૭	,,	૨૧	૨૧	યોગશિખોપનિષદ	૬-૫૮
૮	,,	૨૧	૨૨	મુક્તિકોપનિષદ	૨-૬૮
૯	,,	૨૨	૨૩	મહોપનિષદ	૨-૪૧
૧૦	બ્રહ્મબિંદૂપનિષદ	૨	૨૪	,,	૨-૪૧
૧૧	પૈંગલોપનિષદ	૪-૨૦	૨૫	અન્નપૂર્ણોપનિષદ	૨-૨૩
૧૨	યોગચૂડામણિ ઉપનિષદ	૮૪	૨૬	,,	૨-૨૪
૧૩	મહોપનિષદ	૨-૭૦	૨૭	,,	૪-૫૬
૧૪	,,	૪-૪૮			

પ્રકરણ ૩ જું : આત્મતત્ત્વને નહિ જાણનારની નિંદા

૧	બૃહદારણ્યકોપનિષદ	૧-૪-૧૦	૮	તેજોબિંદૂપનિષદ	૧-૪૬
૨	નૃસિંહોત્તરતા૦ ઉપનિષદ	૮-૭	૯	પરમહંસોપનિષદ	૧૭-૨૯
૩	નિરાલંબોપનિષદ	૪૪	૧૦	મહોપનિષદ	૪-૮૯
૪	બૃહદારણ્યકોપનિષદ	૪-૪-૧૯	૧૧	વરાહોપનિષદ	૨-૫૭
૫	મૈત્રેય્યુપનિષદ	૨-૨૨	૧૨	મહોપનિષદ	૬-૨૩
૬	ધ્યાનબિંદૂપનિષદ	૧૩	૧૩	સંન્યાસોપનિષદ	૨-૩૦
૭	વરાહોપનિષદ	૨-૬			

પ્રકરણ ૪ થું : જગતને મિથ્યા જણાવનારાં વાક્યો

૧	ઐતરેયોપનિષદ	૧-૧	૫	મહાવાક્યરત્નાવલિ	૪-૫
૨	છાંદોગ્ય ઉપનિષદ	૬-૧-૪	૬	નૃસિંહોત્તરતા૦ ઉપનિષદ	૮-૭
૩	બૃહદારણ્યકોપનિષદ	૩-૪-૨	૭	મહાવાક્યરત્નાવલિ	૪-૭
૪	,,	૪-૩-૨૩	૮	,,	૪-૮

૯	,,	૪-૯	૨૧	તેજોબિંદૂપનિષદ	૬-૭૬
૧૦	આગમ પ્રકરણ	૧૭	૨૨	,,	૬-૭૪
૧૧	,,	૧૭	૨૩	,,	૬-૭૪
૧૨	,,	૧૮	૨૪	,,	૬-૭૫
૧૩	,,	૧૮	૨૫	,,	૬-૭૬
૧૪	મહોપનિષદ	૫-૫૮	૨૬	,,	૬-૮૦
૧૫	,,	૫-૧૮૪	૨૭	,,	૬-૮૧
૧૬	તેજોબિંદૂપનિષદ	૫-૭૫	૨૮	,,	૬-૮૪
૧૭	,,	૫-૩૧	૨૯	,,	૬-૮૬
૧૮	,,	૫-૩૨	૩૦	,,	૬-૯૯
૧૯	,,	૫-૩૩	૩૧	મહાવાક્યરત્નાવલિ	૪-૩૧
૨૦	,,	૫-૩૦	૩૨	,, ,,	૪-૩૨
			૩૩	તેજોબિંદૂપનિષદ	૬-૫૮

પ્રકરણ ૫ મું : ઉપદેશ-વાક્યો

૧	છાંદોગ્યોપનિષદ	૬-૮-૭	૧૬	અન્નપૂર્ણોપનિષદ	૫-૩૮
૨	બૃહદારણ્યકોપનિષદ	૪-૨-૪	૧૭	,,	૫-૬૫
૩	આરુણિકોપનિષદ	૩	૧૮	મહાવાક્યરત્નાવલિ	૫-૧૮
૪	છાંદોગ્યોપનિષદ	૬-૪-૭	૧૯	તેજોબિંદૂપનિષદ	૩-૧૯-૨૦
૫	પૈંગલોપનિષદ	૩-૧	૨૦	મહાવાક્યરત્નાવલિ	૫-૨૦
૬	કેનોપનિષદ	૧-૫	૨૧	અક્ષ્યુપનિષદ	૪૭
૭	કૈવલ્યોપનિષદ	૧૬	૨૨	અધ્યાત્મોપનિષદ	૫
૮	વરાહોપનિષદ	૪-૧૮	૨૩	તેજોબિંદૂપનિષદ	૬-૧૦૪
૯	,,	૪-૧૯	૨૪	અધ્યાત્મોપનિષદ	૭
૧૦	,,	૪-૨૦	૨૫	{ યાજ્ઞવલ્ક્યોપનિષદ વરાહોપનિષદ	૨ ૨-૪૭
૧૧	મહોપનિષદ	૪-૫૮	૨૬	વરાહોપનિષદ	૩-૬
૧૨	,,	૪-૯૩	૨૭	,,	૩-૭
૧૩	,,	૪-૧૦૯	૨૮	,,	૩-૮
૧૪	સંન્યાસોપનિષદ	૨-૧૨	૨૯	મહાવાક્યરત્નાવલિ	૫-૨૯
૧૫	અન્નપૂર્ણોપનિષદ	૨-૨૫	૩૦	,, ,,	૫-૩૦

પ્રકરણ ૬ ઠું : જીવ અને બ્રહ્મની એકતા જણાવનારાં વાક્યો

૧	તૈત્તિરીયોપનિષદ	૨–૮ ૩–૧૦–૪	૧૧	શુકરહસ્યોપનિષદ	૩–૫
			૧૨	,,	૩–૬
૨	નૃસિંહોત્તરતા૦ ઉપનિષદ	૯–૮	૧૩	,,	૫–૭
૩	પૈંગલોપનિષદ	૩–૧	૧૪	,,	૩–૮
૪	,,	૩–૧	૧૫	અધ્યાત્મોપનિષદ	૩૨
૫	,,	૩–૧	૧૬	યોગચૂડામણ્યુપનિષદ	૮૩
૬	મુંડકોપનિષદ	૩–૨–૭	૧૭	રામરહસ્યોપનિષદ	૫–૧૩
૭	શુકરહસ્યોપનિષદ	૩–૧	૧૮	,,	૫–૧૪
૮	,,	૩–૨	૧૯	આત્મોપનિષદ	૨૩
૯	,,	૩–૩	૨૦	૨–,,	૨૨
૧૦	,,	૩–૪			

પ્રકરણ ૭ મું : મનન-વાક્યો

૧	તૈત્તિરીયોપનિષદ	૩–૧૦–૬	૧૧	,,	૨૩
૨	,,	૩–૧૦ ૬	૧૨	આત્મપ્રબોધોપનિષદ	૨૪
૩	બૃહદારણ્યકોપનિષદ	૧–૪–૧૦	૧૩	,,	૩૦
૪	છાંદોગ્યોપનિષદ	૫–૨–૬	૧૪	સર્વસારોપનિષદ	૬
૫	જાબાલદર્શનોપ૦	૧૦–૬–૭	૧૫	મૈત્રેય્યુપનિષદ	૧–૧૨
૬	શુકરહસ્યોપનિષદ	૩–૯	૧૬	અવધૂતોપનિષદ	૨૪–૨૫
૭	આત્મપ્રબોધોપનિષદ	૨૦	૧૭	મહોપનિષદ	૫–૫૮–૫૯
૮	,,	૧૯	૧૮	અન્નપૂર્ણોપનિષદ	૫–૫૭–૫૯
૯	,,	૨૧	૧૯	,,	૫–૯૨
૧૦	,,	૨૨	૨૦	વરાહોપનિષદ	૨–૧૧
			૨૧	,,	૨–૩૫

પ્રકરણ ૮ મું : જીવન્મુક્તિવાક્યો

૧	છાંદોગ્યોપનિષદ	૮–૧૨–૩	૫	નિરાલંબોપનિષદ	૩૨
૨	,,	૭–૨૫-૨	૬	મંડલબ્રાહ્મણોપનિષદ	૧–૫
૩	નૃસિંહોત્તરતા૦ ઉપનિષદ	૬–૩	૭	ત્રિપાદ્વિભૂતિનારા૦ ઉપ૦	૨–૧
૪	સુબાલોપનિષદ	૧૩–૧	૮	મંડલબ્રાહ્મણોપનિષદ	૨–૬

૯	મંડલબ્રાહ્મણોપનિષદ	૩–૧–૨	૩૯	મહોપનિષદ	૪–૩૫
૧૦	પરમહંસપરિ૦ ઉપનિષદ	૧૧	૪૦	,,	૨–૪૪
૧૧	મહાવાક્યરત્નાવલિ	૮–૧૧	૪૧	,,	૨–૪૫
૧૨	મુંડકોપનિષદ	૩–૪	૪૨	,,	૨–૫૦
૧૩	તેજોબિંદૂપનિષદ	૧–૪૭	૪૩	,,	૨–૫૩
૧૪	નારદપરિવ્રાજકોપ૦	૩·૪૪-૫૨	૪૪	,,	૨–૫૭
૧૫	,,	૩–૪	૪૫	,,	૨–૫૮
૧૬	,,	૫–૧૬	૪૬	,,	૨–૫૯
૧૭	,,	૫–૧૭–૨૫	૪૭	મહાવાક્યરત્નાવલિ	૮–૪૭
૧૮	મહાવાક્યરત્નાવલિ	૮–૧૮	૪૮	અધ્યાત્મોપનિષદ	૧૨
૧૯	મહોપનિષદ	૪–૩૬	૪૯	,,	૪૪
૨૦	,,	૪–૪૧	૫૦	,,	૪૫
૨૧	અન્નપૂર્ણોપનિષદ	૫–૪૯	૫૧	,,	૪૬
૨૨	,,	૫–૫૦	૫૨	,,	૪૭
૨૩	,,	૪–૧૨	૫૩	વરાહોપનિષદ	૪–૨૧
૨૪	,,	૫–૯૬	૫૪	,,	૪–૨૨
૨૫	અક્ષ્યુપનિષદ	૩૯	૫૫	,,	૪–૨૩
૨૬	૨–આત્મોપનિષદ	૧૨	૫૬	,,	૪–૨૪
૨૭	૨– ,;	૧૩	૫૭	,,	૪–૨૫
૨૮	૨– ,,	૧૪	૫૮	,,	૪–૨૬
૨૯	મહોપનિષદ	૨–૪૭	૫૯	,,	૪–૨૭
૩૦	મુક્તિકોપનિષદ	૨–૨૦	૬૦	,,	૪–૨૮
૩૧	પાશુપતબ્રહ્મોપનિષદ	૨૯	૬૧	,,	૪–૨૯
૩૨	,,	૪૩	૬૨	,,	૪–૩૦
૩૩	,,	૪૪	૬૩	,,	૨–૬૧
૩૪	મુક્તિકોપનિષદ	૨–૧૯	૬૪	તેજોબિન્દૂપનિષદ	૪–૧
૩૫	અવધૂતોપનિષદ	૧–૧	૬૫	,,	૪–૨
૩૬	,,	૧–૨	૬૬	,,	૪–૩
૩૭	,,	૧–૬	૬૭	મહાવાક્યરત્નાવલિ	૮–૬૭
૩૮	મહોપનિષદ	૨–૨૭	૬૮	,, ,,	૮–૬૮

પ્રકરણ ૯ મું : સ્વાનુભવ-વાક્યો

પ્રકરણ ૧૦ મું : સમાધિવાક્યો

૨૦	અન્નપૂર્ણોપનિષદ	૧–૪૯	૨૫	મુક્તિકોપનિષદ	૨–૫૩
૨૧	,,	૧–૫૦	૨૬	,,	૨–૫૪
૨૨	વરાહોપનિષદ	૨–૭૫	૨૭	મહાવાક્યરત્નાવલિ	૧૦–૨૭
૨૩	સૌભાગ્યલક્ષ્મી ઉપનિષદ	૧૬	૨૮	મુક્તિકોપનિષદ	૨–૫૫
૨૪	,, ,,	૧૭	૨૯	,,	૨–૫૬

પ્રકરણ ૧૧ મું : જુદાં જુદાં લિંગવાળાં સ્વરૂપવાક્યો

૧	કેનોપનિષદ	૧–૨	૧૩	,,	૨–૧૬
૨	છાંદોગ્યોપનિષદ	૭–૨૩–૧	૧૪	,,	૨–૧૭
૩	,,	૭–૨૪–૧	૧૫	,,	૨–૧૭
૪	બૃહદારણ્યકોપ૦	૨–૩–૬	૧૬	,,	૨–૧૨
			૧૭	,,	૨–૧૩
૫	,,	૩–૯–૨૮	૧૮	,,	૨–૧૯
૬	ઈશાવાસ્યોપ૦	૮	૧૯	,,	૨–૨૦
૭	આગમ પ્રકરણ	૨૬	૨૦	,,	૨–૨૫–૨૬
૮	૨–આત્મોપનિષદ	૩૧	૨૧	,,	૨–૩૧
૯	તેજોબિન્દૂપનિષદ	૨–૩	૨૨	,,	૨–૩૨
૧૦	,,	૨–૭	૨૩	,,	૨–૩૩
૧૧	,,	૨–૧૪	૨૪	,,	૫–૧૭–૧૮
૧૨	,,	૨–૮	૨૫	,,	૫–૧૯–૨૦

પ્રકરણ ૧૨ મું : પુરુષલિંગ સ્વરૂપવાક્યો

૧	પ્રશ્નોપનિષદ	૬–૫	૧૦	નૃસિંહોત્તર૦ ઉપ૦	૮–૧
૨	માંડૂક્યોપનિષદ	૭	૧૧	,,	૯
૩	નૃસિંહોત્તરતાપિન્યુપ૦	૨–૭	૧૨	,,	૯
૪	છાંદોગ્યોપનિષદ	૭–૨૪–૧	૧૩	ત્રિપાદ્વિભૂતિમહા૦ ઉ૦	૧–૫
૫	બૃહદારણ્યકોપનિષદ	૩–૯–૨૬	૧૪	ભસ્મજાબાલોપનિષદ	૨–૭
૬	,,	૪–૫–૧૩	૧૫	મુંડકોપનિષદ	૨–૧–૨
૭	હંસોપનિષદ	૨	૧૬	આગમ પ્રકરણ	૧૦
૮	મૈત્રાયણ્યુપનિષદ	૨–૪	૧૭	,,	૨૬
૯	નૃસિંહોત્તર૦ ઉપનિષદ	૨–૧	૧૮	,,	૨૯

૧૯	શ્વેતાશ્વતર ઉપનિષદ	૬–૧૧	૨૪	તેજોબિન્દૂપનિષદ	૫–૬
૨૦	તેજોબિન્દૂપનિષદ	૫–૨	૨૫	,,	૫–૭
૨૧	,,	૫–૩	૨૬	મહાવાક્યરત્નાવલિ	૧૨–૨૬
૨૨	,,	૫–૪	૨૭	મહોપનિષદ	૬–૮૦
૨૩	,,	૫–૫	૨૮	પાશુપતબ્રહ્મોપ૦	૧૮

પ્રકરણ ૧૩ મું : સ્ત્રીલિંગ સ્વરૂપવાક્યો

૧	મહાવાક્યરત્નાવલિ	૧૩–૧	૬	,,	૫–૧૦૨
૨	બહ્વૃચોપનિષદ	૨	૭	,,	૫–૧૦૩
૩	,,	૨	૮	અન્નપૂર્ણોપનિષદ	૫–૫૫
૪	મહોપનિષદ	૫–૧૦૦	૯	મહાવાક્યરત્નાવલિ	૧૩–૯
૫	,,	૫–૧૦૧	૧૦	,,	૧૩–૧૦

પ્રકરણ ૧૪ મું : નપુંસકલિંગ સ્વરૂપવાક્યો

૧	કેનોપનિષદ	૧–૩	૧૮	મૈત્રેય્યુપનિષદ	૧–૯
૨	મુંડકોપનિષદ	૧–૬	૧૯	,,	૧–૧૦
૩	છાંદોગ્યોપનિષદ	૬–૨–૧	૨૦	યોગશિખોપનિષદ	૧–૫
૪	બૃહદારણ્યકોપનિષદ	૩–૮–૮	૨૧	મહોપનિષદ	૨–૬૬
૫	મહાવાક્યરત્નાવલિ	૧૪–૫	૨૨	,,	૨–૬૮
૬	નૃસિંહોત્તર૦ ઉપનિષદ	૯	૨૩	,,	૪–૧૧૮
૭	મંડલબ્રાહ્મણોપનિષદ	૪–૧	૨૪	,,	૫–૪૫
૮	મુદ્‌ગલોપનિષદ	૪–૧	૨૫	,,	૫–૪૬
૯	મહાવાક્યરત્નાવલિ	૧૪–૯	૨૬	,,	૫–૪૮
૧૦	,, ,,	૧૪–૧૦	૨૭	યોગશિખોપનિષદ	૨–૧૭
૧૧	,, ,,	૧૪–૧૧	૨૮	,,	૩–૧૮
૧૨	,, ,,	૧૪–૧૨	૨૯	,,	૩–૨૧
૧૩	કઠોપનિષદ	૩–૧૫	૩૦	અધ્યાત્મોપનિષદ	૬૧
૧૪	મુંડકોપનિષદ	૨–૧–૨	૩૧	,,	૬૨
૧૫	,,	૩–૭	૩૨	તેજોબિન્દૂપનિષદ	૬–૭૦
૧૬	શ્વેતાશ્વતરોપનિષદ	૧–૧૨	૩૩	મહોપનિષદ	૫–૫૩
૧૭	અમૃતનાદોપનિષદ	૨૫			

પ્રકરણ ૧૫ મુ઼ં: આત્મસ્વરૂપવાક્યો

૧	છાંદોગ્યોપનિષદ	૮–૧૪–૧
૨	બૃહદારણ્યકોપ૦	૨–૪–૬
		૪–૫–૭
૩	નૃસિંહોત્તર૦ ઉપનિષદ	૧–૫
૪	,,	૨–૫
૫	,,	૨–૬
૬	,,	૨–૭
૭	,,	૨–૭
૮	નિરાલંબોપ૦	૯
૯	તેજોબિન્દૂપનિષદ	૨–૬
૧૦	મહાવાક્યરત્નાવલિ	૧૫–૧૦
૧૧	બૃહદારણ્યકોપ૦	૪–૪–૨૦
૧૨	શ્વેતાશ્વત ઉ૦	૬–૧૧
	બ્રહ્મોપનિષદ	૧૬
૧૩	નાદબિંદૂપનિષદ	૪૦
૧૪	ધ્યાનબિંદૂપનિષદ	૮
૧૫	મહાવાક્યરત્નાવલિ	૧૫–૧૫
૧૬	અન્નપૂર્ણોપનિષદ	૨–૩૪
૧૭	જાબાલદર્શનોપ૦	૧૦–૨;
	અન્નપૂર્ણોપનિષદ	૫–૭૫
૧૮	તારસારોપનિષદ	૨–૫
૧૯	તેજોબિન્દૂપનિષદ	૫–૧
૨૦	,,	૫–૭
૨૧	,,	૪–૭૫
૨૨	,,	૪–૭૬–૭૭
૨૩	,,	૪–૭૭–૭૮
૨૪	,,	૪–૫
૨૫	,,	૪–૬
૨૬	,,	૪–૩૬
૨૭	,,	૪–૪૩
૨૮	,,	૪–૪૫
૨૯	,,	૪–૪૮
૩૦	,,	૪–૪૯
૩૧	તેજોબિન્દૂપનિષદ	૪–૫૧
૩૨	,,	૪–૬૫
૩૩	,,	૪–૬૬
૩૪	,,	૪–૬૮
૩૫	,,	૫–૮
૩૬	,,	૫–૯–૧૦

પ્રકરણ ૧૬ મુ઼ં : સર્વસ્વરૂપવાક્યો

૧	છાંદોગ્યોપનિષદ	૨–૨૪–૪
૨	,,	૭–૨૫–૧
૩	,,	૭–૨૫–૧
૪	,,	૭–૨૫–૨
૫	બૃહદારણ્યકોપનિષદ	૨–૫–૧
૬	,,	૫–૩–૧
૭	નારાયણ પૂર્વ૦ ઉપનિષદ	૫–૬
	,, ઉત્તર૦ ઉ૦	૧–૫
૮	નૃસિંહોત્તર૦ ઉપનિષદ	૭–૩
૯	,,	૯–૬
૧૦	ત્રિપાદ્વિભૂતિમહા૦ ઉ૦	૮–૧
૧૧	કૈવલ્યોપનિષદ	૧૧
૧૨	અધ્યાત્મોપનિષદ	૨૦

૧૩	મહોપનિષદ	૪–૮૪
	વરાહોપનિષદ	૨–૭૨
૧૪	તેજોબિન્દૂપનિષદ	૨–૨૫
૧૫	,,	૨–૨૭
૧૬	,,	૨–૨૮
૧૭	,,	૨–૨૯
૧૮	,,	૨–૩૯
૧૯	,,	૨–૪૧
૨૦	,,	૬–૪૬
૨૧	,,	૬–૪૭
૨૨	,,	૬–૩૯
૨૩	મહોપનિષદ	૪–૧૧૯
૨૪	,,	૬–૧૨
૨૫	તેજોબિન્દૂપનિષદ	૬–૪
૨૬	મહોપનિષદ	૬–૧૧
૨૭	મહાવાક્યરત્નાવલિ	૧૬–૨૭
૨૮	તેજોબિન્દૂપ ષદ	૬–૧૦૫
૨૯	,,	૬–૧૦૬
૩૦	યોગશિખોપનિષદ	૪–૧૮
૩૧	તેજોબિન્દૂપનિષદ	૬–૪૭
૩૨	,,	૬–૪૮
૩૩	,,	૬–૪૮
૩૪	,,	૬–૪૨
૩૫	મહોપનિષદ	૪–૯

પ્રકરણ ૧૭ મુ઼ં : બ્રહ્મસ્વરૂપવાક્યો

૧	રાધોપનિષદ;	૨–૨;
	માંડૂક્યોપ૦ ૨; રામોપ૦	૨–૧;
	નૃસિંહ પૂ.ઉ. ૪–૨; નૃ૦ ઉ૦	૧–૨;
	ગણેશોપ૦	૧–૧
૨	માંડૂક્યો પ૦ ૨; નૃ૦ પૂ૦ ઉ.	૪–૨;
	નૃસિંહોત્તર૦ ઉ૦	૧–૨;
	શુકરહસ્યોપ૦ ૨–૪; રામોપ૦	૨–૧;
	ગણેશોપાનષદ	૫–૬
૩	તૈત્તિરીયોપનિષદ	૨–૧–૧
૪	ઐતરેયોપનિષદ	૫–૩
૫	બૃહદારણ્યકોપ૦	૨–૫–૧૯
૬	,,	૩–૯–૩૪
૭	,,	૪–૪–૨૫
૮	નારાયણોપનિષદ	૪
૯	અથર્વશિખોપનિષદ	૩
૧૦	નૃસિંહોત્તર૦ ઉપનિષદ	૮–૭
૧૧	મહોપનિષદ	૯–૬
૧૨	સર્વસારોપનિષદ–વાક્ય	૨૮
૧૩	નિરાલંબોપનિષદ	૫
૧૪	પૈંગલોપનિષદ	૧–૧
૧૫	યોગચૂડામણ્યુપ૦	૭૨
૧૬	અદ્વયતારકોપનિષદ	૨
૧૭	પૈંગલોપનિષદ	૧–૧
૧૮	ત્રિપાદ્વિભૂતિમહા૦ ઉ૦	૭
૧૯	મહાવાક્યરત્નાવલિ	૧૭–૧૯
૨૦	,, ,,	૧૭–૨૦
૨૧	ત્રિપાદ્વિભૂતિમહા૦ ઉ૦	૧–૩
૨૨	,,	૧–૪
૨૩	,,	૧–૫
૨૪	,,	૧–૭
૨૫	,,	૧–૮
૨૬	,,	૧–૯

૨૭	ત્રિપાદ્વિભૂતિમહા૦ ઉ૦	૧–૧૦
૨૮	,,	૧–૧૧
૨૯	,,	૧–૧૪
૩૦	,,	૧–૧૫
૩૧	ત્રિપાદ્વિભૂતિમહા૦ ઉ૦	૧–૧૭
૩૨	,,	૧–૧૮
૩૩	મહાવાક્યરત્નાવલિ	૧૭–૩૩
૩૪	,, ,,	૧૭–૩૪
૩૫	સૂર્યોપનિષદ	૫
૩૬	ધ્યાનબિન્દૂપનિષદ	૯
૩૭	મુંડકોપનિષદ	૨–૨–૧૧
૩૮	બ્રહ્મબિંદૂપનિષદ	૮
૩૯	શુકરહસ્યોપનિષદ	૩–૨
૪૦	,,	૩–૮
૪૧	તેજોબિંદૂપનિષદ	૧–૧૪
૪૨	,,	૨–૩૫
૪૩	,,	૨–૪૧
૪૪	મહાવાક્યરત્નાવલિ	૧૭–૪૪
૪૫	પ્રણવોપનિષદ	૧૩
૪૬	મહાવાક્યરત્નાવલિ	૧૭–૪૬
૪૭	,,	૧૭–૪૭
૪૮	યોગશિખોપનિષદ	૨–૧૬
૪૯	,,	૩–૧૬
૫૦	અન્નપૂર્ણોપનિષદ	૫–૧૦
૫૧	,,	૫–૪૮
૫૨	અધ્યાત્મોપનિષદ	૬૩
૫૩	પાશુપતબ્રહ્મોપનિષદ	૩૨
૫૪	અન્નપૂર્ણોપનિષદ	૪–૨૭
૫૫	મહાવાક્યરત્નાવલિ	૧૭–૫૫
૫૬	,,	૧૭–૫૬
૫૭	કઠરુદ્રોપનિષદ	૨૨
૫૮	કઠરુદ્રોપનિષદ	૨૭
૫૯	વરાહોપનિષદ	૨–૨૦
૬૦	{ રુદ્રહૃદયોપનિષદ	૨૬
	અન્નપૂર્ણોપનિષદ	૪–૨૯
૬૧	વરાહોપનિષદ	૨–૧૯
૬૨	,,	૨–૭૨
૬૩	,,	૨–૭૨
૬૪	તેજોબિન્દૂપનિષદ	૬–૪૯
૬૫	,,	૬–૪૯
૬૬	,,	૬–૫૦
૬૭	,,	૬–૫૧
૬૮	,,	૬–૭૨
૬૯	રામરહસ્યોપનિષદ	૫–૭૨
૭૦	વાસુદેવોપનિષદ	૮
૭૧	અન્નપૂર્ણોપનિષદ	૫–૨૧
૭૨	,,	૫–૧૧૨
૭૩	અધ્યાત્મોપનિષદ	૨૧
૭૪	રામરહસ્યોપનિષદ	૧–૬
૭૫	તેજોબિન્દૂપનિષદ	૩–૨૬
૭૬	{ અન્નપૂર્ણોપનિષદ	૫–૭૨;
	શિવસંકલ્પોપનિષદ	૩૦
	જાબાલદર્શનોપનિષદ	૯–૧–૨
૭૭	અન્નપૂર્ણોપનિષદ	૫–૨૦
૭૮	આત્મોપનિષદ	૧–૩
૭૯	તેજોબિન્દૂપનિષદ	૬–૩૫–૩૯

પ્રકરણ ૧૮ મું : અવશિષ્ટવાક્યો

૧	મહાવાક્યરત્નાવલિ	૧૮–૧
૨	,,	૧૮–૨
૩	બૃહદારણ્યકોપ૦	૫–૧–૧
૪	{ ત્રિપાદ્વિભૂતિ મહા૦ ઉ૦	૪–૮
	શુકરહસ્યોપ૦	૩–૧૨
૫	મહોપનિષદ	૨–૬૫
૬	,,	૪–૫૩
૭	મુંડકોપનિષદ	૪–૫૫
૮	મહોપનિષદ	૬–૩
૯	,,	૬–૪
૧૦	,,	૬–૨
૧૧	સંન્યાસોપનિષદ	૨–૨૭
૧૨	,,	૨–૨૮
૧૩	અન્નપૂર્ણોપનિષદ	૧–૪૪
૧૪	,,	૨–૩૨
૧૫	શાંડિલ્યોપ૦	૧–૭–૨૩
૧૬	અન્નપૂર્ણોપનિષદ	૨–૩૩
૧૭	,,	૫–૩૬
૧૮	બહ્વૃચોપનિષદ	૩
૧૯	કઠરુદ્રોપનિષદ	૪૬
૨૦	પૈંગલોપનિષદ	૩–૪

પ્રકરણ ૧૯ મું : ફલ-વાક્યો

૧	રુદ્રહૃદયોપનિષદ	૫૨
૨	,,	૫૨
૩	તૈત્તિરીયોપનિષદ	૨–૧–૧
૪	છાંદોગ્યોપનિષદ	૨–૨૩–૧
૫	,,	૭–૧–૩
૬	મહાવાક્યરત્નાવલિ	૧૯–૬
૭	કૌષીતકિ બ્રા૦ ઉ૦	૧–૪
૮	સુબાલોપનિષદ	૯
૯	નારદપરિવ્રાજકોપ૦	૩–૮૬
૧૦	,,	૯–૧
૧૧	નૃસિંહપૂર્વતાપિન્યુ૦પ૦	૧–૬
૧૨	કઠોપનિષદ	૩–૧૫
૧૩	,,	૬–૮
૧૪	મુંડકોપનિષદ	૩–૧–૩
૧૫	,,	૨–૧–૧૦
૧૬	,,	૨–૨–૮
૧૭	,,	૩–૨–૮
૧૮	કૈવલ્યોપનિષદ	૧૧
૧૯	બ્રહ્મબિંદૂપનિષદ	૮
૨૦	પૈંગલોપનિષદ	૪–૧૩
૨૧	યોગતત્ત્વોપનિષદ	૧૦૮
૨૨	મહોપનિષદ	૪–૮૮
૨૩	,,	૪–૯૧
૨૪	નારદપરિવ્રાજકોપ૦	૩–૫૧
૨૫	પૈંગલોપનિષદ	૪–૧૪
૨૬	અન્નપૂર્ણોપનિષદ	૫–૯૪
૨૭	વરાહોપનિષદ	૨–૧૩
૨૮	,,	૨–૨૦
૨૯	મુક્તિકોપનિષદ	૨–૧૮
૩૦	,,	૨–૬૪

પ્રકરણ ૨૦ મું : વિદેહમુક્તિ-વાક્યો

૧	કઠોપનિષદ	૫-૧	૧૯	,,	૪-૧૯
૨	મુંડકોપનિષદ	૩-૨-૯	૨૦	,,	૪-૧૯-૨૧
૩	બૃહદારણ્યકોપનિષદ	૪-૪-૬	૨૧	આત્મોપનિષદ	૨૦
૪	,,	૪-૪-૭	૨૨	વરાહોપનિષદ	૨-૬૯
૫	નૃસિંહોત્તરતાપિ૦ ઉ૦	૭-૧	૨૩	વરાહોપનિષદ	૨-૬૭-૬૮
૬	સુબાલોપનિષદ	૨-૨	૨૪	યોગકુંડલિન્યુપ૦	૩-૨૧-૨૩
૭	પૈંગલોપનિષદ	૩-૪	૨૫	તેજોબિંદૂપ૦	૪-૪૦
૮	મુક્તિકોપનિષદ	૨-૧	૨૬	,,	૪-૪૧-૪૨
૯	કઠોપનિષદ	૬-૧૪	૨૭	,,	૪-૪૬
૧૦	મુંડકોપનિષદ	૩-૨-૬	૨૮	,,	૪-૩૩
૧૧	શ્વેતાશ્વતરોપનિષદ	૧-૧૦	૨૯	,,	૪-૩૬-૩૭
૧૨	પૈંગલોપનિષદ	૩-૭	૩૦	,,	૪-૪૭-૪૮
૧૩	અન્નપૂર્ણોપનિષદ	૩-૧૯-૨૩	૩૧	,,	૪-૫૧-૫૩
૧૪	,,	૩-૧૮	૩૨	,,	૪-૫૩-૫૪
૧૫	,,	૨-૨૦	૩૩	,,	૪-૬૨
૧૬	,,	૩-૨૪	૩૪	,,	૪-૬૫-૬૮
૧૭	મહોપનિષદ	૨-૭૭	૩૫	,,	૪-૭૯
૧૮	અન્નપૂર્ણોપનિષદ	૪-૨૪	૩૬	,,	૪-૭૮